
# પ્રેમ પ્રભુનું ધામ



# પ્રેમ પ્રભુનું ધામ

લેખક

પં. શ્રીરામ શર્મા આચાર્ય

પ્રકાશક :

**યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ**

**ગાયત્રી તપોભૂમિ, મથુરા.**

ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

પ્રાપ્તિ સ્થાન :

શાખા અમદાવાદ

ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી,

જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩

ફોન ૦૭૯-૨૭૫૫૭૨૫૨

**૨૦૧૦**

**કિંમત રૂા. ૧૩.૦૦**

# અનુક્રમણિકા


| અનુ.નં. | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧. | ભૂમિકા | ૩ |
| ૨. | પ્રેમ છે જીવનજ્યોતિ | ૫ |
| ૩. | પ્રેમપંથમાં ધર્મ સહારો | ૭ |
| ૪. | જા ઘટ પ્રેમ ન સંચરે | ૧૧ |
| ૫. | સિયારામમય સબ જગ જાની | ૧૩ |
| ૬. | એક પ્રેમ વડે જગનું નિર્માણ થયું | ૧૬ |
| ૭. | પ્રભુ પાષાણ તો નથી જ ને... | ૨૨ |
| ૮. | સાચા પ્રેમનું બંધન | ૨૬ |
| ૯. | સર્વદેવ નમસ્કારં કેશવં પ્રતિ ગચ્છતિ | ૩૨ |
| ૧૦. | પ્રેમ જ જીવન, પ્રેમ જ ઈશ્વર | ૩૮ |
| ૧૧. | પ્રેમ રંજા રસ આઢે ચદરિયા | ૪૪ |
| ૧૨. | રિક્ત જીવનની તૃપ્તિ પ્રેમ | ૪૮ |
| ૧૩. | પ્રેમની ધારા વહે કણ-કણમાં | ૫૩ |
| ૧૪. | દ્વાર પ્રેમનાં ખોલ હૃદયમાં | ૫૫ |
| ૧૫. | લહેરાય પ્રેમનો સાગર | ૫૭ |
| ૧૬. | પ્રેમ છે મૌન સાધના | ૬૪ |
| ૧૭. | રાષ્ટ્રપ્રેમી સંત | ૭૦ |

# ભૂમિકા

ભક્તિ પણ અજીબ છે. શ્રદ્ધાન્વિત હૃદયથી કોઈ જ્યારે ભક્તિના પવિત્ર પથ ઉપર પોતાની જાતે આગળ વધે છે ત્યારે એવું લાગે છે કે જાણે વહેલી સવારમાં ક્યાંક દૂર મંદિરની પવિત્ર દેરીમાંથી તન-મનને આચ્છાદિત કરતો કોઈ એક રાગ ઝંકૃત થઈ ઊઠ્યો છે. તે રાગને સાંભળીને ભક્તિભર્યા હૃદયથી ઇન્દ્રિય સામર્થ્ય જે વ્યક્ત કરી શકે છે તેને આપણે પ્રાણ કહીએ છીએ. તે રાગનો દરેક શબ્દ ભક્તની પ્રેરણા થઈ ઊઠે છે. કોઈ એક દેવાલયમાં મૂકવામાં આવેલી પાષાણ ખંડમાંથી કંડારેલી દેવપ્રતિમા ઈશ્વર બની જાય છે અને ધરતી, ધરતીમાતા બની જાય છે. દરેક મનુષ્ય, જીવ-જંતુમાં ઈશ્વરનો અંશ એવો આત્મા દેખાવા લાગે છે, અને ત્યારે દુનિયાના લોકો તેને વૈરાગી કહે છે, તેને જોગી થઈ ગયો કહે છે; તેણે પ્રેમ અને સ્નેહના રાહ ઉપર ચાલવાનું શીખી લીધું છે અને ત્યારે તે યોગીના મુખમાંથી જે શબ્દો નીકળે છે તેમાં એ ભાવ હોય છે –

**"સિયારામમય સબ જગ જાની,**
**કરહૂં પ્રણામ જોરિ જુગ પાની."**

વાસ્તવમાં જે યોગી થઈ ગયો છે તેના માટે પ્રેમ એ એકાત્મનો અનુભવ છે. એવો અનુભવ જેમાં પોતાના અને પારકાનો ભેદ, અડચણો અને મુશ્કેલીઓ નષ્ટ થઈ ગયાં તથા જે અન્ય છે, બીજું જે કાંઈ છે, પારકું છે, તે દરેક ઊર્જા છે, આત્મા છે, તે બધી ભેગી થઈને સંયુક્ત થઈ ગઈ એથી આગળ વધીને યોગી પ્રેમમાં જે અનુભવ કરે છે તે એ છે કે પોતાની અને પરમાત્મ સત્તા વચ્ચેનું તમામ અંતર દૂર થઈ ગયું. તેનો પ્રાણ એક થઈ ગયો અને આવું જ જો આપણા સૌના હૃદયમાં ફલિત થઈ જાય, આપણે આપણી અંદરથી, આપણા અંતરાત્માથી એક થઈ જઈએ, ત્યારે એક સંગીત, એક ધારા, એક પ્રાણ જેવું કંઈક વહેશે, તો આ અનુભવ એ પ્રેમ છે. આવું જો આખી દુનિયાના લોકો અને આપણી વચ્ચે જો બની જાય તો જે અનુભવ થાય છે, તે છે પરમાત્મ મિલનનો.

**"સર્વદેવ નમસ્કારં કેશવં પ્રતિગચ્છતિ."**

પ્રેમથી પરિપૂર્ણ જીવન એક એવું વૃક્ષ બની જાય છે, જેની શાખાઓ

અનંત સુધી ફેલાયેલી હોય છે. તે સૌને પોતાનો છાંયો આપીને ખુશ થાય છે, પોતે પોતાને ધન્ય સમજે છે. પ્રેમથી પરિપૂર્ણ જીવનની ધન્યતા એક જ હોય છે, તે છે જે કાંઈ પોતાની પાસે છે તે લૂંટાવી દેવાની, બધું જ વહેંચી દેવાની અને જ્યારે તે વહેંચી દે છે, લૂંટાવી દે છે ત્યારે આનંદિત થઈ ઊઠે છે. તે જીવનની સંપૂર્ણ તૃપ્તિ પ્રાપ્ત કરી લે છે, બધો જ આનંદ જાણે તેની ઝોળીમાં સમાઈ જાય છે, ત્યારે આનંદ અને ખુશીનું એક સંગીતમય ઝરણું વહેવા લાગે છે, ઈશ્વરની માફક. વાસ્તવમાં પ્રેમ તો એક સીડી છે અને પરમાત્મા તે સીડીનું અંતિમ લક્ષ. પ્રેમ શરૂઆત છે, પરમાત્મા અંત છે. જે પ્રેમમાં દીક્ષિત થઈ જાય છે, પ્રેમમાં વિકસિત થઈ જાય છે, જે શ્વાસમાં પ્રેમ ચાલે છે, પ્રેમ જેનો શ્વાસ બની જાય છે, પ્રેમ જેના અણુઅણુમાં છવાઈ જાય છે, ગંગાજળના એક ટીપાની માફક અને જે પ્રેમની ગંગાના પ્રવાહમાં તરવા લાગે છે, આગળ વધવા લાગે છે, તો એક દિવસ એવો આવશે કે પ્રેમની જે ગંગામાં તે તરી રહ્યો હતો, તે ગંગા હવે કિનારો છોડી રહી છે અને સાગર થઈ રહી છે. આવી રીતે તરતાં-તરતાં તેને અનુભૂતિ થાય છે કે ગંગાના કિનારા સમાપ્ત થઈ ગયા અને અનંત સાગર લહેરાઈ રહ્યો છે અને આવી જ રીતે જે દિવસે પ્રેમના કિનારા છૂટી જશે, પોતાનાં-પારકાનાં ભેદ, આવરણો દૂર થાય છે, તે જ દિવસે પ્રેમ પરમાત્મા બની જાય છે.

## પ્રેમ પ્રભુનું ધામ

વાસ્તવમાં મારા જીવનની સંધ્યાએ જ્યારે મેં ભૂતકાળમાં અને મારા ૮૭ વર્ષના લાંબા જીવનની ઊંચી નીચી પગદંડીઓમાં ઊંડાણપૂર્વક જોયું ત્યારે એ સ્પષ્ટ થયું કે જો ઈશ્વરનું વાસ્તવિક સ્વરૂપ જોવું હોય તો સમસ્ત સૃષ્ટિને સત્યમ્, શિવમ્, સુંદરમ્‌ની દૃષ્ટિને નજરમાં રાખીને જોવું પડશે. તે જેવી પણ છે, તેનો તેના તેવા જ સ્વરૂપમાં સ્વીકાર કરવાથી, તેને જ પ્રેમ કરવાથી જીવનની તૃપ્તિ સંભવ છે. આ પુસ્તક પૂજ્ય ગુરુદેવના એવા જ દુર્લભ લેખોનું અનોખું સંકલન છે, આને તમારી સમક્ષ રજૂ કરતાં હું મારી માર્ગદર્શક સત્તા પૂજ્ય ગુરુદેવ અને વંદનીય માતાજીના પ્રત્યે નતમસ્તક છું.

# પ્રેમ છે જીવનજ્યોતિ

કોઈ એક મનુષ્યની પાસે અન્યને આપવા યોગ્ય જો કોઈ સૌથી અધિક ઉત્કૃષ્ટ અને મહત્ત્વપૂર્ણ વસ્તુ હોઈ શકે તો તે છે પ્રેમ. આમ તો આર્થિક અથવા બૌદ્ધિક સહાય કરીને પણ કોઈ ઉપર ઉપકાર કરી શકાય છે, પરંતુ તેનો લાભ સ્વલ્પકાલીન હોય છે, એટલા માટે તેનાથી મેળવેલ આનંદ પણ ક્ષણભર જ ટકશે. પ્રેમ અને સદ્ભાવ પામીને આત્મા જેટલી પ્રસન્નતા અનુભવે છે તેટલી બીજી કોઈ વસ્તુથી નથી મળતી. જેની ઉપર ઉપકાર કરવામાં આવ્યો હતો તે સાચા હૃદયથી કૃતજ્ઞતા અને પ્રેમ-ભાવના પ્રગટ કરે ત્યારે ઉપકાર કરવામાં જે ત્યાગ કરવો પડે છે તેનાથી કેટલાય ગણું પ્રતિફળ વસૂલ થઈ જાય છે. પાપ અને દુષ્ટતાની માફક પ્રેમ અને સૌજન્ય પણ આ સંસારમાં ભરપૂર પડ્યાં છે, પરંતુ જેમનાં મન કુટિલતા અને અનીતિભર્યા વ્યવહારથી ભરેલાં છે એવા લોકો તે મેળવી શકતા નથી. સજ્જનતા, સરળતા, સચ્ચાઈ અને સહૃદયતામાં જ એવા ગુણ છે કે સામેવાળા પથ્થર જેવાને પણ પોતાને માટે માખણ જેવા મુલાયમ બનાવી દે. સાચો પ્રેમ પ્રાપ્ત કરવાને માટે સજ્જનતાની આવશ્યકતા છે. ઘણી વાર સજ્જન વ્યક્તિને ચાલાક લોકો ઠગી લેતા હોય છે, પરંતુ તો પણ તેમની ઉદારતા અને ભલમનસાઈની સામે તેમને નતમસ્તક જ થવું પડે છે. ઠગાઈ જવા છતાં પણ જેણે પોતાની સજ્જનતાને નથી છોડી તે કોઈ પણ બલિદાની વીરથી ઓછો પ્રશંસનીય નથી.

જેના મનમાં અન્યને માટે કોમળ ભાવનાઓ રહેલી હશે, તેવા જ બીજાનો સ્નેહ અને સન્માન પ્રાપ્ત કરી શકશે. દરેક જણ જાણે તો છે જ કે ગરજે ગધેડાને પણ બાપ કહેવો પડે. ખુશામત, ચાપલૂસી અને મીઠું બોલી ગેરમાર્ગે દોરવાની કળાને હવે તો ઘણા લોકો જાણી ચૂક્યા છે અને બીજાને ઉલ્લુ બનાવીને પોતાનું કામ કઢાવી લેવા માટે કેટલાય લોકો આ હથિયારનો ભરપૂર પ્રયોગ પણ કરે છે, કારણ કે તેમને ખબર છે કે દરેક વ્યક્તિનો આત્મા સ્નેહ, સન્માન અને સદ્ભાવનો તરસ્યો છે. તેઓ

ક્યાંક નકલી રૂપમાં પણ જો દેખાઈ આવે, તો પણ તેમને લલચાવવાને માટે એટલું તો ઘણું છે. પારધી જે રીતે દાણા નાંખીને પોતાની જાળ કબૂતરોથી ભરી લે છે, માછલી પકડનારા જે રીતે લોટની ગોળીઓ ખવડાવીને માછલીઓ ભેગી કરતા હોય છે, તેવી જ રીતે નકલી પ્રેમનું પ્રલોભન આપીને કેટલાય ઠગ બીજાનું સર્વસ્વ હરણ કરી લેતા હોય છે. આ પ્રકારની હાથચાલાકીઓની વચ્ચે એક જ સત્ય છુપાયેલું છે અને તે એ કે દરેક વ્યક્તિ પ્રેમનો તરસ્યો છે, હરકોઈને સદ્‌વ્યવહાર અને સજ્જનતાની તરસ છે. સાથેસાથે આ પણ એક ખુલ્લું સત્ય છે કે બનાવટી પ્રેમનું અનુકરણ કરીને વેશ્યાઓથી માંડીને પ્રપંચી ઠગો સુધીના દરેકે બનાવટી મધુરતાને પોતાને માટે સફળતાનું એક વ્યાવસાયિક અસ્ત્ર બનાવી રાખ્યું છે.

આ તો થઈ બનાવટીપણાની વાત. અસલી રૂપનો આનંદ તો એટલો ઉત્કૃષ્ટ છે કે તેના એક બુંદના બદલામાં મનુષ્ય પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી શકે છે. પ્રેમમાં અસફળતા મળતાં અનેક જણ આત્મહત્યા કરતા હોય છે, પ્રેમને પ્રાપ્ત કરવાને માટે લોકો મોટામાં મોટો ત્યાગ કરતાં અચકાતા નથી. પતિ-પત્નીના પ્રેમસંબંધમાં તો આ વાત સ્પષ્ટ જ છે. સ્ત્રી-સ્ત્રી અને પુરુષ-પુરુષની વચ્ચે પણ ગાઢ પ્રેમભાવ હોવાથી એકબીજાને માટે જ પ્રાણ આપવાનો અવસર સહજ રીતે આવી શકે છે. મનુષ્યને પોતાનું ધન અને પ્રાણ નિઃસંદેહ પ્રિય છે, પરંતુ પ્રેમની મહાનતા એટલી ઊંચી છે કે તેના માટે આ બંનેને સહજ રૂપે તિલાંજલિ આપી શકાય છે.

જો સાચા સ્નેહ અને સાચા સદ્‌ભાવની કેટલી બુંદ મનુષ્યને મળતી રહે તો તે સૂકી રોટલી ખાઈને અને ફાટેલાં ચીંથરાં પહેરીને અમીર અને તવંગર કરતાં વધારે આનંદ અને ગર્વ અનુભવતો જીવન વ્યતીત કરી શકે છે. પરિવારના નાના વર્તુળમાં જેને ધર્મ-પત્નીની અનન્યતા, બાળકોની શ્રદ્ધા, ભાઈનો વિશ્વાસ, બહેનની મમતા, માતાનું વાત્સલ્ય, પિતાનો પ્રેમ, નોકરની વફાદારી પ્રાપ્ત છે, તેને અગણિત સમસ્યાઓ સામે હોવા છતાં પણ પોતાનું જીવન સ્વર્ગીય શાંતિથી પરિપૂર્ણ દેખાશે. પછી જેમના

મિત્ર, સ્વજન, પરિજન, પરિચિત, સંબંધીઓ પણ એવો જ વ્યવહાર કરતા થઈ જાય તો પછી તો કહેવાનું શું ? તે જીવનમાં દરેક દિશામાંથી આનંદનાં ઝરણાં વહેતાં રહેશે.

ૐ

# પ્રેમપંથમાં ધર્મ સહારો....

શરીર અને પ્રાણ મળીને જે રીતે પૂર્ણ પુરુષ બને છે, તેવી જ રીતે ધર્મ પણ બાહ્ય અને આંતરિક એમ બે સ્વરૂપોમાં વહેંચાયેલો છે. પૂજા-અર્ચના, દીપ-આરતી આદિ કર્મકાંડ બાહ્ય રૂપ છે, પરંતુ તેનું આંતરિક સ્વરૂપ ભાવનાત્મક છે. પ્રેમ અને સેવા વડે જેનું નિર્માણ થાય છે. કર્મકાંડનાં બાહ્ય સાધન નિર્જીવ-અલ્પકાલીન અને સ્થૂળ હોય છે. કાળના પ્રવાહમાં શરીર નાશ પામે છે અને મનુષ્ય પ્રાણમાં પરિવર્તિત થઈ જાય છે. કર્મકાંડ પણ આ પ્રમાણે થોડાક દિવસો માટે જ ચાલે છે. આગળ જતાં તો આનાથી ઊંચી ભાવનાત્મક કક્ષામાં પ્રવેશ લેવાનો હોય છે, જ્યાં મનુષ્યને પ્રેમ અને સેવાનો પાઠ ભણાવવામાં આવે છે. ધર્મ-પ્રશિક્ષણની પરિપૂર્ણતા જીવનને પ્રેમમય તથા સેવામય બનાવે છે. આના વગર ધર્મ મૃત છે, નિર્જીવ છે. સેવા અને પ્રેમથી તે પોતાના યોગ્ય સ્વરૂપમાં સ્થિર થઈ શકે છે.

મહાત્મા ગાંધીનું કહેવું છે – "ધર્મનો અર્થ સત્ય એટલે ઈશ્વર-પ્રાપ્તિ છે. ધર્મનો પંથ જ જ્યારે પ્રેમ છે, તો પછી ઘૃણા કેવી, દ્વેષ શા માટે, મિથ્યાભિમાન કેવું ? મનુષ્ય એક બાજુ ઈશ્વરની પૂજા કરે અને બીજી બાજુ મનુષ્યનો તિરસ્કાર કરે, શું આ વાત યોગ્ય છે ખરી ?"

મનુષ્ય બીજાને ફક્ત નૈતિક ઉપદેશ જ આપતો રહે તો તેનાથી કોઈનું કાર્ય પૂરું તો થવાનું નથી જ. સમય આવે સહાયતા કરવી, દુઃખ અને મુશ્કેલીઓમાં મદદ કરવી, એ ઉપદેશ આપવા કરતાં વધુ ઉપયોગી છે; અને આનાથી જ કોઈને પણ નક્કર લાભ થઈ શકે છે. આ જ સાચી ઈશ્વરની પૂજા છે.

કોઈ એક બાળક તળાવમાં ડૂબી રહ્યું હતું. દૈવયોગથી તેના અધ્યાપક ત્યાંથી નીકળ્યા. બાળકને ડૂબતો જોઈ સીડી ઉપર ઊભા રહી તેને ધમકાવવા લાગ્યા – "કેમ ! મેં તો ઊંડા પાણીમાં ઊતરવાની ના પાડી હતી ને, પછી શા માટે તું ઊંડા પાણીમાં કૂદ્યો ? ભલા માણસ, પહેલાં તરતાં શીખી લેવું જોઈએ અને પછી ઊંડા પાણીમાં ઊતરવું જોઈએ." અધ્યાપકજી કોને ખબર ક્યાં સુધી ઉપદેશ આપવાનું ચાલુ રાખત, પરંતુ ત્યાં જ એક ખેડૂત પાણીમાં કૂદ્યો અને બાળકને બહાર કાઢી લાવ્યો. ખેડૂતે કહ્યું "પંડિતજી ! ઉપદેશ સ્કૂલમાં આપવાનો હોય, અહીં તો બાળકને ડૂબતો બચાવવાની જરૂર હતી." દયા આવે એવા અધ્યાપકો જેવા ઉપદેશકર્તાઓની આજે ક્યાંય પણ ઊણપ નથી. એવા ધર્મ પણ ઘણા છે જેમાં ઉપદેશ અને આદેશોથી પુસ્તકો ભર્યાં છે. જ્યાં-ત્યાં ધાર્મિક સભાઓ પણ ઘણી જ થતી રહે છે, પરંતુ સામાન્ય જન ઉપર આમાં અપાતા ઉપદેશોનો કોઈ પ્રભાવ નથી પડતો. બીજું બધું તો ઠીક પોથીપંડિતો પણ વ્યાવહારિક તથ્યોનું અનુકરણ કરી શકતા નથી. આમ દૃષ્ટિએ તો સંત કબીરની વાણી જ સત્ય અને બુદ્ધિસંગત પ્રતીત થાય છે. તેમણે લખ્યું છે –

**"પોથી પઢિ પઢિ જગ મુઆ, પંડિત ભયા ન કોય,**
**ઢાઈ આખર પ્રેમ કા; પઢૈ સો પંડિત હોય."**

પુસ્તકો વાંચી લેવાથી કોઈ ધર્મનિષ્ઠ થઈ જતું નથી. સાચો ધર્મ તો પ્રેમ છે, જેનાથી માનવમાત્રનાં દુઃખોની અનુભૂતિ થાય છે. જે કોઈના દુઃખે દુઃખી ન થાય તે માનવી કેવો ? તેને તો પાષાણ હૃદયનો કહેવો જ યોગ્ય ગણાશે, પછી ભલેને તેણે કેટલાય ગ્રંથોનું અવલોકન કેમ ન કર્યું હોય. દરરોજ આપણી નજર સામેથી એવાં કેટલાંય પ્રાણીઓ પસાર થતાં રહે છે, જેમને આપણી સહાનુભૂતિની અપેક્ષા હોય છે. ભૂખ્યા, તરસ્યા, વસ્ત્રવિહીન, અશિક્ષિત, સાધના કર્યા વગરના આપણી પાસેથી સહયોગની અપેક્ષા રાખતા હોય છે, પરંતુ મનુષ્ય એટલો કઠોર થઈ ગયો છે કે તેમને જરાક પણ મદદ કરતો નથી; અથવા તો તૈયારી પણ દર્શાવતો નથી. જે 'સેવા' ધર્મનો સાર છે તેને જ લોકો નાનપનું ચિહ્ન સમજે છે. પરોપકારથી

વધીને બીજો કોઈ ધર્મ છે જ નહીં, અન્યની સેવાથી વધીને પરમાત્માની સાચી પૂજા બીજી કોઈ હોઈ જ ન શકે.

પરમાત્માનો નિવાસ તો સંપૂર્ણ વિશ્વમાં છે, તેના માટે એક મંદિર બનાવી દીધું તો ક્યું મોટું કાર્ય કરી નાંખ્યું ? જે અસંખ્ય જીવધારીઓને ભોજન આપતો રહે છે તેના ભોગને માટે થોડીસરખી મીઠાઈ ન પણ મળે તો કોઈ વાંધો નથી. પરમાત્મા દરેકને જીવનદાન આપે છે, તેને ભેટ-પૂજા ચઢાવીને પણ કોઈ કઈ રીતે પ્રસન્ન કરી શકે છે ? તેની સાચી પૂજા તો સદ્વ્યવહાર છે. પોતાના ભક્તોની સેવા પામવાને માટે તે દીન-દુ:ખીયોનાં રૂપમાં ભટકતો ફરે છે. તમે જો તેને દરિદ્રનારાયણના રૂપમાં જોઈ શકો, તો બધે જ તે તમારી પૂજા પામવાને માટે પ્રતીક્ષા કરતો નજરે પડશે. પીડિત અને પછાત મનુષ્યને માટે પ્રેમ અને સદ્ભાવનાપૂર્વક જો કંઈક કરી શકીએ તો તેનાથી આપણને જે આંતરિક ઉલ્લાસ, આહ્લાદ મળે છે, તે પરમાત્માના આનંદનો સંદેશો નહીં તો બીજું શું છે ? દુ:ખી મનુષ્યના આંતરિક આશીર્વાદ પામવાથી હૃદયમાં જે વિશાળતા અને પ્રસન્નતા આવે છે તે જ તો પરમાત્માની સાચી અનુભૂતિ છે. જે લોકો પરમાત્માની આ સાચી ઉપાસનાથી વંચિત રહીને ફક્ત કર્મકાંડની પાછળ પડીને પોતાની મોટાઈની જે વાતો કરી રહ્યા છે તે સાવ ખોટું છે. ખરેખર તો જે અસહાય લોકોનાં હૃદયને સ્પર્શી નથી શકતો, સંસાર પ્રત્યે સદ્વ્યવહાર દાખવી નથી શક્તો, તેની ઉપાસના અધૂરી છે. તેને ક્યારેક તો ભગવાન મળશે, એવું વિચારવું પણ ભૂલભરેલું છે.

પરમાત્મા સાથે સાચા હૃદયથી જે પ્રીતિ રાખે છે, તેમને સૃષ્ટિનાં પ્રત્યેક પ્રાણીમાં તેમની જ છાયા દેખાય છે. કોણ ઊંચું કોણ નીચું, સમસ્ત સંસાર તેમનાથી જ ઓતપ્રોત નજરે પડે છે. નાના-મોટા, ઊંચ-નીચનો ભેદભાવ પરમાત્માના પ્રત્યે અન્યાય છે. સર્વવ્યાપી પ્રભુને તો સમદર્શી પુરુષ જ તો જાણી શકે છે. જે પ્રાણીમાત્રને પ્રેમની દૃષ્ટિથી જુએ છે, તેને જ ઈશ્વર પ્રેમ કરે છે. પોતાની પત્ની, બાળકો, સગાંસંબંધી સુધી જ પ્રેમને પ્રતિબંધિત રાખવો સ્વાર્થ છે. પ્રેમનું ક્ષેત્ર અસીમ છે, અનંત છે. તેને

પ્રાણીમાત્રના હૃદયમાં જોવો તે જ ઈશ્વરનિષ્ઠાની સાબિતી છે. તે ક્યારેય કોઈને પણ અપ્રિય શબ્દ કહી શકતો નથી, કોઈને દુઃખી જોઈને તેને દુઃખ થાય છે અને તેના પ્રત્યે નજરમાં પ્રેમ ઊભરાઈ આવે છે. તેણે તો બધામાં પોતાના રામને સમાયેલો જોઈ લીધો છે.

સેવા અને ભક્તિ ખરેખર તો બે અલગ વસ્તુઓ છે જ નહીં.તે બંને એકબીજાને આશ્રિત છે. પ્રેમ જ્યારે મન અને વાણીમાં ઊતરી આવે છે, ત્યારે તેને સેવાના રૂપમાં જોવામાં આવે છે. સાચો પ્રેમી એ છે કે જે ફક્ત શબ્દો વડે જ મધુરતા ટપકાવતો ન રહે, પરંતુ પોતાના પ્રેમીના દુઃખ-દર્દમાં કંઈક અંશે મદદ પણ કરે. કર્તવ્યપાલનમાં કષ્ટ સ્વાભાવિક છે. કષ્ટને અપેક્ષિત સમજીને પણ જે કર્તવ્યપાલન કરી શકતો હોય, તેને જ સાચી સેવાનું પુણ્યફળ પ્રાપ્ત થાય છે. માતા પોતાના બાળકને માટે કેટલું કષ્ટ સહન કરે છે, પરંતુ તે ક્યારેય કશું જ તેના બદલામાં ઈચ્છતી નથી. આ જ સેવાનું સાચું સ્વરૂપ છે. આમાં ફક્ત આપવાનું જ છે, લેવાનું કશું જ નથી. જે પોતાનું બધું જ ન્યોછાવર કરી શકતા હોય, તેમને જ પરમાત્માના સાંનિધ્યનું સુખ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય મળે છે.

પરિવારની સંભાળ, સ્વજનોના પાલનપોષણની વ્યવસ્થા, બાળકોને શિક્ષિત-વિકસિત બનાવવાં એ પણ સેવાકાર્ય જ છે, પરંતુ આ કાર્ય કરતી વખતે 'અહં' ભાવના આવવી ન જોઈએ. નિષ્કામ કર્મને જ સેવા કહેવાશે. જેનાથી પોતાનો સ્વાર્થ સધાતો હોય, તે ક્યારેય સેવા હોઈ શકતી નથી.

વ્યક્તિગત અને પારિવારિક ક્ષેત્ર વડે જ મનુષ્ય આગળની ઉત્કૃષ્ટ સેવાનો આધાર બને છે. આ ક્ષેત્ર આગળ જતાં પ્રાણીમાત્રના હિત અને ત્યાગભાવનાના રૂપમાં ફેલાઈ જાય છે. શરૂઆતથી જે અહંકાર શેષ રહી ગયો હતો તે વિશ્વ સેવાભાવનાથી બધું જ ધોવાઈ જાય છે અને મનુષ્ય પ્રેમની પૂર્ણતાનું રસાસ્વાદન કરવા લાગે છે. પારમાર્થિક સેવાનું સ્વરૂપ કામભાવ તથા અહંકારના વિગ્રહથી મુક્ત હોય છે. ત્યાં ફક્ત પોતાની યોગ્યતાનો લાભ બીજાને આપવાનું રહી જાય છે. હું કશું જ નથી, જે કોઈ છે તે તે જ છે. હું કશું જ નથી કરતો, બધું પરમાત્મા જ કરે છે "હું"

તો એક યંત્ર માત્ર છું, જે એના ઈશારામાત્રથી કામ કરી રહ્યો છું. હું વ્યક્તિ અથવા સમાજ ઉપર કોઈ ઉપકાર નથી કરતો, આ કરવાથી મને આંતરિક આનંદ પ્રાપ્ત થાય છે. આ જ મારી સેવાનું મૂલ્ય છે જે મને પરમાત્મા દ્વારા નિરંતર મળતું રહે છે.

ધર્મનું આ સાચું રૂપ છે. આ પૂર્ણતાને પ્રાપ્ત કરવાને માટે કર્મકાંડ એ માત્ર શેષ અભ્યાસ છે. આપણે ધર્મને કર્મકાંડો સુધી જ બાંધીને રાખવો ન જોઈએ. આપણા હૃદયમાં પ્રેમ અને સેવા-ભાવનાનો ઉદય થાય તો સમજવું જોઈએ કે ધર્મના પ્રાણને સમજી લીધો છે. ત્યારે જ સાચા અર્થમાં ધર્મનિષ્ઠ કહેવડાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી શકીએ.

ૐ

## જા ઘટ પ્રેમ ન સંચરે....

આવી પ્રેમમયી-આત્મભાવથી પરિપૂર્ણ પરિસ્થિતિઓ પ્રાપ્ત કરી શકવાનું દરેકને માટે નિતાંત સરળ અને સંભવ છે. દુનિયામાં દરેક વસ્તુની કિંમત છે. અહીં કિંમત ચૂકવ્યા વગર કશું જ મળતું નથી. બીજાનો સ્નેહ, સન્માન, સદ્ભાવ અને સહયોગ પ્રાપ્ત કરવા માટે આપણે એ તત્ત્વને ઉત્પન્ન કરવું પડશે અને તેનો ઉપયોગ બીજાને માટે કરવો પડશે. ચુંબક પોતાના સજાતીય લોખંડને પોતાની તરફ ખેંચે છે. જો ચુંબકમાં આકર્ષણ શક્તિ ન હોય તો પાસે પડેલાં લોહકણ પણ ઉપેક્ષાનો ભાવ દર્શાવતાં રહેશે, તેના પ્રત્યે અભિમુખ થવાની કોઈ ચેષ્ટા નહીં કરે.

પ્રેમ, પ્રેમની કિંમત પર ખરીદી શકાય છે. તે એકતરફી પણ હોઈ શકે છે. એકનો સાચો પ્રેમ બીજાને ક્યારેક તો પોતાનો અનુગત બનાવી જ લે છે. ખરાબ લોકોને પણ જો આપણે પ્રેમ કરીશું તો તેમનામાં સુધારો આવશે જ. આજે નહીં તો કાલે, આપણા જેટલો નહીં, પરંતુ તેનાથી ઓછો, કંઈક પ્રેમભાવ તો તેમના મનમાં જાગશે અને વધશે પણ ખરો. સાચા મનથી કરવામાં આવેલો પ્રેમ ક્યારેય પણ નિરર્થક નથી જતો. તેના દ્વારા પથ્થરની મૂર્તિઓ અને કાગળ પર ચિત્રો બનાવી દેવતા

મેળવ્યાના આનંદથી આપણે જો ઓતપ્રોત થઈ શક્તા હોઈએ તો પછી હાડમાંસવાળો સજીવ પ્રાણી પ્રત્યુત્તરમાં સર્વથા પ્રેમવિહીન કઈ રીતે રહેતો હશે ?

જો પ્રેમના બદલામાં પ્રેમનો પ્રત્યુત્તર ન મળે, આપણને છેતરાવાનો અને નુકસાનીમાં રહેવાનો અવસર આવે તો પણ તેની જ નુકસાની રહેશે. પ્રેમની દિવ્ય અનુભૂતિઓ પોતાના અંતઃકરણમાં જ્યારે પણ ઊઠે છે, ત્યારે ત્યાં પુષ્પવાટિકાની જેમ સૌંદર્ય અને સુગંધનું સામ્રાજ્ય છવાયેલું રહે છે. તેનો આનંદ તો આપણને મળે જ છે. આત્માની સૌથી પ્રિય અનુભૂતિ પ્રેમ છે. તેનું રસાસ્વાદન થતું રહેવાથી દરેક ક્ષણે જ આત્મતૃપ્તિ, આત્મસંતોષ અને આત્મોલ્લાસનો જે લાભ થતો રહે છે તેની તુલનામાં જો કંઈક ભૌતિક નુકસાન ભોગવવું પણ પડે, તો તેને તુચ્છ તેમજ નગણ્ય જ માનવી પડશે.

પ્રેમના એક એક બુંદ માટે આ દુનિયા તરસી રહી છે. અનાવૃષ્ટિ વખતે જેમ પાણીની તંગી વર્તાય છે તેવો જ પ્રેમનો દુકાળ આજે સર્વત્ર છવાયેલો છે. પ્રેમના નામે ઠગાઈ, ચાંપલાશ, વાસના અને શોષણની પ્રવંચના તો ઘણી વધી છે, પરંતુ સાચો પ્રેમ, જેમાં આત્મદાન અને નિઃસ્વાર્થ સેવા બંનેનો સમાવેશ થતો હોય તે હવે જોવા નથી મળતો. આ આધ્યાત્મિક વિભૂતિના અભાવમાં જીવન નીરસ થઈને જ રહેશે. બધી જ બાજુએ કશુંક ખોવાયેલું, કંઈક કોઈક અભાવ જેવું નજરે પડે છે. જો કોઈને સાચા પ્રેમના થોડાક કણ પણ પ્રાપ્ત થઈ જાય તો ખરેખર તેના દરેક અભાવ સમાપ્ત થઈ જાય છે.

આપણે આપણી અંદર સાચા પ્રેમની ભાવનાઓ જાગૃત કરવી જોઈએ, બીજાને આપણાં માનવા જોઈએ, તેમને આત્મીયતાના ભાવથી જોવા જોઈએ, ફળસ્વરૂપ આપણે પણ સાચા પ્રેમના રસાસ્વાદનથી વંચિત નહીં રહીએ. સંસારરૂપી ખેતરમાં પોતાનાં પ્રેમબીજને વાવતાં રહીશું તો ક્યારેક કોઈ ને કોઈ પ્રેમનો છોડ જરૂર ઊગશે અને તેની સુગંધમાત્રથી આપણને પણ આનંદ અને તૃપ્તિ જેવું આપવાલાયક ઘણું બધું મળી જશે.

# સિયારામમય સબ જગ જાની....

ગંગાનું જળ શુભ્ર, ધવલ; યમુનાનું જળ નીલવરણું, બંને જળને કોઈ એક રજતપાત્રમાં લઈને અલગ અલગ રાખવામાં આવે તો ઓળખી શકાય છે કે આ શ્યામવરણું જળ યમુનાનું, શ્વેત જળ ગંગાનું, પરંતુ જ્યારે ગંગા અને યમુના બંને મળીને એક થઈ જાય છે તો આગળ જતાં તારવવી મુશ્કેલ થઈ જાય છે કે ક્યું ગંગાજળ છે અને ક્યું યમુના જળ? પ્રેમની પરિણતિ પણ એવી જ છે કે તેમાં બે તત્ત્વોનું તાદાત્મ્ય એ સ્થિતિનું થઈ જાય છે કે એક સામાન્ય રસ-ધારાથી અતિરિક્ત બંનેમાં દ્વૈતનો ક્યાંય કોઈ ભાવ જ નથી રહેતો. એ ઓળખવું મુશ્કેલ થઈ જાય છે કે આમાં મુખ્ય ઈચ્છા કોની છે ?

દૂધ અને પાણીની માફક બે પ્રેમીઓના હૃદયમાંથી અલગ-અલગ પ્રસ્ફુટિત બે ધારાઓનો જ્યારે સંગમ થઈ જાય છે ત્યારે બંનેમાં કોઈ અંતર પારખી નથી શકાતું. સ્ત્રી-પુરુષ, ભાઈ-ભાઈ, મિત્ર-મિત્ર, પિતા-પુત્ર આદિ લૌકિક સંબંધોમાં પણ પ્રેમનો પ્રવાહ આ જ રીતનો છે. જ્યારે સર્વથા બે ભિન્ન ધારાઓ એક થઈ જાય છે ત્યારે સામાન્ય રીતે બીજાની દૃષ્ટિએ યુગલમાં કેટલાય દોષ-દુર્ગુણ હોવા છતાં, તેમનામાં પરસ્પર તે દોષ-દુર્ગુણ અદૃશ્ય થઈ જાય છે અને ફક્ત ગુણોની સત્તા શેષ રહી જાય છે. પાણી પોતામાં રહેલ લઘુતાને દૂધમાં ઘોળી નાંખી સ્વયં દૂધ બની જાય છે. અવગુણ પ્રેમની દિવ્ય ધારામાં ઘોળાઈને ગુણ બની જાય છે. એટલા માટે સાંસારિક સંબંધોની મધુરતાને માટે પણ પ્રેમથી વધુ કોઈ અન્ય ઉપાદાન છે જ નહીં.

પ્રેમ અંતઃકરણની એક એવી ઊપજ છે જે શુષ્કમાં શુષ્ક, કઠોરમાં કઠોર અને કેટલાય દિશાભ્રાંત જીવનને સરસ, સરળ અને પ્રકાશવાન બનાવી દે છે. પ્રેમથી મધુર સંસારમાં બીજું કશું નથી. જ્યારે આવાં બે પ્રાણી મળે છે ત્યારે આનંદની ત્રિવેણી પ્રવાહિત થવા લાગે છે, પરંતુ વિયોગથી શું આ આકર્ષણ સમાપ્ત થઈ જાય છે ? ચુંબકના બંને ધ્રુવ બે

વિપરીત દિશામાં અનંતકાળથી જોડાયેલા છે, પરંતુ આ બંનેનો પ્રયત્ન એક જ છે અને તે છે પુનઃમિલનનો પ્રયત્ન. અનાદિકાળથી બંને ધ્રુવોની ધારાઓ એકબીજાને આકર્ષિત કરવામાં લાગી છે જેથી પુનઃમિલન થઈ શકે. જીવંનની પ્રત્યેક સૂક્ષ્મ સત્તા જુદી જુદી હોવા છતાં પણ પોતાના પ્રેમી પ્રત્યે પૂર્ણપણે સમર્પિત થઈને આ સિદ્ધાંતની પુષ્ટિ કરે છે કે વિરહમાં પણ પ્રેમ વધુ નિખરે છે, ઓછો થતો નથી.

અવિશ્વાસને વિશ્વાસમાં, નિંદાને પ્રશંસા, તર્ક-વિતર્કને નિષ્ઠા અને ઉદ્ધતાઈને સેવામાં બદલી નાખવાની શક્તિ ફક્ત પ્રેમમાં જ છે. પ્રેમ ક્યારેક આળસુ થઈ જાય, તેવું શક્ય નથી. પોતાનાં પ્રેમાસ્પદની કેટલીય ઇચ્છાઓ ક્યારેય વણમાગ્યે પૂરી થાય છે ? નહીંતર પછી બંને જણ સક્રિય થઈને કંઈક ને કંઈક ભેગું કરે છે અને એકબીજાને આપે છે. પરસ્પર આદાન-પ્રદાનની આ ધારા જ તો ચેતનાનો આધાર છે. જ્યારે તે હશે જ નહીં ત્યારે સંસાર શૂન્ય સિવાય બીજું કાંઈ જ નહીં હોય. પ્રેમના લીધે જ સૃષ્ટિમાં પ્રાણ અને જીવનનો આવિર્ભાવ થાય છે જો કોઈ અશક્ત માનતો હોય કે જેને પોતાની દીનતાને દૂર કરવી હોય, તો તે સાચા હૃદયથી પ્રેમ કરીને પરીક્ષા કરી લે કે તેના હૃદયમાં સાહસ અને હિંમતનો કેટલો ભંડાર છુપાયેલો પડ્યો છે.

જે મુશ્કેલ પરિસ્થિતિઓમાં ધૈર્ય રાખી નથી શકતા, તેઓ સાચા પ્રેમી બનીને જીવનમાં સ્થિરતા, દૃઢતા અને ગંભીરતા મેળવી શકે છે. તે જાણે છે કે પ્રેમીને માટે પોતાના પ્રાણોનું મૂલ્ય કશું જ નથી, આવી વ્યક્તિ જ ખરી, સાહસી, ધીર, કર્મનિષ્ઠ અને સંપત્તિવાન હોઈ શકે છે. એટલા માટે જ પ્રેમને પારસ કે કલ્પવૃક્ષ કહેવામાં આવે છે. પ્રેમ જીવનની કેટલીક સંઘર્ષપૂર્ણ પરિસ્થિતિઓમાં પણ શુષ્કતા ઉત્પન્ન નથી કરતો, એવું માનીને તે સંઘર્ષ કરતો રહીને પણ તેનું રસપાન કરતો રહે છે – જ્યાં પણ, જેવી પણ સ્થિતિમાં રહે છે, સ્વર્ગનો અનુભવ કરે છે. આ પ્રકારનો પ્રેમ ફક્ત જીવિત વસ્તુઓ માટે જ શક્ય છે, એવું નથી. કોઈ પણ નિર્જીવ સત્તા કે આદર્શ પ્રત્યેના પ્રેમમાં પણ તે પ્રકારનો જ રસ તેવો જ સ્વર્ગીય આનંદ

અને અનુભૂતિની લહેરો હિલોળા લેતી હોય છે.

સરદાર ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુએ કોઈ વ્યક્તિને પ્રેમ નહોતો કર્યો, તેમનો પ્રેમ પોતાના દેશ, પોતાની સંસ્કૃતિ અને પોતાના આદર્શો માટે હતો. ૨૪ માર્ચ, ૧૯૩૧ના રોજ તમને ફાંસી થવાની હતી, પરંતુ તે દિવસોમાં જ મહાત્મા ગાંધીને છોડવા માટે પણ દબાણ વધી રહ્યું હતું. કેટલાક બ્રિટિશ અધિકારીઓએ દ્વેષવશ ૨૪ માર્ચના બદલે ૨૩મીએ જ ફાંસી આપી દીધી. તે સમયનું દશ્ય યાદ કરીએ તો ખબર પડે કે આદર્શો પ્રત્યેના પ્રેમની ચમક રતીભાર પણ ઓછી થઈ નહોતી.

તે દિવસે એકાએક સમય કરતાં વહેલાં આ કેદીઓને કોટડીઓમાં બંધ કરી દેવામાં આવ્યા. લાહોર સેન્ટ્રલ જેલના અમલદાર શ્રી શેખ મુહમ્મદ અકબરના આંસુઓએ એમને જણાવી દીધું હતું કે આજે ફાંસી અપાશે. ત્રણે કેદીઓ પાસે-પાસેની કોટડીઓમાં હતા. એકનો અવાજ બીજો સાંભળી શકતો હતો. રાજગુરુએ ભગતસિંહને બૂમ પાડીને કહ્યું- "અભિનંદન ! આજે વિદાય લઈશું." આનો જવાબ આપતાં ભગતસિંહ બોલ્યા- "પ્રિય મિત્ર ! સાંભળ્યું છે કે આજે મકતલમાં આપણી પરીક્ષા છે." આ શબ્દોમાં જે મસ્તી હતી તે અનુભવીને જેલના અધિકારીઓ પણ રડી પડતા હતા અને તેમનામાં દેશપ્રેમ પેદા થતો હતો. તે દિવસે તેમણે રસગુલ્લા મંગાવીને ખાધાં. જેલર પણ એવું ઇચ્છતો હતો કે તેઓને કોઈ પણ આવીને ભગાડી જાય, તો પણ તે સંઘર્ષ કરવા તૈયાર નહતા. આ ત્રણેયને આ વાતની જાણ પણ કરવામાં આવી હતી. પરંતુ તેમણે બહાર નીકળવાનો ઇન્કાર કરી દીધો. તેમણે માંગ્યું તો એટલું જ કે ફાંસી આપવાની દસ મિનિટ પહેલાં તેમને જાણ કરી દેવામાં આવે, જેથી તેઓ પોતાની ભારતમાતાનો જયજયકાર કરી શકે. ત્રણેય દીવાનાઓ આવી જ મસ્તીમાં પ્રેમભર્યો જયજયકાર કરતાં કરતાં ફાંસીના માંચડે લટકી ગયા. પ્રેમ, વાણી અને હૃદયને પવિત્ર કરનારી સર્વવ્યાપી સત્તા છે. તેમાં સચ્ચાઈ હોય છે, આદર્શ હોય છે, આગ્રહ હોય છે, આકર્ષણ હોય છે, હૃદયની વિશાળતા- જે ફક્ત પોતાના પ્રેમી પૂરતી શ્રદ્ધાવાન જ નથી

હોતી, પરંતુ સંપૂર્ણ ચેતનામાં તેને દિવ્ય રસની અનુભૂતિ કરાવતી હોય છે. તેને બધું જ 'સિયારામમય' દેખાવા લાગે છે. ભાવનાઓની તન્મયતા જે હૃદયને ધોઈને સાફ કરી દે, તે જ તો પ્રેમ છે. આવા પ્રેમના સાધકને માટે ન જપની જરૂર છે ન તપની. વ્રત, નિયમ તો તેના માટે છે, જેના હૃદયમાં રાગ-દ્વેષ રહેલા છે. પ્રેમ જીવનમાં રહેલી બધી જ કલુષિતતાને ધોઈ નાંખે છે. દુર્વાસનાઓ ઉપર નિયંત્રણ કરીને ચિત્તને નિર્મળ કરી નાંખે છે. એટલા માટે પ્રેમ સર્વોત્તમ યોગ છે, તે સાધારણ મનુષ્યને મહાન બનાવી દે છે.

જયાં પ્રેમ હોય, પરંતુ કોઈ ગુણ ન હોય, ત્યાં પ્રેમ નહીં વાસના, યોગ નહીં ભ્રમ સમજવો જોઈએ. આવા પ્રેમના ભ્રમમાં ફસાશો નહીં, જે પ્રેમ પોતાના અંતઃકરણના દ્વેષ-દુર્ગુણોને એવી રીતે ગુણમાં ફેરવી નાંખે જેમ ગંગાના જળમાં યમુના જળ વિલીન થાય છે. એવો પ્રેમ જ સાચો, સાર્થક, અને અભ્યાસ યોગ્ય છે, એવો પ્રેમ અમૃત છે, તેનું પાન કરીને મનુષ્ય અમર થઈ જાય છે.

ૐ

## એક પ્રેમ વડે જાનું નિર્માણ થયું...

સાચું-ખોટું, સારું-ખરાબ, કલ્યાણ-અકલ્યાણની તર્કબુદ્ધિ આ સંસારમાં લગભગ દરેક મનુષ્યમાં એકસરખી જોવા મળે છે, પરંતુ કોઈ એવી સ્થિર વસ્તુ દેખાતી નથી જેને આપણે પ્રત્યેક પરિસ્થિતિમાં સાચી માનતા રહીએ. આજે જોઈએ છીએ કે આપણો એક પરિવાર છે, મા છે, પત્ની છે, બાળકો છે, ઘર છે, જમીન છે, મિલકત છે, બધું જ છે. આ બધા ઉપર આપણું પૂર્ણ સ્વામીત્વ છે. કોઈની હિંમત છે કે આપણી ઇચ્છા વિરુદ્ધ આને પોતાના અધિકારમાં લઈ લે, કારણ કે આ આપણી સંપત્તિ અને સમૃદ્ધિ છે. આમાં ક્યાંય અસત્ય નથી, કોઈ શંકા નથી, પરંતુ કાલે પરિસ્થિતિવશ જમીન વેચવી પડે, ઘર ગીરવી મૂકવું પડે, કોને ખબર ક્યારે કઈ પ્રિય વ્યક્તિનું મૃત્યુ થાય ? આવી પરિસ્થિતિમાં કોઈ સાચી

વસ્તુ સમજી શકાતી નથી. આ ઘર કોઈનું રહ્યું નથી અને છેલ્લે તો આપણું પણ રહેવાનું નથી. આ સંસાર પરિવર્તનશીલ છે. આની પ્રત્યેક વસ્તુ પ્રતિક્ષણ પોતાનું સ્વરૂપ બદલતી રહે છે.

એક અંતિમ સત્ય એ પણ છે કે આ સંસારમાં એક જ વસ્તુ શાશ્વત છે અને તે છે પ્રેમ. વ્યક્તિને પોતાના પરિજનો પ્રત્યે, વિચારો અને સિદ્ધાંતો પ્રત્યે, સ્વત્વ અને સન્માન પ્રત્યે, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે, ધર્મ અને સંસ્કૃતિ પ્રત્યે અગાધ પ્રેમ હોય છે. આના બળ ઉપર જ સંસારના દરેક વ્યવહાર ચાલે છે.

આપણો આ સંસાર વ્યવસ્થિત રીતે ચાલે છે. દરેક જણ જાણે છે કે આ સંસાર મિથ્યા છે, ભ્રમ છે છતાં પણ દરેક જણ જીવી રહ્યા છે, મૃત્યુનો ભય પણ દરેકને છે, જ્યારે આવું છે તો આ બધું જ છે શાના માટે? જવાબ એટલો જ કે ફક્ત પ્રેમને માટે. એ વાત જુદી છે કે તેમનો પ્રેમ સાંસારિક છે, વસ્તુ અથવા તો પદાર્થને માટે છે અથવા પ્રેમ સ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિને માટે છે. આની ઉપર જ આખો સંસાર ટકેલો છે. આના લીધે જ બધી વિધિવ્યવસ્થા યોગ્ય રીતે ચાલી રહી છે. પ્રેમ માનવજીવનની મહાન કસોટી છે. આનાથી મનુષ્યના દષ્ટિકોણ, હૃદયની વિશાળતા તથા બુદ્ધિચાતુર્યની ખબર પડે છે. જેના હૃદયમાં પ્રેમનો પ્રકાશ ઝળહળી રહ્યો છે, તે મનુષ્ય ઉત્કૃષ્ટ હોય છે. મનુષ્ય શરીરમાં દેવત્વ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય તેને મળે છે, જે પ્રેમ કરવાનું જાણે છે. પ્રેમ માનવજીવનની સર્વોચ્ચ પ્રેરણા છે. બાકીના બધા જ ભાવ આશ્રિતભાવ છે. આઝાદી અને સદ્ગતિ અપાવતી આંતરિક પ્રેરણા પ્રેમ છે, જેના થકી સંસારની રચના થાય છે. જીવન સમૃદ્ધ બને છે અને માનવજીવનના લક્ષની પ્રાપ્તિ થાય છે.

પ્રેમ એ હૃદયની એવી ભાવનાનું શબ્દરૂપ છે, જે અદ્વૈતનું જ્ઞાન કરાવે છે. ત્યાં 'હું' અને 'તું'ની અલગતાનો ભાવ નથી હોતો. એટલા માટે સમષ્ટિગત વિશાળ ભાવનાના નામને પ્રેમ માનવામાં આવે છે. આ વિશુદ્ધ બલિદાન છે. ત્યાગ અને આત્મોત્સર્ગની ભાવના છે, જેમાં મનુષ્ય

પોતાનાં હિતોનું પોતાના પ્રેમીને માટે આહુતિ આપતા રહીને અસીમ તૃપ્તિનો અનુભવ કરે છે. બદલાની ભાવનાથી નહીં, જે ફક્ત પ્રેમને માટે પ્રેમ કરે છે તે જ સાચો પ્રેમ છે.

સાધારણ રીતે જોતાં આપણી પ્રેરણાનો આધાર આપણો સ્વાર્થ હોય છે. આપણે આપણા 'સ્વ' અથવા 'અહમ્'ની પૂર્તિને માટે જ બધું કરીએ છીએ, ભૂખ સંતોષવા, શૃંગાર સજાવટ કરવા, મહેલ બાંધવા, જાયદાદ જમા કરવાની બધી જ ચેષ્ટાઓની પાછળ આપણો સ્વાર્થ કામ કરે છે. આનાથી આપણી ઇચ્છાઓ, આકાંક્ષાઓની પૂર્તિ તો થાય છે, પરંતુ અંતઃકરણનો પેલો આધ્યાત્મિક ભાવ જાગૃત નથી થતો, જેમાં પ્રેમનો સ્વાદ ચાખી શકાય. આ લેણ-દેણ જીવનનો સાધારણ નિયમ છે. જ્યારે આપણે આનાથી આગળ વધીએ છીએ અને લેવાના ક્ષુદ્ર ભાવને સમાપ્ત કરી દઈએ છીએ ત્યારે પ્રેમનો ઉદય થાય છે. આમાં તો બધું જ આપવાનું છે. પ્રેમનો પુરસ્કાર ફક્ત પ્રેમ છે અને બીજી કોઈ વસ્તુ વડે એને ખરીદી કે વેચી શકાતો નથી.

મનુષ્યનું જીવનલક્ષ્ય નિર્ધારિત કરતી વખતે એ ધ્યાન રાખવામાં આવે છે કે તેની સ્વાભાવિક વૃત્તિઓની વ્યવસ્થા એવી હોય, જે તેને ઉત્થાન, અભ્યુદય અને વિકાસની તરફ અગ્રેસર કરે. આને જ ચરિત્રનિર્માણ કહી શકીએ છીએ. આ પ્રકારનો ભાવ મનુષ્યમાં ત્યારે જ આવી શકે છે, જ્યારે તે પોતાના સાચા સ્વરૂપને ઓળખે અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરે. જ્યારે એવી પ્રક્રિયા જીવનમાં શરૂ થઈ જાય છે ત્યારે દીનતા અને હીનતાના ખરાબ ભાવ સમાપ્ત થઈને આત્માનો પ્રકાશ દેખાવા લાગે છે. તે જ્યોતિમાં એક સાધારણ તત્ત્વ પ્રેમ ઊભરાવા લાગે છે. આ સુખનો એક કણ પણ જેને મળે છે, તેને ચરિત્રનિર્માણ કરતાં વાર નથી લાગતી. એટલા માટે એવું કહેવામાં આવે છે કે મનુષ્યજીવનનું લક્ષ્ય પ્રેમસ્વરૂપની પ્રાપ્તિ છે.

આ ભાવ જેટલો વિસ્તૃત થતો જાય છે એ જ ક્રમમાં મનુષ્યનું વ્યક્તિત્વ પણ પરિષ્કૃત થવા લાગે છે. શરૂઆતમાં આ ભાવ આપણા

સુધી રહે છે, જે કાંઈ ખાવાનું છે તે હું ખાઉં, જે કાંઈ સારું છે તે હું પહેરું જેવી સ્વાર્થપૂર્ણ ભાવનાઓથી મનુષ્ય પોતાને જ જ્યાં સુધી પ્રાથમિકતા આપતો રહે છે, ત્યાં સુધી તે પ્રેમની અનુભૂતિ કરી શક્તો નથી. એટલા માટે ત્યાં લગી ઘણી અસ્થિરતા, ચંચળતા અને અશાંતિ છવાયેલી રહે છે. ધીમે-ધીમે આનો પરિષ્કાર થવા લાગે છે, ધર્મપત્ની આવી જતાં પોતાના સ્વાર્થમાં કાપ મૂકીએ છીએ. હવે પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે. આપણી વ્યષ્ટિ (એકલતા) જેમ જેમ પૂરી થતી જશે, તેમ તેમ પ્રેમપૂર્ણ ભાવનાઓ વધવા લાગે છે. પુત્રો પ્રત્યે ગામ અને સમાજ, દેશ અને જાતિ પ્રત્યે, ધર્મ અને સંસ્કૃતિ પ્રત્યે પોતાના સ્વાર્થો ત્યાગ કરતાં-કરતાં પૂર્ણ આંતરિક પરિષ્કાર થઈ જાય છે અને આપણે વિશ્વાત્માનું સુખ સાંનિધ્ય પ્રાપ્ત કરી શકવાને યોગ્ય થઈ જઈએ છીએ.

જ્યારે આ ઉત્સર્ગની ભાવના પ્રાણીમાત્ર પ્રત્યે જાગૃત થવા લાગે છે ત્યારે સાચા પ્રેમની અનુભૂતિ થવા લાગે છે એટલા માટે ગીતાકારે સંદેશ આપ્યો છે -

**આત્માનાં સર્વભૂતેષુ સર્વભૂતાનિ ચાત્મનિ ।**
**ઈક્ષતે યોગયુક્તાત્મા સર્વત્ર સર્વદર્શિનઃ ॥**

અર્થાત્- દરેક ભૂત પ્રાણીઓમાં એક જ આત્મા રહેલો છે એટલા માટે દરેકને સમભાવથી જોતા રહીને દરેકની સાથે પ્રેમ કરવો જોઈએ.

પ્રેમ સંસારની સૌથી મોટી શક્તિ છે. જેને મોટાં-મોટાં મશીનો, અસ્ત્ર-શસ્ત્ર અને બળવાન મનુષ્ય પણ જીતી નથી શકતા તેને જીતવામાં પ્રેમની કોમળ ભાવનાઓ સમર્થ થઈ છે. મહાપુરુષ ઈશુએ લખ્યું છે- આપણે એકબીજાને પ્રેમ કરવો જોઈએ, કેમ કે પ્રેમ જ ઈશ્વર છે. ઈશ્વરને એ જ જાણી શકે છે જે પ્રેમ કરે છે.

પરમાત્માની ઉપાસનાનો મૂળ આધાર પ્રેમ છે. જે પોતાના સજાતિઓને પ્રેમ કરે છે, તે જ સાચો ઈશ્વરભક્ત છે. ભગવાન કૃષ્ણએ જે કર્મયોગની જરૂરિયાત ઉપર ગીતામાં અધિક મહત્ત્વ આપ્યું છે તેનો આધાર પણ પ્રેમ જ છે. એ નિશ્ચિત વાત છે કે જ્યાં સુધી સ્વાર્થપૂર્ણ

ભાવનાઓને જડમૂળમાંથી ઉખેડી નહીં નાંખીએ ત્યાં સુધી વિશુદ્ધ કર્તવ્ય-ભાવનાનો ઉદય નહીં થાય. એટલા માટે જેમ આપણે ફળની ભાવના રાખ્યા વગર ફક્ત કર્તવ્યની દષ્ટિથી કાર્ય કરવા લાગીએ છીએ તેવી જ રીતે આપણા અંતઃકરણમાં પ્રેમનો પ્રાદુર્ભાવ થવા લાગે છે.

પ્રેમની પ્રેરણાથી જે કર્મ-કૌશલ થાય એ જ યોગ છે એવું ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં પ્રતિપાદિત કર્યું છે. આ શબ્દોથી પ્રેમની સ્વયં યોગ હોવાની વાતને સમર્થન મળે છે એટલે કે પરમાત્માને મેળવવાનો સૌથી સીધો રસ્તો અને સરળ ઉપાય વિશુદ્ધ પ્રેમ જ છે, પરંતુ આત્મ-બલિદાનનો માર્ગ મુશ્કેલ પણ એટલો જ છે. સંસારમાં પુરુષ- પ્રેમ, નારી-પ્રેમ, દેશ-પ્રેમ, જાતિ કે સંસ્કૃતિનો પ્રેમ કોઈ પણ કેમ ન હોય તેની એક કસોટી નિશ્ચિત છે. જે આ કસોટીમાં છેલ્લે સુધી ધૈર્યપૂર્વક ટકી રહે છે, તેમને જ લક્ષની પ્રાપ્તિ થાય છે. મહાપુરુષોએ કાયમ આવી પરીક્ષાઓ આપી છે, તેમણે માર્ગ ઉપરના કાંટાઓને પણ ફૂલરૂપે હસતાં હસતાં વીણ્યા છે. કષ્ટ, કઠણાઈઓ અને આપદાઓને પોતાની છાતીએ વળગાડયાં છે. ત્યારે તેમને મહાન કહેવડાવવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે.

કૃષ્ણપ્રેમમાં મતવાલી મીરાને યમુનામાં ફેંક્વામાં આવ્યાં, ઝેર આપવામાં આવ્યું, ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યાં, પરંતુ તેની નિષ્ઠામાં રતીભાર પણ ફેર ન પડયો, ત્યારે મીરા મહાન બની. દેશ-પ્રેમમાં દીવાના રાણાપ્રતાપ જંગલોમાં ભટક્યા, માટીનાં વાસણોમાં ઘાસની રોટલીઓ ખાધી, પરંતુ અકબરની ગુલામીનો તેમણે સ્વીકાર ન કર્યો. રાણા પ્રતાપ તિતિક્ષાની કસોટીએ પાર ઊતર્યા બાદ જ ભારતમાતાના વીર સપૂત તરીકે ઓળખાયા, આ બલિદાનના કારણે જ તો તેઓ ધન્ય બન્યા.

આ સંસારમાં દરરોજ લોકો જન્મ લે છે અને સેંકડોની સંખ્યામાં રોજ મરતા રહે છે, પરંતુ જેમણે પોતાના સિદ્ધાંતો ઉપર દઢતાપૂર્વક વિશ્વાસ કર્યો, જેઓ પોતાની આસ્થાઓ પ્રત્યે કાયમ ઈમાનદાર બનેલા રહ્યા. જેમણે પ્રેમ કર્યો, તેમનું હાડ-માંસનું શરીર ભલે નાશ પામ્યું હોય, પરંતુ

તેમનો યશ શરીર યુગયુગાંતરો સુધી લોકોને પ્રેરણા અને પ્રકાશ આપતો રહ્યો છે.

ચરિત્રનું ઉત્કૃષ્ટ રૂપ પ્રેમ છે. આ માનવતાની સર્વશ્રેષ્ઠ સાધના છે, જેનાથી આત્મબળ મળે છે. નિર્ભયતા, દઢતા, સાહસ, પવિત્રતા, ત્યાગ, સત્યનિષ્ઠા અને કર્તવ્યભાવનાનો આધાર શુદ્ધ અને પવિત્ર પ્રેમ છે. આને પોતાના જીવનમાં ધારણ કરનારો પુરુષ માનવ માત્ર ન રહેતાં મહામાનવ અને દેવતા બની જાય છે. વ્યક્તિનું જીવન ખીલી ઊઠે છે. આવા કર્તવ્યનિષ્ઠ નાગરિકોનાં બાહુબળથી જ રાષ્ટ્રોનું હિત ફૂલતું-ફાલતું રહે છે. પ્રેમ માનવજીવનની સાર્થકતા છે. પ્રેમવિહીન જીવન તો પશુપક્ષીઓનું પણ નથી હોતું. પ્રેમ એક નિર્મળ ઝરણું છે. તેના પ્રવાહમાં જે કોઈ પણ આવે છે, તે નિર્મળ થઈ જાય છે. પાત્ર અને કુપાત્રની ઘૃણા જેમ ઝરણાના સ્વચ્છ પ્રવાહમાં નથી થતી. તેવી જ રીતે પ્રેમીના અંતઃકરણમાં કોઈ પ્રકારની ઈર્ષા-શત્રુતા અથવા ઘૃણાની ભાવનાઓ નથી થતી. મહાત્મા ગાંધી પોતાના આશ્રમમાં પોતાની જાતે એક કોઢીની સેવા-શુશ્રૂષા કર્યા કરતા હતા. તેમાં તેમને ક્યારેય ઘૃણા ઉત્પન્ન થતી નહોતી. પ્રેમની વિશાળતામાં ઉપરથી દેખાતી મલિનતા પણ એવી રીતે સમાઈ જાય છે જેવી રીતે હજારો નદીઓનો કૂડો-કચરો સમુદ્રના ગર્ભમાં વિલીન થઈ જાય છે. પ્રેમ આત્મા વડે કરવામાં આવે છે. આત્મા મલિનતાઓથી ગ્રસિત હોય તો પણ તેની નૈસર્ગિક નિર્મળતામાં ફેર નથી પડતો. આ જ વાતને સમજીને ઉદાર મનવાળી વ્યક્તિ પોતાની સહાનુભૂતિથી કોઈને પણ વંચિત નથી રાખતી.

પ્રેમ, સાધન કે વસ્તુઓ નથી ઇચ્છતો. ધર્મપત્નીને ભલે ગમે તેવી સ્થિતિમાં રાખો, તે પોતાના પતિપ્રેમમાં ઓછા કે વધારેની છીછરી વૃત્તિથી દૂર રહે છે. પતિનાં જેટલાં અને જેવાં આવક-સાધન અને પરિસ્થિતિઓ હોય તેમાં જ સાચું સુખ માને છે. જે દંપતીઓમાં આ પ્રકારની ભાવનાઓ હોય છે, તેઓ ગમે તેટલો પણ અભાવ હોવા છતાં પણ અસીમ સુખનો અનુભવ કરતાં રહે છે. પ્રેમની સાચી ઓળખ પણ એ જ છે કે અભાવ

અને અયોગ્યતાના કારણે પણ સહૃદયતા અને કર્તવ્યભાવનામાં કોઈ પ્રકારનો વિક્ષેપ ઉત્પન્ન ન થાય.

સાચું કહીએ તો માનવજીવનનો આજ સુધીમાં જે પણ વિકાસ થયો છે, તે બધો જ પ્રેમનો મુખ્ય આધાર મેળવીને થયો છે. ઘૃણા અને ઈર્ષ્યા-દ્વેષના કારણે લોકોનાં દિલ-દિમાગ બેચેન, ઉદાસ અને નિરુત્સાહ રહે છે. નિર્માણકર્તા પ્રેમ છે, જેનાથી વિશુદ્ધ કર્તવ્ય-ભાવનાનો ઉદય થાય છે. આપણે જો આ ભાવને આપણી અંદર ધારણ કરી શકીએ તો અમીર હોય કે ગરીબ, શહેરમાં રહેતા હોય કે ગામડામાં, કાચા મકાનમાં હોઈએ કે પાકામાં, એક એવું જીવન જીવી શકીએ છીએ જેને સુખી જીવન કહી શકીએ. કહેવાય છે કે પરમાત્માની ઉપાસનાથી ઘણું મોટું સુખ મળે છે. આ સુખ પ્રેમનો જ પ્રસાદ છે. પ્રેમની પૂજા જ પરમાત્માની પૂજા છે. તો પછી આપણે પણ પ્રેમી શું કામ ન બનીએ ?

ૐ

# પ્રભુ પાષાણ તો નથી જ ને....

પ્રકૃતિમાં સર્વત્ર એક આકર્ષણનો નિયમ (લૉ ઑફ ગ્રેવિટેશન) કામ કરે છે. નિયમ એ છે કે બે વસ્તુઓનું અંતર જેટલું વધારે હશે, આકર્ષણ એટલું જ ઓછું હશે. આ અંતર જેટલું ઓછું હશે, તેટલું આકર્ષણ પણ વધતું જશે. મનુષ્ય-મનુષ્યની વચ્ચે પણ પ્રકૃતિનો આ નિયમ કામ કરે છે, એ સ્પષ્ટરૂપે જોઈ શકાય છે. પાડોશીના દુઃખમાં આપણે સહયોગી અવશ્ય થઈએ છીએ, જરૂર પડે એની સેવા અને સહાયતા પણ કરીએ છીએ, પરંતુ મૂળમાં એક સ્વાર્થ રહેલો હોય છે કે એની સાથે આવું કરવાથી જરૂર પડે આપણને પણ વળતરના રૂપમાં આ પ્રકારનો સહયોગ મળશે. વિનિમયવાળા આ વ્યવહારમાં આકર્ષણ અને પ્રેમ અતિઅલ્પ હોય છે, નહીં જેવો.

પોતાના કાકા, મામા, ભાઈ પ્રત્યે કર્તવ્યપાલનમાં અપેક્ષાકૃત અધિક

પ્રેમ અને આકર્ષણ અનુભવીએ છીએ, પરંતુ જે પ્રેમ પોતાનાં પુત્ર કે પુત્રીને માટે હોય છે, તેવો આમાંથી કોઈની પણ સાથે નથી હોતો. આ પ્રેમની ઘનિષ્ઠતાનું કારણ હતું, દૂરતાનો અભાવ. આપણી એ માન્યતા અને સત્યમાં કોઈ અંતર ન હતું કે આ પુત્ર તો મારો પ્રાણ છે, મારા શરીરમાંથી નીકળેલી સત્તા છે. તેના માટે જયારે જરૂરિયાત પડે છે ત્યારે આપણે પ્રકૃતિના નિયમોનું પણ ઉલ્લંઘન કરી નાંખીએ છીએ. સાધારણ રીતે દિવસભરના થાકના કારણે રાત્રે નીંદર આવ્યા વગર રહેતી નથી, પરંતુ બાળક બીમાર હોય, હૉસ્પિટલમાં હોય ત્યારે એક-બે રાતો તો શું કેટકેટલી રાતો જાગી શકે છે. આવું કોઈ બીજાની સાથે કરવામાં કષ્ટદાયક લાગે છે, પરંતુ પ્રેમમાં તે પ્રકારના દુઃખના સુખ જેવો અનુભવ થાય છે.આ રીતનો બધો જ પ્રેમ 'तस्वैवाह'-હું એનો જ છું-ની સીમાની અંદર આવી જાય છે. આમાં પ્રેમનો, આકર્ષણનો ભાવ તો છે જ, પરંતુ તે પડદામાં છે. તેમાં પોતાપણું પોતાનો 'સ્વાર્થ' જોડાયેલો પ્રતીત થાય છે.

બીજા પ્રકારનો પ્રેમ 'तस्वैवाह'- હું તારો જ છું - પરમાત્માની આમુખ ઉપસ્થિતિનો બોધ કરાવે છે. આપણે અનુભવ કરીએ છીએ કે આપણે આપણા પોતાનામાં અપૂર્ણ છીએ. આ અપૂર્ણતાને જયાં સુધી પૂરી નહીં કરીએ, ત્યાં સુધી સંતોષ નથી થતો, શાંતિ નથી મળતી, પ્રસન્નતા નથી થતી. સંસારમાં મનુષ્ય ફક્ત સ્વાર્થની ભાવના જ રાખીને જીવિત રહી શકતો નથી. તેને પોતાના સ્વાર્થને જયારે પણ ક્યાંક પ્રતિરોપિત કરવાનો અવસર મળે છે, ત્યારે જ તેને કશોક સંતોષ મળે છે-આવો પ્રેમ પોતાની પત્ની પ્રત્યે થઈ શકે છે. પત્ની સાથે આપણે કોઈ લોહીનો સંબંધ નથી હોતો. એક વ્યક્તિ પૂર્વમાંથી ચાલીને આવે છે બીજી પશ્ચિમમાંથી આવીને મળે છે, બંને એકબીજાને જાણતાં સુધ્ધાં નથી હોતાં, પરંતુ સમર્પણના ભાવે સાંસારિક દૂરીને એટલી ઓછી કરી નાંખી છે કે યુગલમાંથી એકબીજાથી અલગ રહેવું મુશ્કેલ થઈ જાય છે. મિલનના શરૂઆતના દિવસોમાં એકબીજાનું એકાદ-બે દિવસ માટે દૂર થવું પણ કેટલાંય વર્ષોના જેવું અસહ્ય થઈ જાય છે. સમર્પણ પ્રેમની આ ભાવનામાં

પ્રત્યક્ષ મિલનનું સુખ વધારે છે, પરંતુ તેમાં પણ આત્માને ભુલાવી તો ન જ દેવો જોઈએ, આત્મા જ સુખનો આધાર છે, કેમ કે જયારે સાથી ન હતો ત્યારે પણ આપણને સુખ તો મળતું જ હતું અને જયારે સાથી આવી જાય છે ત્યારે પણ સુખ મળે છે.

એટલા માટે જો મનૌવૈજ્ઞાનિક દૃષ્ટિથી જોવામાં આવે તો સુખ સાક્ષીમાં નહીં આત્મામાં છે, આપણી અંદર જ છે, પરંતુ આપણે બહાર શોધીએ છીએ. આત્મા આત્માને મેળવીને સુખી થાય છે. તેને મળવાનું તેને ગમે છે. મનુષ્ય શરીરથી નહીં આત્મા દ્વારા મળવા ઇચ્છે છે, પરંતુ આત્માનું જ્ઞાન ન હોવાથી તે એને શારીરિક સુખમાં શોધતો ફરે છે. કામ-વાસના તેની જ છે, જેમાં મનુષ્ય મેળવતો તો કશું જ નથી, પરંતુ પોતાનું આકર્ષણ ઓછું કરી લે છે. લગભગ દરેક સ્ત્રી-પુરુષ એવું ઇચ્છતાં હોય છે કે પોતાના સાથીને એટલો પ્રેમ કરે કે બંને એક થઈ જાય, એક શરીર એક પ્રાણ થઈ જાય, પરંતુ અજ્ઞાનતા તેમને ક્યાંની કયાં પહોંચાડી દે છે. પ્રેમના વિકાસની ત્યારે એક ત્રીજી અને અંતિમ ભૂમિકા જે પથ્થરને પણ ભગવાન બનાવી દે છે, તે છે 'तस्वैवाह' હું તો તું જ છું.

હું અને મારા ઘરના સંસારમાં સ્થૂળતાનો એક પડદો જે પડેલો છે, તેના કારણે ચેતનાના સ્વતંત્ર અસ્તિત્વનો આભાસ થઈ શકતો નથી. 'રામ'માં પણ એવી જ પ્રવૃત્તિઓ, એ જ આકાંક્ષાઓ, એ જ ચેતના ભરેલી છે, જે 'શ્યામ'માં છે. નૈસર્ગિક વિકાસની ક્રિયા બંનેમાં એક જેવી જ છે, પરંતુ રામને પોતાના કાર્યમાં અવકાશ નથી, એટલા માટે તે શ્યામને શંકાની નજરે જુએ છે, ત્યારે જાણે છે કે અરે ! આનામાં તો બધું જ એવું છે, જેવું મારામાં છે.

રામ અને શ્યામ તો દૂર જ રહ્યા, પરંતુ ચેતના સૃષ્ટિના કણકણમાં સમાવિષ્ટ છે. ત્રણે અવસ્થાઓમાં આપણો પ્રેમ ચેતનાને મળવા માટે તડપે છે અને આ ચેતનાના પ્રતિ-દાનમાં જ આપણને સુખ મળે છે. શારીરિક સુખનું કારણ તો ક્ષણમાત્ર પૂરતું હોય છે અને તેનું કારણ અજ્ઞાનતા છે. ખરેખર તો ભૂખ અને તરસ તો ચેતનાની હતી, જેને

પોતાની પૂર્ણતા સહન થતી નહોતી. ત્યારે પછી તેને ચેતનાની પૂર્ણતા ક્યાંથી હોય ? સાકારમાં કે નિરાકારમાં ? આ પ્રશ્ન સનાતનકાળથી ચાલતો અને મૂંઝવતો આવ્યો છે.

મનીષીઓ, આચાર્ય અને તત્ત્વદર્શીઓએ સમજાવ્યું કે સાકાર અને નિરાકારમાં કોઈ અંતર છે નહીં. સૃષ્ટિમાં જે પણ કાંઈ દેખાય છે, તે સૌમાં પરમેશ્વર જ નજરે પડે છે. તું તારો પોતાનો સ્વાર્થ, તારું જિદ્દીપણું તારો પડદો દૂર કરીને જો, તને દરેકમાં ભગવાન જ નજરે પડશે. આપણી ભાવનાઓમાં જે દરેક પ્રત્યે 'તું' અને માત્ર 'તું'ના પ્રત્યે પ્રેમ સમર્પિત કરી દે છે, તેને તો પથ્થરમાં પણ પરમાત્માનાં દર્શન થવા લાગે છે. પ્રેમ જે લૌકિક અર્થોમાં હતો, તેમાં પણ ભાવનાઓના સમર્પણ સિવાય બીજું તો કશું જ નહતું. ભાવના જ જો ન રહેત તો પછી પોતાની પત્ની, પુત્રી, પુત્ર અને ભાઈ-બહેનોને માટે પણ કોઈ પ્રેમભાવનાઓનું પ્રતિરોપણ માત્ર રહી જાત. ભાવનાઓ આવેશ છે, વિદ્યુતીય ચુંબક છે. તેને તો જ્યાં પણ પ્રતિરોપિત કરી દેવામાં આવે, ત્યાં જ પ્રેમનું સુખ મળવા લાગે છે.

પથ્થર પણ પંચભૌતિક પદાર્થ છે. આવનારા ધ્વનિનો પ્રતિધ્વનિ આપવાનો, ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન કરવો, તેનાં સૂક્ષ્મ કણોમાં જળ અને આકાશનો અંશ હોવાનું પ્રમાણ તો આજે વૈજ્ઞાનિકો પણ આપી રહ્યા છે. કોઈ પણ જડમાં જડ વસ્તુઓમાં પણ ચેતનાનો નિયમ સર્વત્ર ભાવનાઓની ઉપસ્થિતિનું પ્રમાણ જ છે. તો પછી શું પથ્થરની મૂર્તિ આપણને બદલામાં કશું જ આપી ન શકે? જો આપણા અંતઃકરણનો પ્રેમ પોતાના સ્વાર્થની સીમાઓને ઓળંગીને પ્રત્યેક વસ્તુમાં 'તું' અને માત્ર 'તું'નાં દર્શન કરવા લાગે તો આ પથ્થરમાંથી ઘડેલી પ્રતિમાઓમાં જ ભગવાનનાં દર્શન કરી શકીએ છીએ.

આ ભગવાન કોઈ અશક્ત અને અભાવગ્રસ્ત ભગવાન નહીં હોય- પરંતુ મીરાના ગિરધર ગોપાલની જેમ સમુદ્રમાંથી ડૂબતા બચાવી લેનાર, વિષનો પ્યાલો પોતે પોતાના કંઠમાં ધારણ કરી લેનાર, પાયલની સાથે પોતાના પાયલની સંગત કરનારો હોઈ શકે છે. પ્રહ્લાદના નૃસિંહની જેમ

તે અડધું શરીર મનુષ્યનું અને અડધું પશુનું ધારણ કરી રક્ષાને માટે ઉપસ્થિત થઈ શકે છે. કવિવર તુલસીદાસે એ ભાવનાઓની શક્તિને નિઃસીમ દર્શાવતાં લખ્યું છે-

**અંતર્જામિહુ તે બડ઼ બર્હિજીર્મિ હૈં, રામ જે નામ લિયેતેં ।**
**પૈંજ પરે પ્રહલાદ કો પ્રગટે, પ્રભુ પાહન તેં ન હિએ તેં ॥**

એટલે કે - આપણી અંદર બેઠેલા પરમાત્માથી પણ મોટો છે, બહાર સૃષ્ટિના કણ-કણમાં બિરાજમાન પરમાત્મા. તેને જ્યારે ભાવનાઓની, પ્રેમની, સમર્પણની ચોટ આપીને પ્રહ્‌લાદે પ્રગટ જાગૃત કર્યા ત્યારે તે પોતાની અંદરથી નહીં, પથ્થરમાંથી પ્રગટ થઈ આવી ગયા.

ઈશ્વરની ભક્તિ પ્રેમપૂર્ણ ભાંવનાઓનો પરમાર્થી વિકાસ માત્ર છે. તેને આપણે સૃષ્ટિમાં ફેલાયેલ વિરાટ ચેતના પ્રત્યે જાગૃત કરી લઈએ તો આપણે પથ્થરના ભગવાન પાસેથી પણ બધું જ પ્રાપ્ત કરી શકીએ છીએ, જે કોઈ પણ દેહધારી ભગવાન પ્રગટ થઈને અથવા નિરાકાર ઈશ્વર-ભક્તિથી દ્રવિત થઈને આપી શકે છે.

ॐ

# સાચા પ્રેમનું બંધન....

શરૂઆતમાં મનુષ્ય પોતાના સુધી જ સીમિત રહે છે. તે જે કાંઈ કરે કે ઇચ્છે છે, તે બધું મોટેભાગે પોતાના માટે. તેને પોતાને આ સ્વાર્થમાં કંઈક સુખનો અનુભવ થાય છે, પરંતુ આ સુખ ક્ષણિક હોય છે. સ્વાર્થની પૂર્તિનો સંતોષ સમાપ્ત થતાં જ સુખની અનુભૂતિ પણ સમાપ્ત થઈ જાય છે. પછી બીજો સ્વાર્થ હેરાન કરવા લાગે છે. આ સ્વાર્થની શૃંખલા ચાલતી રહે છે, પરંતુ જેની ઇચ્છા રાખી હોય છે તે સુખ-સંતોષ મળતાં નથી. આત્મા ખાલીને ખાલી જ રહે છે. અશાંતિ અને અસંતોષ કાયમ રહે છે.

સ્વાર્થમાં પણ જે, ઓછીવત્તી અથવા સાચીખોટી સુખની અનુભૂતિ થાય છે તેનું કારણ છે-પોતાના પ્રત્યેનો પ્રેમ. પ્રેમ જ સુખનો હેતુ છે. કોઈ કારણસર જેમને પોતાના પ્રત્યે પ્રેમ નથી રહેતો, આત્મ-ગ્લાનિ અથવા આત્મ-ક્ષોભનો ભાવ ઘેરી લે છે, તેમને સ્વાર્થની પૂર્તિમાં પણ સુખ નથી મળતું. તે જે કાંઈ પણ ખાય, કંઈ પણ પહેરે, કેટલો પણ લોભ કેમ ન હોય, પરંતુ તેને તે ક્ષણિક સંતોષ પણ નથી મળતો, જે સ્વાર્થપૂર્તિ થતાં કોઈ સ્વાર્થીને પણ મળી જાય છે. આ ઠગાઈનું મુખ્ય કારણ એ જ હોય છે કે તેનો પોતાના પ્રત્યેનો પ્રેમ સમાપ્ત થઈ ગયો હોય છે. સુખ અને સંતોષ ન તો વસ્તુમાં છે, ન વ્યક્તિમાં, સુખ તથા સંતોષ પ્રેમમાં જ નિવાસ કરે છે.

કેટલાક સમય બાદ તેનો વિવાહ થઈ જાય છે. સંકીર્ણ સ્વાર્થની સીમા તૂટે છે. તેનો પરિવેશ વધે છે ત્યારે તે ફક્ત પોતાને માટે જ કરતો નથી અને પોતાને માટે ઇચ્છતો નથી. હવે તેના કરવા અને ઇચ્છવામાં પત્ની ભાગીદાર થઈ જાય છે. તે કાંઈ પણ ખાય છે તો તેને પત્નીની યાદ આવે છે. ખાવાનું સારું નથી લાગતું. જ્યાં સુધી પત્નીને ખવડાવી ન લે ત્યાં સુધી ખાવામાં રસ નથી આવતો. કંઈક પહેરે છે તો તેનું ધ્યાન પત્નીની તરફ જાય છે અને જ્યાં સુધી પહેલાં અને પોતાનાથી સારું તેને પહેરાવે નહીં ત્યાં સુધી ગમતું નથી.

બલકે સાચી વાત એ છે કે જ્યારે તે પત્નીને માટે જેટલો વધારે ત્યાગનો મોકો મેળવે છે અને કરે છે એટલાં વધારે સુખ અને સંતોષ પામે છે. એવું કેમ? એવું એટલા માટે કે તેને પત્ની પ્રત્યે પ્રેમ હોય છે. નહીંતર પોતાની સંપત્તિનો ઉપભોગ કોઈ બીજું કરે તો સારું લાગવાનું તો ઠીક, ખરાબ જ લાગવું જોઈએ, પરંતુ પ્રેમના કારણે જ્યારે પુરુષ પોતાની તગડી કમાઈના મૂલ્ય ઉપર પત્નીનાં સુખ-સુવિધાને જુએ છે, તેને ખાતાં, પહેરતાં અને ખર્ચ કરતાં જુએ છે તો પ્રસન્ન થાય છે. હવે તેને પોતાની એકાકી સ્વાર્થ નથી ગમતો. તેને ગ્લાનિ થાય છે. તે પ્રકારનો વિચાર આવતાં હીનતા અનુભવે છે, જે સ્વાર્થ પહેલાં તેને સુખ આપતો હતો,

તે જ હવે અરુચિકર લાગવા લાગે છે. આનું કારણ કેવળ એ જ છે કે તેને પત્ની સાથે પ્રેમ હોય છે. જે સ્પષ્ટ રીતે સ્વાર્થપૂર્તિથી પ્રાપ્ત થનારાં સુખથી વધુ શીતળ, સંતોષપ્રદ અને સ્થાયી હોય છે.

પછી બાળકો થાય છે. પ્રેમના પરિઘનો અધિક વિસ્તાર થાય છે. અત્યાર સુધી પત્નીની સાથે કેટલોક પોતાનો સ્વાર્થ પણ રહેતો હતો, પરંતુ હવે તો એ પણ નથી રહેતો. હવે જો પોતાનું પેટ ખાલી હોય અને બાળકો તૃપ્ત હોય તો પણ સંતોષ મળે છે. પોતાનાં કપડાં ફાટેલાં-મેલાં હોય અને બાળકોએ સારાં વસ્ત્રો પહેર્યાં છે તો માત્ર જોઈને પણ આનંદિત થઈ જાય છે. એટલું જ નહીં, બધાંને ખવડાવ્યા બાદ બચેલું ખાવા બેસે છે ત્યારે બાળકો આવતાં જ ઝૂંટવે છે. બધું જ છીનવી- ઝપટીને ખાઈ જાય છે ત્યારે આ સ્થિતિમાં તેને વધુ આનંદ આવે છે.

આવું શા માટે ? આવું એટલા માટે કે બાળકો તેને વહાલાં છે અને ત્યારે સ્વાર્થ વધુ માત્રામાં સમાપ્ત થઈ ચૂકયો હોય છે અને ત્યાગની ભાવના વધતી જતી હોય છે. પ્રેમનો જેટલો વિસ્તાર એટલી જ સ્વાર્થની હાનિ, જેટલી પણ સ્વાર્થની હાનિ એટલી જ ત્યાગભાવનાની વૃદ્ધિ, એટલાં જ સુખ, સંતોષ અને આનંદ. પ્રેમનો વિસ્તાર વધે છે, જે સમાજ, દેશ અથવા રાષ્ટ્ર સુધી ફેલાઈ જાય છે. રાષ્ટ્ર સુધી વિસ્તારેલ પ્રેમના પ્રમાણથી ત્યાગભાવનાની વૃદ્ધિ થાય છે. રાષ્ટ્રહિત માટે, દેશપ્રેમ માટે, વ્યક્તિ શું નથી આપી શકતી ? સંપત્તિ આપી શકે છે, બધું જ આપી શકે છે. જેટલું-જેટલું આપતો જાય છે, તેટલો-તેટલો તે ઉપર આવતો જાય છે અને આનંદ મેળવતો જાય છે.

દેશભક્ત ફાંસી ઉપર ચઢતાં કે ગોળી ખાતી વખતે પણ આનંદિત થતા હોય છે. શા માટે ? એટલા માટે કે તેમને દેશ, રાષ્ટ્ર અથવા સમાજ પ્રત્યે પ્રેમ હોય છે. આનંદનો નિવાસ પ્રેમમાં છે, નહીં કે કોઈ અન્ય વસ્તુમાં. પ્રેમની પૂર્ણતાની પરિણતિ જ આનંદની ઉપલબ્ધિ છે અને આનંદમિશ્રિત મૃત્યુની પૂર્ણતા મોક્ષ સિવાય બીજું કંઈ જ નથી.

આ પ્રેમ જ્યારે પોતાની બધી જ સીમાઓને તોડીને અખિલ જડ-

ચેતનમાં ફેલાઈ જાય છે ત્યારે મનુષ્ય વિભુ રૂપ થઈ જાય છે. મનુષ્યનો આ અસીમ વિસ્તાર તેને આનંદ સાગરમાં લીન કરી દે છે. પ્રતિક્ષણ સુખ, સંતોષ, શીતળતા અને આનંદનો અનુભવ થતો રહે છે. સર્વ મંગળ, સર્વ કલ્યાણ અને સર્વ સ્વસ્તિ અનાયાસે જ સદા-સર્વદાને માટે મળતાં જાય છે, પછી કશું જ મળવાનું બાકી રહેતું નથી. પ્રેમની ઉપલબ્ધિને પરમાત્માની ઉપલબ્ધિ માનવામાં આવે છે. પ્રેમ પરમાત્માનું ભાવનાત્મક સ્વરૂપ છે. જેનો પોતાના અંતરમાં સહજ રીતે અનુભવ કરી શકાય છે. પ્રેમ પ્રાપ્તિ પરમાત્માની પ્રાપ્તિનો સૌથી સરળ માર્ગ છે. પરમાત્માને મેળવવાનાં અન્ય સાધન, કઠિન, કઠોર, દુસાધ્ય તથા દુર્ગમ છે. એકમાત્ર પ્રેમ જ એવું સાધન છે, જેમાં કઠિનતા, કઠોરતા અથવા દુઃસાધ્યતાના સ્થાન પર સુખનો સમાવેશ થાય છે. પ્રેમની આરાધના દ્વારા પરમાત્માને મેળવવાનું મનુષ્યને માટે અત્યંત સરળ છે અને આ પ્રેમસાધનામાં જો મનુષ્ય આગળ વધતો જાય તો તે પરમાત્મ-સ્વરૂપ થઈ જાય છે.

આમ તો કોઈ પણ કહી શકે છે કે તેના હૃદયમાં પ્રેમનો નિવાસ છે. એવો અનુભવ પણ થઈ શકે છે, કેમ કે પ્રેમભાવના વિનાનો મનુષ્ય જીવતો રહી શક્તો નથી. તેને કોઈને કોઈ સાથે, કોઈ પણ સ્તરનો પ્રેમ હોવો અનિવાર્ય હોય છે. પ્રેમ જ માનવજીવનની સંજીવની છે. પ્રેમભાવના સર્વથા સમાપ્ત થઈ જતાં મનુષ્ય મૃતક સમાન અશક્ત થઈ જાય છે, તેની રુચિ, આકર્ષણ અથવા લગાવ કોઈની પણ સાથે નથી રહેતો, ત્યારે કાં તો તે પાગલ થઈ જાય છે અથવા તો માનસિક રૂપથી બીમાર. અત્યાચાર, આતતાયિત્વ, રક્તપાત, રોષ, ક્ષોભ, નિરાશા વગેરેના વિકાર પણ પાગલપણાનાં લક્ષણ છે. પ્રેમના સમાપ્ત થઈ જવાથી મનુષ્ય મરુભૂમિની માફક નીરસ અને ઉદાસ થઈ જાય છે, જે અસ્તિત્વ ધરાવતો હોવા છતાં પણ મૃત જેવો જ દેખાય છે.

હૃદયની સરળતા તથા સદાશયતા પ્રેમ ઉપર જ નિર્ભર છે. એ નષ્ટ થઈ જવાથી મનુષ્ય એક પ્રકારે અત્યાચારી બની જાય છે. તે સ્વના પ્રત્યે

અથવા બીજા પ્રત્યે અનાચારી બને તે જુદી વાત છે. અત્યાચારીપણું પણ મૃત્યુનું જ એક લક્ષણ છે. શરીરથી જીવંત લાગતા આવા મનુષ્ય આત્માથી મરી ચૂક્યા જ હોય છે. જીવન અનુભૂતિનો કોઈ પણ આનંદ તેમને નથી મળતો. કરુણા, દયા, ક્ષમા આદિથી વહેનારા શીતળ વાયુનો અનુભવ તેમને નથી થતો. આ દોષોની સાથે ચાલનાર જીવન નિશ્ચેષ્ટ મૃત્યુથી પણ ખરાબ હોય છે. આથી જીવિત મનુષ્યમાં પ્રેમનો કોઈને કોઈ ભાવ હોવો અનિવાર્ય છે. છતાં પણ જે પ્રેમને, જે આકર્ષણ અથવા રુચિને મનુષ્ય પોતાની અંદર અનુભવે છે, તે વાસ્તવિક પ્રેમ નથી હોતો. તે માત્ર સ્વાર્થ પ્રત્યે થતી મોહની અનુભૂતિ હોય છે.

ઘણું કરીને લોકોનું અનુમાન હોય છે કે તેમને પોતાના પ્રત્યે પોતાના પરિવાર પ્રત્યે સમાજ પ્રત્યે અને રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ છે, પરંતુ તેઓ ક્યારેય એક ક્ષણ પણ એવું વિચારે છે કે આ પ્રેમ સાચો છે કે ખોટો? આની એક મોટી ઓળખ એ છે કે તેઓ ક્યારેય કોઈ પણ સ્થિતિમાં કોઈ એવો વ્યવહાર નથી કરતા, જેનાથી રાષ્ટ્ર, દેશ, સમાજ, પરિવાર અથવા પોતાને કોઈ ક્ષતિ ન પહોંચે અને તેનું કોઈ પ્રકારનું અહિત ન થાય. જો આવું હોય ત્યારે એક વખત એવું કહી પણ શકાય કે તેમને તે સંબંધો પ્રત્યે પ્રેમ છે, અન્યથા નહીં, પરંતુ સાચા પ્રેમની કસોટી આનાથી કંઈક ઉપર છે, અને તે એ છે કે જો કોઈ પોતાના સંબંધો તથા અનુબંધોને માટે કશાકનો ત્યાગ કરે છે અને તેની સાથે કોઈ સ્વાર્થ નથી જોડતો, સાથેસાથે તે ઉત્સર્ગમાં આનંદની અનુભૂતિ થતી હોય ત્યારે તેનો પ્રેમ સાચો જ કહેવાશે.

ઘણી વાર લોકો દેશ, રાષ્ટ્ર અથવા સમાજ પ્રત્યે ગાઢ પ્રેમનો અનુભવ કરે છે. તેમનો આ પ્રેમ વાતવાતમાં પ્રગટ થાય છે. પરમાત્મા પ્રત્યેના ભક્તિભાવમાં આંખો વારંવાર ભીની થતી જોવામાં આવે છે. કીર્તન, ભજન અથવા જપ કરતી વખતે આંસુની ધારા વહ્યા કરે છે તેમની આ

દશા જોઈ કહી શકાય છે કે તેમને સમાજ અથવા પરમાત્મા સાથે પ્રેમ છે, પરંતુ એવા જ લોકો વખત આવતાં તેના માટે થોડોક પણ ત્યાગ કરવા માટે તૈયાર થતા નથી. આવા પ્રેમી અથવા ભક્તજન પ્રેમથી નહીં, પરંતુ ભાવનાના અતિરેકથી પરિચાલિત થાય છે. સાચા પ્રેમનું પ્રમાણ ત્યાગ છે. જે પોતાના પ્રિયને માટે બધી જ વસ્તુઓનો સુખપૂર્વક ત્યાગ કરે છે અને કોઈ વસ્તુ ઇચ્છતો નથી તે જ સાચો પ્રેમી છે, ભક્ત છે.

પ્રેમમાં, પ્રદાન સિવાય આદાન કે વિનિમય હોતો નથી. તે વિશુદ્ધ બલિદાન, ત્યાગ અને આત્મોત્સર્ગની ભાવના છે. સાચો પ્રેમી પોતાના પ્રિયજનના હિત અને સુખને માટે બધું જ આપી છૂટે છે અને આ આપવાની ભાવનામાં દાન અથવા પ્રાપ્તિનો કોઈ ભાવ હોતો નથી. કોઈના માટે કશાકનો ત્યાગ કરતી વખતે જ્યારે એવો અનુભવ થાય કે આપણે આપણા માટે જ ત્યાગ કરી રહ્યા છીએ, આપણા ત્યાગથી અન્યને મળનારું સુખ જ્યારે પોતાનો આત્મા અનુભવે ત્યારે સમજવું જોઈએ કે આપણા હૃદયમાં સાચા પ્રેમનો શુભારંભ થઈ ગયો છે. જે દિવસે આનો શુભારંભ થઈ જશે ત્યારે સંસારનાં બધાં જ દુઃખ અને શરીર, મન તથા આત્માના ત્રણે તાપ નાશ પામવા લાગશે. હરઘડી એક અનિર્વચનીય આનંદની શીતળતાનો અનુભવ થતો રહેશે.

પ્રેમ જ પરમાત્માનું અનુભૂતિમય સ્વરૂપ છે. તેને પ્રાપ્ત કરવું એ જ માનવજીવનનું ધ્યેય હોવું જોઈએ. આને પામવાને માટે સૌથી પહેલી શરત છે, નિઃસ્વાર્થી હોવું. પોતાના હૃદયનો પ્રેમ અણુ-અણુમાં સ્થાપિત કરી તેના માટે નિઃસ્વાર્થ ત્યાગનો અભ્યાસ કરનારા એ માર્ગ ઉપર જ ચાલી નીકળે છે, જે પરમપિતા પરમાત્મા તરફ જાય છે. આત્મપ્રેમના પરિઘને વધારતાં વધારતાં પરમાત્મા સુધી પહોંચાડીને જ પ્રેમભાવનાનો વિકાસ સરળતાથી કરી શકાય છે.

આથી, આત્મ-કલ્યાણના આ ક્રમને યાદ રાખવો કે મનુષ્યએ

પોતાના જીવનનું સંચાલન કરવું જોઈએ. જેમ જેમ પ્રેમની પરિધિ વધતી જાય છે, તેમ તેમ સ્વાર્થ ઘટતો જાય છે. જેમ જેમ સ્વાર્થ ઘટતો જાય છે તેમ તેમ ત્યાગભાવનાની વૃદ્ધિ થતી જાય છે અને જેમ જેમ ત્યાગની વૃદ્ધિ થતી જાય છે. તેમ તેમ આત્મામાં આનંદનું આગમન થતું જાય છે. એક દિવસ એવો આવે છે કે પ્રેમ પરમેશ્વર બની જાય છે. પરમેશ્વર પ્રેમીજનને છોડવા નથી માંગતો અને પ્રેમીજન પરમેશ્વરને છોડવા નથી માંગતો. બંને એકબીજાના પ્રેમમાં એવી રીતે બંધાઈ જાય છે કે બધાં જ ભવ-બંધનોમાંથી એકસાથે મુક્તિ મળી જાય છે. કદાચ એટલા માટે જ કહ્યું છે કે-

સાંચે પ્રેમ કે બંધન....
આપહિ બંધ ગયે ભગવાન।...

ૐ

## સર્વ દેવ નમસ્કારં કેશવં પ્રતિ ગચ્છતિ...

પૂજા, પાઠ, જપ, ધ્યાન, અનુષ્ઠાન વગેરે જે પણ ક્રિયાઓ કરવામાં આવે છે, તેનો મૂળ ઉદ્દેશ્ય પરમાત્મા પ્રત્યે પોતાની નિષ્ઠાને ગાઢ કરવાનો હોય છે. પરમેશ્વર પ્રત્યે પ્રેમ અને સ્નેહ પ્રગાઢ કરવાનો હોય છે. જેમ જેમ પ્રેમ અને સ્નેહ પ્રગાઢ થતો જાય છે અને નિષ્ઠા ગંભીર થતી જાય છે, તેમ તેમ વ્યક્તિ પરમાત્માની નજદીક આવતી જાયે છે. આ જ પ્રેમ ધીરે ધીરે પરિપકવ થઈને શક્તિનું રૂપ ધારણ કરી લે છે અને ભક્ત અને ભગવાન એકાકાર થઈ જાય છે. આ રીતે ઉપાસનાનું મૂળ તાત્પર્ય ઈશ્વર પ્રત્યેના પ્રેમનો વિકાસ કરવાનું જ છે.

પરમાત્મા પ્રત્યે વિકસિત પ્રેમ જયારે પોતાની ચરમ અવસ્થાએ પહોંચે છે, ત્યારે પ્રેમ ફક્ત પરમાત્મા સુધી જ સીમિત નથી રહેતો, તે વિશ્વ-રૂપ પરમાત્મા સુધી ફેલાઈ જાય છે. સાચા ભક્ત અને સાચા પ્રેમીની ઓળખ એ જ હોય છે કે તેનો પ્રેમ સમાન રૂપથી ભાવસંસારના બધા

જીવો પ્રત્યે પ્રવાહિત થતો રહે છે. કોઈ વ્યક્તિ કેટલીય પૂજા અને ધ્યાન, જપ વગેરે કરતો કેમ ન હોય, જો તેનો પ્રેમભાવ સંકુચિત હશે, તેનો પ્રસાર પ્રાણીમાત્ર સુધી થયો નહીં હોય તો તેને ભક્ત માની શકાય નહીં.

ભગવાનના ભક્ત અને પરમાત્માને હૃદયથી પ્રેમ કરનારા પોતાના આત્મા અને સમાજના નૈતિક નિયમોને પ્રેમ કરે છે. કારણ એ હોય છે કે નૈતિક નિયમોનું વ્યાવહારિક રૂપ હોય છે. દરેક મનુષ્ય એક આત્મા છે અને આત્માનો સંબંધ પરમાત્મા સાથે હોય છે. સાંસારિક જીવનમાં પરમાત્મા પ્રત્યે ઊંચે જોવાનો આ જ ક્રમ છે. ભગવાનના ભક્ત આ પાવન ક્રમથી વિમુખ થઈ શકતા નથી, જે પરમાત્માને પ્રેમ કરશે તે તેનાથી સંબંધિત દરેક કાર્યમાં પણ પ્રેમભાવ રાખશે. જેણે અખિલ વિશ્વ બ્રહ્માંડને પ્રેમ કરવાનું શીખી લીધું, તેના કણેકણ સાથે આત્મભાવ જોડી લીધો, તેણે પરમાત્માને પામવાનું સૂત્ર મેળવી લીધું. પરમાત્માના મિલનમાં અપાર આનંદ હોય છે, સાથેસાથે તેની તરફ લઈ જનારા કોઈપણ ક્રમમાં પણ ઓછો આનંદ નથી હોતો. જે કોઈ આત્મા દ્વારા સ્વીકૃત સમાજનાં નૈતિક નિયમોનું પાલન કરતા રહે છે, તે સમાજની દૃષ્ટિએ ઊંચો ઊઠી જાય છે, સમાજ તેને પ્રેમ કરવા લાગે છે.

આવી ભાગ્યવાન વ્યક્તિ જ્યાં પણ રહે છે, તેમની આસપાસનું વાતાવરણ સ્વર્ગીય ભાવોથી ભરેલું રહે છે. તેમની આજુબાજુ કંકાસ અથવા ક્લેશને કોઈ સ્થાન હોતું નથી. જે પ્રકારનો નિર્વિઘ્ન અને નિર્વિરોધ આનંદ પરમાત્માના મિલનથી મળે છે, તે જ પ્રકારનો આનંદ વિશ્વબ્રહ્માંડ પાસેથી પ્રાપ્ત થાય છે.

સ્વર્ગની ઉપલબ્ધિ કોઈ ખાસ લોકની ઉપલબ્ધિમાં નથી. સ્વર્ગ ધાર્મિક અને પાવન પરિસ્થિતિઓનું એક એવું ધાર્મિક નામ છે કે જ્યાં સુંદર, સુખદાયક અને કર્તવ્યપૂર્ણ પરિસ્થિતિઓ હોય, ત્યાં જ સ્વર્ગ છે. ઈશ્વરના સાચા ભક્તોમાં પ્રેમની જે પાવન ધારાઓ વહેતી રહેતી હોય છે, તેના આધારે તેની ચારે બાજુની પરિસ્થિતિઓ પણ પ્રેમપૂર્ણ થઈને રહે છે એટલા માટે ભક્તજન દરેક સમયે સ્વર્ગમાં જ નિવાસ કર્યા કરે છે.

સાધનાનું મંતવ્ય ઈશ્વરીય પ્રેમ પ્રાપ્ત કરવાનું જ માનવામાં આવ્યું છે. જો સાધના સાચી છે તો તેનું પરિણામ પ્રેમના રૂપમાં જ મળવું જોઈએ. સાચા સાધકનું હૃદય પ્રેમની ધારામાં પરિપ્લાવિત થઈ જાય છે. તે પ્રાણીમાત્રમાં પોતાના આત્માનું દર્શન કરવા લાગે છે. આત્મીયતા અને ઉદારતા પ્રેમનું જ તો રૂપ છે ! આત્મીયતાનો ભાવ આવતાં જ સંસારનાં સુખ-દુઃખ સાધકને પોતાનાં સુખ-દુઃખ જણાવા લાગે છે. જે રીતે કૂવામાં ડોકિયું કરી બૂમ પાડતાં જે પડઘો કૂવામાંથી નીકળી કાનોમાં ગૂંજે છે, એ જ રીતે સાધકના હૃદયનો પ્રેમ પરમાત્મા અથવા તેનાં વ્યક્ત રૂપ પ્રાણીઓને સ્પર્શીને પુનઃ પ્રેમીની પાસે પરત આવીને તેને આત્મવિભોર કરી દે છે. એનો એ આશય નથી હોતો કે પરમાત્મા અથવા પ્રાણી તેના પ્રેમનો સ્વીકાર કરે અને તેને એમ જ પરત કરી દે, પરંતુ એનો આશય એવો હોય છે કે જયારે સાધક પરમાત્મા અથવા પ્રાણીઓને પ્રેમ કરે છે તો તેમની તરફથી સુપ્રતિફળમાં કેટલાય ગણો વધુ પ્રેમ પામે છે.

ઉદારતા અને ત્યાગ સાચા પ્રેમની અનિવાર્ય વિશેષતા છે. જેના પ્રત્યે પ્રેમનો ભાવ રાખતા હોઈએ, તેના પ્રત્યે કશાકનો ત્યાગ કરવાની ઈચ્છા થાય છે. પ્રેમનો સ્તર જેટલો ઊંચો હોય, એટલા જ પ્રમાણમાં ત્યાગનો ભાવ પણ વધી જાય છે. ભક્ત ભગવાનને માટે, પ્રેમી પોતાના પ્રેમાસ્પદને માટે સર્વસ્વ ત્યાગવા માટે તૈયાર રહેતા હોય છે. પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ હોવાના કારણે સાધક હમેશાં દરેકના પ્રત્યે ત્યાગ કરવાની અને કષ્ટ ઉઠાવવાની તૈયારી રાખતો હોય છે. સમય આવે તે ત્યાગ પણ કરે છે. તો પણ સામાન્ય સ્થિતિમાં તે સંસારની સેવા કરે છે અને પોતાની ઉદાર ભાવનાનો પરિચય પણ કરાવતો રહે છે. ઉદારતા અને ત્યાગ વગરની વ્યક્તિને સાધક માની શકાય નહીં. પ્રેમ અને ત્યાગનું આવું જીવતુંજાગતું ઉદાહરણ ભીલ બાળક એકલવ્યના ચરિત્રમાં પૂર્ણ રીતે જોવા મળે છે.

ભીલ બાળક એકલવ્ય ધનુર્વિદ્યા શીખવા ઈચ્છતો હતો. તે સમયે ધનુર્વિદ્યાના આચાર્ય દ્રોણાચાર્ય હતા. તેઓ કૌરવો અને પાંડવોને ધનુર્વિદ્યા

શીખવાડવા માટે નિત્ય જંગલમાં લઈ જતા હતા. એક દિવસ એકલવ્ય તેમને જંગલમાં મળ્યો અને પોતાને શિષ્ય રૂપે સ્વીકારી ધનુર્વિદ્યા શીખવાડવાની પ્રાર્થના કરી, પરંતુ કેટલીક પરિસ્થિતિઓવશ દ્રોણાચાર્યે તેને ધનુર્વિદ્યાનું શિક્ષણ આપવાની ના પાડી દીધી. એકલવ્ય એનાથી નિરાશ ન થયો, તેણે માટીમાંથી દ્રોણાચાર્યની મૂર્તિ બનાવીને શિક્ષણ લીધું અને તેના વડે તેની હાર્દિક શ્રદ્ધા અને નિષ્ઠા ફળીભૂત થઈ અને એકલવ્ય તે સમયનો અદ્વિતીય ધનુર્ધર બની ગયો અને પછીથી ગુરુના કહેવાથી પોતાનો અંગૂઠો પણ કાપીને આપી દીધો.

માટીના ગુરુએ તેને કોઈ સહાયતા ન કરી, સહાયતા કરી એકલવ્યના પોતાના હૃદયમાં નિવાસ કરી રહેલી ગુરુભક્તિએ. આનાથી વિપરીત દ્રોણાચાર્ય સ્વયં જો તેને ધનુર્વિદ્યા શીખવત અને એકલવ્યના હૃદયમાં ભક્તિભાવ ન હોત, તો તે જરા પણ પ્રગતિ કરી શક્ત નહીં. કૌરવોની સાથે એવું જ થયું. તેમનામાં ગુરુભક્તિની ઊણપ હતી અને સાથેસાથે નિષ્ઠા નિર્બળ હતી. એટલા માટે નિપુણ આચાર્ય દ્રોણના શીખવાડવા છતાં પણ તેઓ સારા ધનુર્ધારી બની ન શક્યા. જ્યારે તેમની જ સાથેના અર્જુનના હૃદયમાં ગુરુ પ્રત્યે સાચી ભક્તિ અને નિષ્ઠા હતાં, જેના કારણે તે પોતાના યુગનો યશસ્વી અને અમોઘ ધનુર્ધર બની શક્યો.

આ જ વાત ઈશ્વર-ઉપાસનાના સંબંધમાં પણ છે. તેની ઉપાસના ભલે પછી સાકાર અથવા નિરાકાર રૂપમાં કરવામાં આવે, જો શ્રદ્ધા, ભક્તિ અને નિષ્ઠા વગેરેમાં પ્રેમ પૂરિત ભાવનાની ઊણપ વર્તાશે તો ઉપાસનાનો કોઈ પણ પ્રકાર સફળ થશે નહીં. આથી સ્પષ્ટ છે કે ઉપાસનામાં પૂજા, પાઠ, ધ્યાન, જપ, તપ વગેરેનું મહત્ત્વ એટલું નથી, જેટલું સાચી પ્રેમભાવનાનું. ઉપાસનાના રૂપમાં સાધક જે પણ જપ-તપ, પૂજા-પાઠ કરે છે, તેનાથી તે પોતાની નિષ્ઠા અને પ્રેમ-ભાવનાને જ પરિષ્કૃત તેમજ વિકસિત કરે છે. આ દિશામાં તે જેટલી વધુ પ્રગતિ કરતો જાય છે, એટલો જ વધુ ઈશ્વરીય અનુભૂતિનો અધિકારી બનતો જાય છે. સાધનાનો સાર પ્રેમ અથવા ભક્તિને જ માનવામાં આવે છે, બાહ્ય

આડંબરને નહીં.

સાધક જો એ વાતનું ધ્યાન રાખવા ઇચ્છતો હોય કે તેની સાધના યોગ્ય રૂપે વિકસિત થઈ રહી છે કે નહીં, તો તેણે એ જોવું પડશે કે તેના હૃદયમાં પ્રેમ-ભાવનાની વૃદ્ધિ થઈ રહી છે કે નહીં. પૂજા-પાઠ તો ઘણાં કરે છે, પરંતુ તેની ભાવના તેવી જ રીતની નીરસ અને કઠોર હશે તો તેણે સમજી લેવું પડશે કે તેની સાધના નિષ્ફળ જઈ રહી છે. વિકાસની દિશામાં તે એક કદમ પણ આગળ વધી રહ્યો નથી અને જો તેના હૃદયમાં, આત્મીયતા, ઉદારતા અને પ્રેમની ભાવના જાગી રહી છે તેવું અનુભવતો હોય તો તેણે વિશ્વાસપૂર્વક પોતાના માર્ગ ઉપર ચાલતા રહેવું જોઈએ. તેની સાધના સફળતા પ્રત્યે જતી જોવામાં આવશે.

સાચી અને સમુચિત સાધનાનું લક્ષણ એ છે કે સાધકના અંતઃકરણમાં પ્રેમની સુધા પ્રવાહિત થતી રહે. તેને અન્યનું સુખ-દુઃખ પોતાનું લાગે અને અન્ય પ્રાણીમાત્રમાં પોતાનો આત્મા અને પોતાના આત્મામાં પ્રાણીમાત્રના આત્માનું દર્શન અનુભવે. જે દિવસે સાધક આ સાર્વભૌમિક પ્રેમની અનુભૂતિ કરવા લાગશે, તે જ દિવસથી તે પરમાત્મમિલનની પરિધિમાં પ્રવેશ કરતો જશે.

છળ-કપટ, ઈર્ષ્યા- દ્વેષ આદિ દોષ, પ્રેમભાવમાં બાધક હોવાના કારણે સાધકને આગળ વધતાં રોકે છે. પોતાના ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે સાધકે આની ઉપર વિજય પ્રાપ્ત કરવો જ પડશે. હૃદયને પરિષ્કૃત તેમ જ વિકસિત બનાવવાનો ઉપાય એ જ છે કે કાં તો પોતાના હૃદયમાં પ્રેમભાવનાનો વિકાસ કરવામાં આવે અથવા પછી ઉક્ત દોષોનું દમન કરવામાં આવે. આ બંને ઉપાયોનું પરિણામ એક જ હશે. પ્રેમનો વિકાસ કરવાથી પ્રેમમાં વૃદ્ધિ આવશે અને દોષોનું દમન થઈ જશે અને જો દોષોનું દમન કરી દેવામાં આવશે તો અવરોધો તૂટતાં હૃદયમાં પ્રેમભાવનાનો વિકાસ આપોઆપ થવા લાગશે. તાત્પર્ય એટલું જ કે ઈશ્વર-મિલન અને આધ્યાત્મિક સફળતાને માટે સાધકના હૃદયમાં પ્રેમભાવનો વિકાસ તથા અભિવૃદ્ધિ હોવાં જોઈએ. તેના માટે પછી કોઈ

પણ ઉપાય કેમ ન અજમાવવો પડે ?

ત્યાગપૂર્ણ સેવાભાવને પ્રેમનો પ્રાણ માનવામાં આવે છે. પ્રેમની મામલામાં પ્રકટ અને અનુભવ કેટલોય કેમ ન કરવામાં આવે, પરંતુ તેમાં જો ત્યાગ અને સાચો પ્રેમ નહીં હોય તો તે સાચો પ્રેમ નથી, તે અનુભૂતિ આસક્તિ અથવા મોહનું જ એક રૂપ હશે. મોહ અથવા આસક્તિ આધ્યાત્મિક અવગુણ છે. આના રહેવાથી ઇચ્છિત દિશામાં વિકાસ વધારી શકાતો નથી. પ્રેમ આત્માની શક્તિ છે અને મોહ અથવા આસક્તિ તેની નિર્બળતા. નિર્બળતાને સાથે રાખીને ઈશ્વરમિલનના ઉચ્ચ પથ ઉપર ચાલવું સંભવ નથી.

પ્રેમની વાંછનામાં મોહ અથવા આસક્તિનું પરિપાલન ન થાય, એ વાતની સાવધાની સાધકે રાખવી જોઈએ. જો તે કોઈ વ્યક્તિ સાથે પ્રેમ થયાનું અનુભવે ખરો, પરંતુ તેને માટે ત્યાગ કરવાની, તેની સેવા કરવાની જિજ્ઞાસા તેને થતી ન હોય તો વિશ્વાસપૂર્વક કહી શકાય કે તે પોતાના આત્મામાં પ્રેમનો નહીં, પરંતુ મોહનો વિકાસ કરી રહ્યો છે. આવી સ્થિતિમાં તેણે તરત જ સાવધાન બની પોતાને સુધારી લેવો જોઈએ.

જે કોઈના પ્રત્યે સાચો પ્રેમભાવ હશે તેના પ્રત્યે ત્યાગ અને સેવાના ભાવનો ઉદય થવો સ્વાભાવિક છે. સાચો પ્રેમી પોતે મુશ્કેલી સહન કરીને પોતાને નિર્લોભી અને નિઃસ્વાર્થી રાખીને પોતાના પ્રેમી-પાત્રને વધુમાં વધુ સુખ મળે તેવો પ્રયત્ન કરે છે. પોતાના પ્રેમાસ્પદ ઈશ્વરને પ્રસન્ન કરવા માટે, તેને સુખ પહોંચાડવા માટે તેની પણ સેવા કરવી પડશે. તેને માટે ત્યાગ કેળવવો પડશે, પરંતુ ઈશ્વર સ્થૂળ રૂપથી તો પ્રાપ્ત થતો નથી અને ન તેને કોઈના સીધેસીધા ત્યાગની જરૂરિયાત હોય છે. આવી સ્થિતિમાં તેને સુખ કઈ રીતે પહોંચાડી શકાય ?

આનો એક સુંદર અને સરળ ઉપાય એ જ છે કે આપણે ઈશ્વર પ્રત્યે જે ત્યાગ કરવા ઇચ્છીએ છીએ, તેની જે રીતે સેવા કરવા ઇચ્છીએ છીએ, તેનો લાભ તેના અંશ સંસારના અન્ય જીવોને પહોંચાડીએ. સંસારના બધા જ જીવોની અંદર પરમાત્માનો નિવાસ છે. તેમને માટે કરવામાં

આવતી દરેક પ્રકારની સેવા ઈશ્વરને જ પ્રાપ્ત થાય છે. પ્રાણીઓની સેવા ઈશ્વરની સેવા છે અને તેમના માટે કરવામાં આવતો કોઈપણ ત્યાગ તેના માટે જ કરવામાં આવ્યો છે તેવું માની શકાશે

**સર્વદેવ નમસ્કારં કેશવં પ્રતિગચ્છતિ**

ઈશ્વરમિલનના ઉપાયને આ રીતે સારાંશમાં સમજીને તેની સાધના કરવી જોઈએ. જપ-તપ, પૂજા-પાઠ, યોગ-અનુષ્ઠાન દ્વારા પોતાના આત્મામાં આત્મભાવનો વિકાસ કરતા રહીને, તેની સચ્ચાઈના પ્રમાણમાં સેવાપૂર્ણ ત્યાગનો લાભ પ્રાણીમાત્રને આપતા રહીને પરમાત્માને પ્રસન્ન કરતા રહેવું જોઈએ. ધીરે-ધીરે એ સમય આવી જશે જ્યારે પરમાત્મા પ્રસન્ન થશે અને સાધકને પોતાના કલ્યાણમયી, આનંદમયી અને કરુણામયી ખોળામાં સ્થાન આપશે. જીવનની બધી જ સાધના સફળ થઈ જશે અને તેના માટે કરવામાં આવેલ બધા જ ત્યાગનું પરિણામ એકસાથે મળી જશે.

ૐ

# પ્રેમ જ જીવન, પ્રેમ જ ઈશ્વર

એકાંગી ઉપાસનાનું ક્ષેત્ર વિકસિત કરી પોતાનો અહંકાર વધારનાર વ્યક્તિને ઈશ્વરના સાચા ભક્ત કહી શકાય નહીં. પરમાત્મા દરેક રીતે ન્યાયકારી છે. તે પોતાનું જ સુખ, પોતાનો જ સ્વાર્થ સિદ્ધ કરવા ઇચ્છતા હોય, એવા ભક્તને ક્યારેય પોતાનો પ્રેમ નથી આપતા. સંસારનાં બીજાં પણ જેટલાં પ્રાણી છે, તે બધાં જ તે પરમાત્માનાં પ્યારાં બાળકો છે. કોઈની પાસે શક્તિની ઊણપ છે, કોઈની પાસે ગુણની ઊણપ છે, તો એથી શું થયું ? પિતાને પોતાનાં બાળકો સમાન રીતે પ્યારાં હોય છે. જે પોતાનાં બધાં બાળકોને સમાન રીતે પ્રેમ કરી શકતો હોય, તેને જ પરમાત્માનો, વાસ્તવિક પ્રેમ મળી શકે છે. ફક્ત પોતાની જ વાત, પોતાની જ જરૂરિયાતને સાચી કહેનારી વ્યક્તિ લાખ પ્રયત્ન કરવા છતાં પણ તેને પ્રાપ્ત કરી શકતી નથી.

પ્રેમી ભક્તનાં લક્ષણ દર્શાવતાં ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં લખ્યું છે -

**અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્ર કરુણા એવ ચ ।**
**નિર્મમો નિરહંકાર, સમ દુઃખ- સુખ ક્ષમી ॥**
**સંતુષ્ટ સતતં યોગી યતાત્મા દૃઢ નિશ્ચય : ।**
**મય્યર્પિત મનોબુદ્ધિર્યો મદભક્ત સ મે પ્રિયઃ ॥**

"હે અર્જુન ! હું એવા ભક્તને પ્રેમ કરું છું. જે જીવો પ્રત્યે દ્વેષભાવ નથી રાખતો, દરેક જીવોની સાથે મિત્રતા અને દયાળુતાનો વ્યવહાર રાખે છે. મમતારહિત, અહંકાર- શૂન્ય દુઃખ અને સુખમાં એકસરખો રહેવાવાળો દરેક જીવોના અપરાધોને ક્ષમા કરવાવાળો, સદૈવ સંતુષ્ટ મારું ધ્યાન કરવાવાળો, વિરાગી, દૃઢનિશ્ચયી અને જેણે પોતાનાં મન- બુદ્ધિ મને સમર્પિત કરી દીધાં છે, એવો ભક્ત મને અતિશય પ્રિય છે."

અહીં આપણે એક વાત સમજી લેવી જોઈએ કે આ આખો સંસાર ભગવાનના એક અંશમાં જ સ્થિત છે. નાનું મોટું સારું ખરાબ બધું જ તેનું રચેલું છે. તેના હિત અને કલ્યાણનું પણ તેને ધ્યાન હોવું જોઈએ. ફક્ત પોત-પોતાની ઇચ્છાઓની તૃપ્તિ શોધવામાં એવું ક્યાંથી સંભવે કે મનુષ્ય બીજાની સાથે દ્વેષ ન કરે ? સુખની ઇચ્છામાં પ્રતિસ્પર્ધા જરૂરી છે. કામનાગ્રસ્ત કોઈની ભલાઈ પણ કઈ રીતે કરી શકશે અને આવી વ્યક્તિ પરમાત્માની દયાનો અધિકારી પણ કેવી રીતે બની શકે ?

ચરાચર જગતમાં એક ઈશ્વરની સત્તા જ અનેક રૂપોમાં કાર્ય કરી રહી છે. ઈશ્વરની એક અંગની ઉપાસના કરવામાં આવે અને અન્યની ઉપેક્ષા કરવામાં આવે તો પરમાત્મા તે ભક્તથી સંતુષ્ટ કઈ રીતે થઈ શકે ? ભક્તિનું સ્વરૂપ સર્વાંગીણ હોવું જોઈએ. મોંથી ભોજન કરાવવામાં આવે અને પગને બાંધીને એક બાજુએ મૂકી દેવામાં આવે તો તે પરમાત્મા પોતાના ઉપાસકની ભાવનાથી કઈ રીતે સંતુષ્ટ થઈ શકશે ? ઈશ્વરના પારલૌકિક અને અદૃશ્ય જગતને કદાચ પ્રાણ માનવામાં આવે અને સંપૂર્ણ સંસારને તેનો દેહ, તો દેહને પણ એટલો જ પ્રેમ કરવો જોઈએ જેટલો

પ્રાણને દેહની ઉપેક્ષાએ પ્રાણોનું અસ્તિત્વ પણ શું ક્યાંય સંભવ હોઈ શકે ખરું ?

ઈશ્વરના ઉપાસકમાં શ્રદ્ધા, ભક્તિ, એકાગ્રતા, બુદ્ધિની તીક્ષ્ણતાની સાથેસાથે જીવદયા અને પ્રેમનો સમન્વય પણ હોવો જોઈએ, કેમ કે પ્રેમ જ વિશ્વનો આધાર છે, વિશ્વનો આત્મા છે. ઈશ્વરપ્રેમ પણ વિશ્વપ્રેમની અંતર્ગત છે. પ્રાણીમાત્રની સાથે વ્યવહાર, આત્મીયતા અને મૈત્રીની ભાવના રાખનારા લોકો તેને વગર પ્રયાસે, વગર સાધને મેળવી લે છે.

ચતુરજનોની રીતિ એવી હોય છે કે કોઈપણ મહાપુરુષોના કૃપાપાત્ર બનવાને માટે તેમના પ્રિય સંતાનની સેવા અને પ્રેમ કરે છે. પોતાનાં આત્મીયજનોને પ્રેમ કરતા જોઈને ઘણા જ કઠોર હૃદયની વ્યક્તિઓને પણ નરમ પડતી જોઈ છે. પછી પરમાત્મા જો સહૃદય અને દયાળુ છે, તે પોતાનાં બાળકો પ્રત્યે કર્તવ્યભાવનાને પૂરી થયેલી જોઈને પ્રસન્ન શા માટે ન થાય ? આના લીધે તો તે ભક્તની અન્ય કામનાઓને પણ સહર્ષ પૂરી કરી દે છે.

વેદોમાં કહેવામાં આવ્યું છે કે જે લોકો સંપૂર્ણપણે પ્રાણીઓનાં હિતને વિચારે છે, પરમાત્મા સ્વયં તેમનો ભાર વહન કરે છે. પરંતુ સમાજ પ્રત્યેનાં પોતાનાં કર્તવ્યોનું સમુચિત રૂપે પાલન ન કરનારા ઈશ્વરભક્ત આત્મકલ્યાણમાં સમર્થ હોતા નથી. સમાજ પણ મનુષ્યનું પોતાનું જ સ્વરૂપ છે. પોતાના સ્વાર્થની પૂર્તિમાં તત્પરતા હોવી સ્વાભાવિક છે, પરંતુ પોતાની જેમ જ પોતાના સમાજ પ્રત્યે પરમાર્થનું ધ્યાન રાખવામાં ન આવે, તો તેવી ઈશ્વર-ઉપાસનાથી આત્મ-સંતોષ થવો અસંભવ છે.

નિર્મમતા અને અહંકારથી મુક્તિ મળી ગયાનું પ્રમાણ એકાત્મવાદી થઈને આપી શકાય નહીં. મનુષ્ય દરેક પ્રત્યે ઉદારતાપૂર્ણ વ્યવહાર કરશે ત્યારે જ તેની અંદર રહેલી કટુતાનો ભાવ નાશ પામશે. જ્યાં સુધી અન્યને માટે પોતાની જાતને નિર્મળ કરવામાં નહીં આવે ત્યાં સુધી અહંકાર દૂર થવો પણ સંભવ નથી. ઈશ્વર ક્યારેય કોઈની પણ સામે પ્રત્યક્ષ પ્રગટ થયો નથી, એટલા માટે તે પ્રત્યક્ષરૂપથી ક્યારેય સેવાઓ પણ લઈ શકતો

નથી.ઉપાસના અને પ્રાર્થનાથી પ્રભાવિત થઈને મનુષ્યરૂપ ધારણ કરી કદાચ તે ઈશ્વર પોતાની વિભૂતિઓ સહિત ભક્તની સમક્ષ ઉપસ્થિત થઈ જાત અને ભક્ત પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેત તો સંભવ હતું કે તે સ્થિતિમાં તેને આત્મસંતોષ થઈ જાત. પરમાત્માના સંસારમાં આ પ્રકારની વ્યવસ્થા છે નહીં.તે જો આરાધકની ત્યાગપ્રવૃત્તિને જોવા ઇચ્છે, તો પોતાના કોઈ બાળકને જ પરીક્ષા લેવાને મોકલશે. આપણે આપણાં બાળકો, ધર્મપત્ની, પરિવાર, ગામ, મહોલ્લો, સમાજ અને રાષ્ટ્ર તથા સંપૂર્ણ વિશ્વને માટે આત્મ-ત્યાગની ભાવનાનો પરિષ્કાર કરીને જ સર્વાત્માની કૃપાનું પુણ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ, અને આ ત્યારે જ સંભવે છે જયારે આપણે સૌની સાથે પ્રેમથી રહીએ, દરેકની સાથે આત્મીયતા રાખીએ, સૌની સાથે સહાનુભૂતિપૂર્વકનું વર્તન કરીએ, દરેકની ઉન્નતિમાં દરેકને સહયોગ આપીએ. કોઈની પણ સાથે ઈર્ષા, દ્વેષ, છળ, પાખંડ, અન્યાય, અત્યાચાર કરીને પરમાત્માની કૃપાના અધિકારી બનવાની વાત વિચારવી પણ મિથ્યા છે. ત્યારે તે જરૂરી થઈ જાય છે કે ઉપાસનાનું સ્વરૂપ બહુમુખી હોય. આત્મઉદ્ધારને માટે એકાંતમાં બેસીને કરુણ-ભાવથી ઈશ્વરની ઉપાસના કરવામાં આવે, સાથેસાથે અન્ય ભાઈઓને પણ અસહાય અવસ્થામાંથી ઊંચે ઉઠાવવા જોઈએ. ભગવાનના સ્વરૂપને યાદ કરતા રહીને પ્રેમપૂર્વક એના નામનો જપ અને કીર્તન, ધ્યાન અને ભજન તો થઈ શકે, પરંતુ એના સામાજિક શરીરની ઉપેક્ષા થવી ન જોઈએ. દરેક જીવોમાં ભગવાનનો અંશ બિરાજમાન છે. બધા જ લોકો તેની વિવિધ મૂર્તિઓ છે. બધા તેનાં અંગ છે. બધા તેનાં સાધન છે. એક સાધનને માટે અન્ય સાધન કઈ રીતે ભુલાવી શકાય ? ઈશ્વરની ઉપાસના એકતરફી શાને માટે કરવી જોઈએ ?

"પરમાત્મા ફક્ત એકાંતવાસીને જ મળે છે અને પરમાત્મ-દર્શનનો અર્થ ઘરબાર છોડીને યોગી થઈ જવાનો છે." જો આવો અર્થ કરવામાં આવે તો, પછી આપણા ઋષિઓની બધી જ વ્યવસ્થા અને ભારતીય દર્શનની બધી જ માન્યતાઓ ખોટી સાબિત થશે. જપ, ધ્યાન અને

સાધનાની એક નિશ્ચિત સીમા હોય છે, ત્યાર પછીની સાધના જ સમાજ અને વિશ્વના હિત સાધન તથા લોકમંગળમાં કામ આવતી હોય છે. ઘણા ઋષિ-મુનિઓએ એક સારા સદ્‌ગૃહસ્થ તરીકે સમાજમાં રહીને સાધના તથા તપસ્યા કરી, પરંતુ તેમને કોઈ સ્વાર્થી કહી શકતું નથી. તેઓ અંત સુધી સમાજના હિતમાં લાગેલા રહ્યા. પરમાત્મ-દર્શનનો અર્થ પણ ખરેખર તો "હું અને મારાં"ના ત્યાગથી જ શક્ય બને છે. આ જે કાંઈ છે તે પરમાત્માનો અંશ છે, પરમાત્માના પ્રત્યેક અંશની પૂજા કરવાથી જ પૂર્ણતાની પ્રાપ્તિ શક્ય બને છે.

ઈશુ, મન્સુર, શંકરાચાર્ય, રામકૃષ્ણ તથા દયાનંદ આદિ અનેક ઈશ્વરપરાયણ દેવદૂત છે. ઈશ્વરની કૃપાના ફળસ્વરૂપ તેમણે સામાન્ય વ્યક્તિમાંથી ઉચ્ચતર સિદ્ધિઓ મેળવી. જો ઈશ્વર-ઉપાસનાનો અર્થ એકતરફી લાભ મેળવવાનો રહ્યો હોત તો આ મહાપુરુષોએ પણ કાં તો કોઈ એક સ્થાન ઉપર બેસીને સમાધિ લઈ લીધી હોત અથવા ભૌતિક સુખોને માટે મોટાં-મોટાં સાધનો એકત્ર કરી શેષ જીવન સુખોપભોગમાં વિતાવ્યું હોત, પરંતુ એમાંથી કોઈએ પણ એવું ન કર્યું. તેમણે સૌએ અંતમાં તો મહામાનવની જ ઉપાસના કરી, તેમને સિદ્ધિથી સંતોષ ન થયો ત્યારે ફરી પાછા સમાજમાં આવ્યા અને પ્રાણીમાત્રની સેવાને પોતાની ઉપાસનાનો આધાર બનાવ્યો.

મુક્તિના અધિકારી મનુષ્યોએ પરલોકની ચિંતા કરવી ન જોઈએ. આ લોક પણ પરલોક જ છે. જો આપણે અહીં પણ પરમાત્માના સ્વરૂપનું જ દર્શન કરીએ તો પછી જીવમાત્રમાં તેની આભાનાં દર્શન કરનાર માટે પરલોકની કામના શા માટે ? પરમાત્મા પાસેથી આપણે પ્રેમ, સ્નેહ, દયા, જ્ઞાન, શક્તિ, ભાવનાઓનાં ઉર્ધ્વગામી સુખોની અપેક્ષા કરીએ છીએ. આ સુખ તો આપણને મનુષ્યો અને જીવોની સેવા કરવાથી પણ ઉપલબ્ધ થઈ શકે છે. આ વિશ્વમાં પશુ-પક્ષી જેવા જીવો જેમને આત્મજ્ઞાનની પ્રાપ્તિ વિધેય નથી, તેમની રક્ષાવૃદ્ધિ અને તેમનાં હિતને માટે પણ કશુંક તો કરવું જોઈએ અન્યથા પરમાત્માના આ સુંદર બાગની

રખેવાળી અને તેને સુસજ્જિત રાખવાના આપણા ઉત્તરદાયિત્વનું પાલન કઈ રીતે થઈ શકશે ?

જે રીતે પરમાત્માની ઉપાસનામાં તેમના રૂપ, ગુણ અને ઐશ્વર્યનું કીર્તન કરીએ છીએ તેવી જ રીતે આપણે તેમના પુત્રોનાં ભજન- કીર્તન પણ કરવાં જોઈએ. જે પદાર્થ જીવોને માટે ઉપયોગી છે અને સદ્‌ગુણો તથા સત્કર્મોની વૃદ્ધિ માટે જરૂરી છે તે પદાર્થોની ઉન્નતિ, વૃદ્ધિ અને રક્ષા ચેષ્ટા કરવી પણ જરૂરી છે. પરમાત્મા પોતાની પ્રત્યેક સુંદર વસ્તુનો શણગાર જોઈને જેટલો પ્રસન્ન થશે તેટલો કદાચ પોતાના ગુણોની પ્રશંસાથી થશે નહીં.

ઉપયોગી પદાર્થોની રક્ષા કરવી, સત્સંપત્તિમાં વધારો કરવાની ચેષ્ટાની સાથે અવગુણોને રોકવા એ પણ એક પ્રકારે ઈશ્વરની ઉપાસના જ છે. આમાં પણ પરમાત્માના સૌંદર્ય અને ગુણોની ઉપાસનાનો ભાવ જ છુપાયેલો છે. જે પદાર્થ જીવોના દુર્ગુણ અને દુષ્કર્મોને વધારનારો છે, તેને ઘટાડવા અને નષ્ટ કરવાને માટે પણ આપણા પ્રયત્નો ચાલતા રહેવા જોઈએ. હાનિકારક પદાર્થોના ન રહેવામાં જીવોનું હિત છે અને વિશ્વમાં હિત તેમ જ કલ્યાણની નિષ્કામ કામના રાખવી એ જ વિશ્વપ્રેમ છે.

આ પ્રકારે જે વિશુદ્ધ પ્રેમ અને સેવાભાવનાથી પ્રાણીઓના કલ્યાણનાં કાર્યોમાં રત રહે છે, તેઓ બહારથી લોકોને ગમે તેવા ભલે દેખાતા હોય, પરંતુ ઈશ્વરની નજરે તો તે જ સાચા પ્રેમી ભક્ત હશે. સમાજની ઉપેક્ષા કરીને કરવામાં આવતી પ્રભુ-ભક્તિનું મહત્ત્વ એટલું નથી હોતું. એટલા માટે વિશ્વપ્રેમ જ ઈશ્વરનો સાચો પ્રેમ છે. કહ્યું પણ છે કે,

**પ્રેમ જ જીવન; પ્રેમ જ ઈશ્વર,**
**પ્રેમ સુખોનો સાગર છે.**

ૐ

# પ્રેમ રંગ રસ ઓઢ ચદરિયા...

આ વિશ્વમાં સૌથી મોટો રસ પ્રેમનો છે. આના એક એક બુંદને માટે આત્મા તરસે છે અને જ્યાં પણ ક્યાંક તેને આ મધુર મધુનું એક ટીપું પણ ઉપલબ્ધ થાય છે, ત્યાં તે તેના માટે મોટામાં મોટી કિંમત ચૂકવવા માટે તૈયાર થઈ જાય છે. બાળકમાં પ્રેમ-ભાવ આરોપિત માતા તેની ઉપર પોતાનું બધું જ ન્યોછાવર કરે છે અને કુરૂપ તેમજ ગુણરહિત હોવા છતાં પણ તેને સુંદર અને ગુણવાન માને છે. પતિવ્રતાને પોતાનો પતિ પ્રાણપ્રિય હોય છે અને પત્નીવ્રતા પોતાની ધર્મપત્ની ઉપર પ્રાણ ન્યોછાવર કરે છે. એવું બની શકે છે કે તેમાં સ્વાર્થનો કશોક અંશ રહેલો હોય, પરંતુ પ્રધાનતા તો પ્રેમને જ હોય છે. પ્રેમરહિત સ્વાર્થને માટે એક હદ સુધી જ મનુષ્ય ત્યાગ કરી શકે છે, પરંતુ જ્યાં સાચો પ્રેમ છે, ત્યાં પ્રેમી આત્મા તેનું મહાન મૂલ્ય આપમેળે જાણી લે છે અને તેના માટે મોટામાં મોટું બલિદાન કરવું સહજ થઈ જાય છે.

સુખ અને શાંતિના સ્થળની શોધ કરવાને માટે લોકો જ્યાં ને ત્યાં ભટકતા રહે છે. કોઈ એકાંતમાં, કોઈ નદી પહાડોનાં પ્રાકૃતિક દશ્યોમાં, કોઈ તીર્થ, નગરોમાં પ્રસન્નતા તેમજ શાંતિ પ્રદાન કરનારી પરિસ્થિતિઓ શોધે છે, પરંતુ ખરેખર તો આનંદનું સ્થાન ત્યાં જ છે જ્યાં પ્રેમીજનોનો નિવાસ છે. પોતાને પ્રેમ કરનારા, સહાનુભૂતિ રાખનારા સ્વજન જ્યાં રહે છે, ત્યાં મનુષ્ય ફરી-ફરીને જાય છે. પરદેશમાં પ્રચુર જીવિકા અને સુખ-સુવિધા હોવા છતાં પણ કેટલાય વ્યવસાયી પોતાની જન્મભૂમિના નાનકડા ગામમાં પહોંચવાને માટે ઇચ્છુક હોય છે. પોતાનાં પ્રિયજન જ્યાં રહે છે, તે સ્થાન ખરેખર સ્વર્ગ સમાન આનંદદાયક લાગે છે. કદાચ એટલા માટે જ જનની જન્મભૂમિને સ્વર્ગથી પણ મહાન કહેવામાં આવી છે. આ શ્રદ્ધામાં પ્રેમભાવના જ એકમાત્ર આધાર છે. કોઈ કવિએ લખ્યું છે

હિમવાસી જો હિમ મેં, તમ મેં, જી લેતા હૈ કાંપ-કાંપ કર,
કર દેતા હૈ, પ્રાણ ન્યોછાવર વહ ભી અપની માતૃભૂમિ પર.

આત્માની સૌથી મોટી શ્રેષ્ઠતા પ્રેમભાવના છે. જેમનું અંતઃકરણ ઉચ્ચ સ્તર ઉપર પહોંચી ચૂક્યું છે તેમને બધાં જ પોતાનાં લાગે છે. દરેક પ્રત્યે મમતા તેમ જ આત્મીયતા હોય છે. સેવા,દયા, કરુણા, સહાયતા, સહયોગ, ક્ષમા, ઉદારતા, દાનશીલતા જેવી અગણિત સત્પ્રવૃત્તિઓ પ્રેમભાવનાની જ છાયામાત્ર છે. જે અંતઃકરણમાં બીજાને માટે પ્રેમ ઊભરાશે, જેને અન્ય લોકો પ્રત્યે પણ આત્મીય ભાવ જાગશે, તે જ કોઈની સાથે ઉપકાર જેવું આચરણ કરી શકશે. પ્રેમના અભાવમાં બનાવટી ઉદારતા કાં તો કોઈને ઠગવાને માટે હોય છે અથવા તો પછી યશપ્રાપ્તિને માટે. આ બંને પ્રયોજન જ્યાં પૂરાં નહીં થતાં હોય, ત્યાં બનાવટી પ્રેમ તરત જ બદલાઈ જશે, પરંતુ જ્યાં પ્રેમનો જ નિવાસ છે તેવા અંતઃકરણમાંથી સૌજન્યની સુગંધ નિરંતર આપમેળે પ્રસરતી જ રહેશે.

મહાન વ્યક્તિ ફક્ત પ્રેમી જ હોઈ શકે છે. તેનામાં જ ઉચ્ચ ગુણોનું સુસ્થિર સ્થાયીપણું રહી શકે છે. બીજા લોકો શિષ્ટાચારની સજ્જનતાથી, મોર જેવી મધુરતાથી, બીજાને મોહિત કરી શકે છે, પરંતુ કસોટીના સમયે તેમની પોલ તરત ખૂલી જાય છે. મુશ્કેલીના સમયે મનુષ્યના ડગમગતા પગને સ્થિર રાખવા અને ઉચ્ચ આદર્શો ઉપર અડગ રાખવાની શક્તિ ફક્ત પ્રેમમાં જ છે. આદર્શો પ્રત્યે, માનવતા પ્રત્યે, ધર્મ પ્રત્યે, પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ રાખનાર જ પોતાની જાતને મુશ્કેલીમાં મૂકીને પણ પોતાની મૂલ્યવાન ભાવનાઓને સુરક્ષિત રાખી શકે છે. નીરસ, રુક્ષ અને સ્વાર્થી લોકો બીજાનું દુઃખ કઈ રીતે જાણી સમજી શકે ? અને અન્યના દુઃખમાં આંસુ વહાવવાની તરલતા તેમના કઠોર માનસમાં કઈ રીતે આવી શકે ? ઉપનિષદોમાં વિશ્વપ્રેમના રૂપમાં પરમાત્માની પ્રતીતિ થાય છે. 'रसो वै सः'ની ઘોષણા કરતાં શાસ્ત્રએ એ સ્પષ્ટ કરી દીધું છે કે પ્રેમ જ પરમાત્મા છે. પરમાત્માનો સજીવ મૂર્તિમાન નિવાસ જો ક્યાંય જોવો હોય તો પ્રેમીનું

હૃદય જ તેનું ઉપયુક્ત સ્થાન હોઈ શકે છે. આત્માનું મૂલ્યાંકન પ્રેમભાવનાઓના રસાયન સેવન કરવાથી જ થઈ શકે છે. તે એને વારંવાર પીને જ પરમાત્મા બની જાય છે. સ્વાતિની બુંદ છીપના ગર્ભમાં જઈને મોતી બની જાય છે તેમ આત્મારૂપી છીપમાં જ્યારે પ્રેમનું સ્વાતિબિંદુ પ્રવેશી જાય છે ત્યારે ત્યાં થોડા જ સમયમાં પરમાત્મારૂપી મોતીનું દર્શન થાય છે. સૂર્યની ગરમી મળતાં જ કળી ખીલીને ફૂલના રૂપમાં પરિણત થઈ જાય છે. આત્મા ઉપર પ્રકાશ પડતાં જ તે પરમાત્માના રૂપમાં, મહાત્માના રૂપમાં, વિશ્વાત્માના રૂપમાં વિકસિત થતાં દૃષ્ટિગોચર થવા લાગે છે. આખરે આત્મવિકાસનો આધાર પ્રેમ જ તો છે.

પરમાત્માને પકડવાનો, વશમાં રાખવાનો માર્ગ, પ્રેમ સિવાય બીજો કોઈ છે જ નહીં. ભક્તિનો અર્થ છે પ્રેમ. ભક્ત અને પ્રેમી બંને શબ્દોનું તાત્પર્ય એક જ છે. આ સંસારનું એક પ્રકટ રહસ્ય છે કે જે વસ્તુને આપણે પ્રેમ કરીએ છીએ તે મળી જાય છે. વિદ્યા, ધન, સ્વાસ્થ્ય, કીર્તિ, વાસના, વિલાસિતા આદિ જે કાંઈ આપણને પ્યારું છે તેના માટે પ્રયત્ન કરવામાં આવે છે અને એ પ્રયત્નની પાછળ જેટલો ઉત્સાહ, વિવેક, શ્રમ અને મનોયોગ લાગે છે તેટલી તેમાં સફળતા પણ મળે છે. અધ્યાત્મ જગતમાં પણ આ જ નિયમ કામ કરે છે. આત્મ-કલ્યાણમાં પરમાત્માની પ્રાપ્તિમાં જો આપણી પ્રીતિ અને પ્રતીતિ સાચી હશે તો તે લક્ષની પ્રાપ્તિ પણ સુનિશ્ચિત હશે જ.

સકામ ઉપાસનાથી લાભ ન થતો હોય, એવું નથી હોતું. જ્યારે દરેકને મજૂરી મળતી હોય તો પછી ભગવાન કોઈ ભજન કરનારને મજૂરી શા માટે આપે નહીં ? જ્યારે ભૌતિક પુરુષાર્થ કરવાનો લાભ મળતો હોય તો આધ્યાત્મિક પુરુષાર્થ શા માટે નિષ્ફળ જશે ? જેટલું આપણું ભોજન હશે, જે શ્રેણીની આપણી શ્રદ્ધા હશે અને જેવો ભાવ હશે તેને અનુરૂપ હિસાબ ચૂકવવામાં ભગવાનને ત્યાં અન્યાય નથી હોતો. પરંતુ અહીં એ વાતનું ધ્યાન રાખવાનું છે કે વેપારી બુદ્ધિથી કરવામાં આવેલું ભજન પોતાના સમર્પણથી જ લાભ ઉત્પન્ન કરી શકે છે.

નિષ્કામ ભાવથી આત્મસમર્પણ કરનારી પત્ની વિવાહ કર્યા પછી જ પતિની વિશાળ સંપત્તિની અધિકારી થઈ શકે છે, પરંતુ વેશ્યાને આ લાભ મળી શકે ? તે પોતાના શરીરનું જેટલા સમયનું જેટલું મૂલ્ય નક્કી કરી લે, પછી તેને તેટલું જ મળે છે. આખું જીવન અનેક પુરુષોને શરીર વેચતા રહેવા છતાં પણ એ એટલું કમાઈ નથી શકતી જેટલું ધર્મપત્નીને મળી જાય છે અને પાછું વેશ્યાને માટે અન્યની નજરમાં આદર પણ કેટલો ? પત્ની બીમાર પડતાં પતિ તેની ચિકિત્સાને માટે પોતાની બધી જ મૂડી ખર્ચી જાણે છે. પોતાનું લોહી પણ આપી શકે છે, પરંતુ વેશ્યા જો બીમાર થાય તો કયો વ્યભિચારી તેના માટે કશું પણ ત્યાગ કરવા ઇચ્છુક હશે ? ભક્તિનો વેશ્યાવૃત્તિની રીતે નહીં, પરંતુ પતિવ્રતાની જેમ પ્રયોગ કરવો જોઈએ. ભક્તિભાવનાનો મુખ્ય લાભ સંપદાઓ ભેગી કરવાનો નહીં, આત્મકલ્યાણનો છે. ભક્તિનો ઉદ્દેશ્ય માનવ-અંતઃકરણમાં પ્રેમભાવનાની અભિવૃદ્ધિ કરવાનો છે, જેના લીધે તે મહાન માનવ બનીને પોતાની ચારે તરફ સત્યમ્, શિવમ્, સુંદરમ્‌થી પરિપૂર્ણ એક દિવ્ય વાતાવરણ ઉત્પન્ન કરી શકે.

નિષ્કામ ઉપાસનામાં બેવડો લાભ છે. ઘટ-ઘટવાસી, સર્વવ્યાપી ભગવાન એ સારી રીતે જાણે છે કે મારા કયા પુત્રને કેવી તકલીફ છે ? તે કરુણાના સાગર અનંત વાત્સલ્યથી ઓતપ્રોત છે, પ્રાણીમાત્રનું નિરંતર હિત ઇચ્છે છે, તો પછી પોતાના ભક્તોને માટે શા માટે નહીં ? આપણે સ્વયં નથી જાણતા હોતા કે આપણું હિત શેમાં છે અને શેમાં અહિત છે ? રોગીને થોડી ખબર હોય છે કે તેને માટે કયો આહાર પથ્ય છે અને કયો અપથ્ય ? એને વૈદ્ય જ જાણતો હોય છે. જે કાંઈ આપણા માટે જરૂરી છે તે મળનારું જ છે. તે ઉપલબ્ધિને પરમાત્મા ઉપર જ શા માટે છોડી ન દઈએ. આપણા કર્તવ્યપાલન કરવાની જવાબદારી નિભાવતા રહીને ફળનો નિર્ણય તે કરુણાનિધાન ઉપર જ શા માટે છોડી ન દઈએ, જે પોતાની સહજ ઉદારતાથી આપણને નિરંતર ઘણું જ આપતો રહે છે.

સાચો પ્રેમ નિષ્કામ ભાવનાની અપેક્ષા કરે છે. સ્વાર્થપૂર્ણ પ્રેમ ન

સંસારમાં સફળ થાય છે, ન આત્મિક ક્ષેત્રમાં. તેનાથી ન તો કોઈ મનુષ્ય પોતાનો થઈ શકે છે, ન પરમાત્માનો. પ્રેમનું સ્વરૂપ નિઃસ્વાર્થ જ છે. પરમાત્મા સાથે કામનામિશ્રિત નકલી પ્રેમ ક્યાં સુધી ટકી શકશે ? જેવી રીતે મતલબી દોસ્તી નાનીઅમથી વાતમાં તૂટી જાય છે એવી જ રીતે સકામ કામનાવાળી ભક્તિમાં પણ સ્થાયીપણું ક્યાં હોય છે ? મતલબ સિદ્ધ થઈ ગયો તો પછી ભક્તિનું શું પ્રયોજન ? અને મતલબ ન નીકળે તો પછી પૂજા-પાઠમાં માથું મારવાથી શો લાભ ? આ રીતે બંને સ્થિતિમાં સ્વાર્થપૂર્ણ ભક્તિ તૂટે છે. તેનો અંત અસફળતામાં જ હોય છે.

આપણી સાધના આત્મકલ્યાણને માટે નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવથી હોવી જોઈએ. સાચા પ્રેમીની સાચી ભક્તિનો વિકાસ જ સાધનાનું લક્ષ છે. આનાથી આત્મકલ્યાણ અને લૌકિક સુખ-શક્તિનો બેવડો લાભ છે. આપણે માટે આ જ શ્રેષ્ઠ તેમજ શ્રેયસ્કર છે.

ૐ

# રિક્ત જીવનની તૃપ્તિ - પ્રેમ

જોઈએ છીએ કે દુનિયા પ્રગતિ કરી રહી છે, ધન વધી રહ્યું છે, વિદ્યા અને બુદ્ધિના ચમત્કાર ચારે તરફ જોવામાં આવે છે. વિજ્ઞાન વડે દેવલોક જેવી સુવિધાઓ આ પૃથ્વી ઉપર ઉત્પન્ન કરવામાં આવી છે, મનોરંજનનાં માધ્યમ ઝડપથી વધતાં જોવામાં આવે છે. ચિકિત્સાએ મોતને લલકાર્યું છે અને ન જાણતા હોય એવું ઘણું ઘણું વધી રહ્યું છે.

આવા પ્રગતિના યુગમાં કોણ જાણે કયા પ્રકારની વિકૃતિ મનુષ્યની અંદર ઘર કરતી રહી છે જેના લીધે તે એકાકી, ખોખલો, બીકણ, સ્તબ્ધ અને ચિંતિત નજરે પડે છે. નથી કોઈના જીવનમાં આનંદ, નથી ઉલ્લાસ, નથી સંતોષ કે નથી શાંતિ. મદિરા પીને ઉન્મત્ત થઈ ફરનારાની જેમ તુચ્છ જેવી ઉપલબ્ધિઓને માટે મનુષ્ય અકડાઈથી ફરે છે, અન્યની ઉપર ધાક જમાવવાની પેરવીમાં રત છે, પરંતુ દિવસે-દિવસે એવા ઉમંગથી વંચિત જ થઈ રહ્યો છે જે આંતરિક શાંતિ અને સમસ્વરતાના આધારે

ઉત્પન્ન થાય છે અને જેના વગર, અદેખાઈ, ગુસ્સો અને અતૃપ્તિ જ જીવનમાં બાકી રહી જાય છે.

મનુષ્યથી શું ખોવાઈ ગયું છે ? તે શાના અભાવ વડે ગ્રસ્ત છે ? એ વિચારવું પડશે. સ્વલ્પ સાધનોમાં કરોડો વર્ષોથી શાંતિ અને સંતોષપૂર્વક જીવવામાં આવતું હતું, તો પછી આટલાં પ્રચુર સાધનો હોવા છતાં, આટલો ઉદ્વેગ શા માટે ? આટલાં અસંતોષ અને નિરાશાનું કારણ શું હોઈ શકે ? જેના લીધે વિક્ષિપ્ત વૈતાલની માફક મનુષ્યને સંતોષની તરસ છિપાવવા માટે દરેક દરવાજા સાથે અથડાવું પડે અને દરેક જગ્યાએથી ખાલી હાથ પાછા ફરવું પડે ?

જેની સત્તા, મહત્તા અને ઉપયોગિતાને અત્યારના સમયે લગભગ વિસ્મરિત કરી દીધો છે તેવો પ્રેમ માનવ-જીવનની સૌથી મોટી વિભૂતિ છે. શરીર કરતાં વધારે મનુષ્ય પાસે જે કાંઈ દિવ્ય છે તેની તૃપ્તિ પ્રેમ સિવાય અન્ય કશાથી થઈ શકતી નથી. શરીરમાં ૯૫ ટકા પાણીનો અંશ છે. તેને જીવિત રાખવા માટે પાણી જોઈએ. તરસનું સમાધાન કર્યા વગર શરીરની સ્થિરતા નથી. તરસને સહન કરવી મુશ્કેલ છે. તેના વગર શરીર સુકાતું, મુરઝાતું, ચીમળાતું જોવા મળશે અને ક્રમશઃ પોતાના અસ્તિત્વને ગુમાવી દેશે.

શરીરથી ઉપર જે 'દિવ્ય'છે તેની સંરચનામાં પ્રેમનું બાહુલ્ય છે. તેને સજીવ રાખવા માટે પ્રેમનું સિંચન અનિવાર્ય છે. જો તે ન મળી શકે તો અંદર તો ચિતા જ સળગશે. ત્યારે આંતરિક ઉદ્વેગ, અંતરંગના આખા માળખાને ડગમગાવી નાખશે. ડગુમગુ થવા છતાં પણ આજે દુનિયા જીવી રહી છે. વધતી જતી નશાબાજીની પાછળનું એક મોટું કારણ એ છે કે પ્રેમના અભાવથી ઉત્પન્ન અંતરંગના ખાલીપણાને સહન કરી શકવાનું સંભવી શકતું નથી અને અભાવથી ઉત્પન્ન આંતરિક ચિત્કારને દબાવવાને માટે નશો કરવામાં આવી રહ્યો છે. નશો કરવાનું મુખ્ય કારણ ગમ છે. ઊંઘની ગોળીઓ લીધા સિવાય રાત વીતતી નથી. નશો કર્યા વગર દિવસ પસાર થતો નથી. કહેવાતા બુદ્ધિજીવી વર્ગની આ જ હાલત

છે. પછાત કહેવાતા લોકો પણ આ રીતે જીંદગીની લાશ ખેંચી રહ્યા છે.

પ્રેમ વ્યસન નથી. ભાવુકતાનો ઉભાર પણ નથી. આને સંવેદનાત્મક ભાવુકતા સમજવી જોઈએ નહીં. આ આત્માની તરસ છે. એ એકાકી કેદીની માફક કાયામાં કેદ રહીને ગુજારો કરી શકતો નથી. તેનું કોઈ પોતાનું હોવું જોઈએ. તે કોઈનો થઈને રહેવા ઇચ્છે છે. મિલન દ્વારા જ આ દુનિયાનું સર્જન થયું છે. બ્રહ્માએ માયાનો સાથ લીધો, શિવે શક્તિનો પાલવ પકડ્યો. આ ન કર્યું હોત તો આ વિશ્વઉપવન અસ્તિત્વમાં જ ન આવત. સર્જનનો આધાર મિલન છે. રસાયણશાસ્ત્ર મિલનથી થતી અદ્‌ભુત સંભાવનાઓનું રહસ્યોદ્‌ઘાટન કરે છે. ઋણ અને ધન પ્રવાહોનું મિલન થયા વગર વિદ્યુત તરંગો ગતિશીલ થતા જ નથી. રતિ અને પ્રાણનો યોગ થયા વગર પ્રાણીઓનો જન્મ કઈ રીતે સંભવી શકે છે ? આમાં તો જે કાંઈ 'દિવ્ય' છે તે પણ જડની માફક મિલનની અપેક્ષા રાખે છે. 'આ અંતઃ મિલન' આત્માઓની સાચી અને નિકટતમ ઘનિષ્ઠતા ઉપર આધારિત છે. આને જ પ્રેમ કહે છે. જડ જગતમાં એક અને એક મળીને બે થાય છે. ચેતન જગતમાં એક અને એક મળીને અગિયારની ઉક્તિ જ પ્રચલિત છે. ખરેખર તો તે અસીમ અને અનંત બને છે. મિલન જ સર્જન છે તેમાંથી જ ઉલ્લાસ સ્ફૂરે છે અને પ્રગતિ કરવામાં સહસ્ત્રમુખી સંભાવનાઓ સામે આવે છે. આનાથી વિપરીત વિયોગ-એકાંત, એકાકીપણું એટલું ભયાનક છે કે તેને સહન કરવું મુશ્કેલ જણાય છે.

અણુને પોતાના પરિવારથી અલગ કરવામાં આવે તો તેનાથી ભયાનક વિસ્ફોટ થાય છે. અણુ વિખંડનની પ્રક્રિયા આજે વિશ્વને ગ્રસિત કરી શકવાની વિભીષિકા બની બેઠી છે. સતીના વિયોગમાં શિવ વિક્ષિપ્ત થઈ ગયા હતા. મૃત શરીરને ખભા ઉપર રાખીને તે તાંડવ નૃત્ય કરવા લાગ્યા જેથી સંસાર માટે સંકટ ઉત્પન્ન થઈ ગયું. પ્રેમવિહીન, એકાકી, સૂની વ્યક્તિ કેટલી કર્કશ થઈ શકે છે, કેટલી અતૃપ્ત અને ઉદ્વિગ્ન રહી શકે છે, તેનું પ્રત્યક્ષ ઉદાહરણ એવા આજના મનુષ્યને જોઈને તેનો અંદાજ સહેજે લગાવી શકાય છે.

વૈભવ વધ્યો તો બુદ્ધિના ચમત્કાર અને સાધનોનાં બાહુલ્ય પણ, પરંતુ અંતરંગને ભુલાવી દેવામાં આવ્યું. આમ શરીરને બધું જ મળ્યું હોવા છતાં પણ થયું કશું નહીં. અંદરની તરસે ભૌતિક ઉપલબ્ધિઓને નિરર્થક સિદ્ધ કરી માત્ર નિરર્થક જ નહીં, તે અનર્થનું મૂળ પણ થતી ગઈ. 'દિવ્ય'નું નિયંત્રણ ન રહેવાથી 'જડ' ઉચ્છૃંખલ સાબિત થયું. ઘાતક વિનાશકારી, ભયાનક અને સત્યનાશી, આ જ ક્રમ ચાલતો રહ્યો. પાછા ફરવા માટે, ભૂલ સુધારવા માટે, કશું જ કરી કે વિચારી ન શકાય, તો એ દિવસ દૂર નહીં હોય જ્યારે આ કહેવાતી પ્રગતિ મનુષ્યની અંદર રહેલા મનુષ્યને ખાઈ જશે અને માનવી નર-પશુ બનીને પ્રેત-પિશાચોની જેમ જ દુનિયાના સ્મશાનમાં આક્રંદભર્યો કોલાહલ કરતો જોવા મળશે.

પ્રેમ કેટલો સરસ, મધુર, સુખદ અને સર્જનાત્મક છે, એની એક ઝલક સાચા હૃદયથી સંબદ્ધ થયેલ દાંપત્યજીવનમાં જોઈ શકાય છે. આમ તો આ એક છાયામાત્ર છે, કેમ કે એમાં 'અર્થ' અને 'કામ'નાં અન્ય મૌલિક તત્ત્વ પણ સમાયેલાં હોય છે. પ્રેમ આ બધાથી ઊંચો છે. તેમાં ઉપેક્ષા નથી રહેતી, ફક્ત પોતાનું અનુદાન જ એટલું પ્રબળ હોય છે કે જેના આધાર ઉપર સાથીના સહયોગ વગર પણ પરિપૂર્ણ આનંદનો પ્રયત્ન કરી શકાય. મીરા, સૂરદાસ, તુલસી આદિ સંતોએ ભગવાનને પ્રેમ કર્યો અને પ્રતિદાનની અપેક્ષા ન રાખતાં પોતાના ઉત્પાદન વડે પોતાનું ઘર ભરી લીધું. મનુષ્યથી માતાની કંઈક અંશે ઉપેક્ષા કરવાનું શક્ય છે, પરંતુ અન્ય જીવોમાં જે માતૃભાવના જોવા મળે છે તે ઉદાર વાત્સલ્યને 'પ્રેમ' જ કહી શકાય. એ કેટલું મધુર અને સરસ છે, તે તો કોઈ માતાના હૃદયને વાંચીને જ જાણી સમજી શકાય છે.

પતિ-પત્ની, પ્રેમી-પ્રેયસીમાં 'પ્રેમ'ની છાયા જોઈ શકાય છે. છાયા એટલા માટે કે તેનાં આકર્ષણોમાં ભૌતિક કારણો જોડાયેલાં હોય છે અને એ આકર્ષણોમાં ન્યૂનતા આવતાં આધાર ડગમગતો જણાય છે. છતાં પણ છાયાને જોઈને મૂળ વસ્તુનું અનુમાન લગાવી શકાય છે કે તે કેટલું અધિક દિવ્ય અને કેટલું ઉલ્લાસપૂર્ણ હશે.

પ્રેમ આત્માની પ્રકૃતિ અને પ્રવૃત્તિ છે. આંતરિક વિકાસનો એક ક્રમ છે. 'સ્વ'ની સીમાબદ્ધતાનું ઉલ્લંઘન કર્યા વગર ભવબંધનમાંથી મુક્તિ નથી, જે પોતે પોતાનામાં જેટલો રત, જકડાયેલો હશે, તે તેટલો એકાકી હોવાનો અનુભવ કરશે. ન કોઈ આપણું, ન આપણે કોઈના, આ સ્થિતિ અત્યધિક ભયાવહ છે. આવો મનુષ્ય સ્વાર્થને ખાતર કોઈની પણ સાથે કંઈ પણ કરી શકે છે. તેની નૈતિકતા દરેક સીમાઓનું ઉલ્લંઘન કરી શકે છે. નૈતિક મર્યાદાઓ ફક્ત સહૃદયતા ઉપર અવલેખિત છે. કાનૂન અને સમાજના દંડથી છટકી જવું વર્તમાન ચતુરાઈને માટે ડાબા હાથનો ખેલ છે. સજ્જનતાનું ઢોંગભર્યું પ્રદર્શન કરવું કુશળ લોકો માટે જરા પણ મુશ્કેલ નથી. નીતિ અને સદાચારની વાસ્તવિકતા સહૃદયતા ઉપર નિર્ભર છે. બીજાનાં દુઃખને પોતાનું દુઃખ સમજવું, બીજાની સુખ, સુવિધાને પોતાના જેવી જ સમજવાની કોમળ સંવેદનાઓ જ્યાં સુધી અંતઃકરણમાં પ્રસ્ફૂટિત નહીં થાય ત્યાં સુધી કોઈપણ મનુષ્ય સાચા અર્થોમાં ન તો ચરિત્રવાન હોઈ શકે છે, ન ઉદાર. અન્ય પ્રત્યેની મમતાભરી કોમળ સંવેદનાઓના આ આધારને જ 'પ્રેમ' કહે છે.

શરૂઆતના અભ્યાસને માટે તે, સ્ત્રી, પુત્રો, સાથી સહયોગીઓના, સંત-સજ્જનોના માધ્યમ વડે પણ વિકસિત કરી શકાય છે, પરંતુ તેને તેટલા પૂરતો જ સીમિત રાખી શકાતો નથી.

પ્રેમ-ઈશ્વરની જેમ જ વ્યાપક તત્ત્વ છે, તેને સંકીર્ણ સીમાબદ્ધતાથી અવરોધી શકાતો નથી. વ્યાયામશાળામાં મહેનત કરીને પહેલવાન બની શકાય છે, પરંતુ તેનું કાર્યક્ષેત્ર અહીં સુધીનું જ સીમિત હોઈ શકે નહીં. પતિ-પત્ની ભરપૂર પ્રેમ કરે એ ઉચિત પણ છે અને આવશ્યક પણ. કેમ કે પ્રસુપ્ત પ્રેમભાવનાઓનો વિકાસ કરવા માટે, કૂંડામાં રોપેલા છોડની જેમ શરૂઆતમાં તે યોગ્ય છે, પરંતુ વિશાળ વૃક્ષના એ છોડને કાયમ કૂંડા સુધી જ સીમિત રાખી શકાય નહીં. થોડો વધવાની સાથે એવા સ્થાન ઉપર રોપવો પડે છે જ્યાં તેને વિશાળ વૃક્ષના રૂપમાં વિકસિત થવાનો અવસર મળે. પ્રણયબંધનના સમયે ગૃહસ્થાશ્રમની ચિંતા કરવી ઉચિત છે, પરંતુ

બાળ-ગોપાળના માધ્યમથી પ્રેમના ક્ષેત્રનો વિસ્તાર કરવા ઉપરાંત તેને વાનપ્રસ્થના માધ્યમથી વિશ્વવ્યાપી બનાવવાનું કદમ ઉઠાવવું જ જોઈએ. જે પ્રેમ બે વ્યક્તિઓ સુધી જ સીમિત રહી જાય તેને આંધળો અને અપંગની શ્રેણીમાં રાખવામાં આવશે. આ વાત પુત્ર, મિત્ર આદિના સંબંધમાં લાગુ પડે છે. આનાથી સ્નેહ, સદ્ભાવ વધારીને શુષ્ક પ્રેમ અંકુરોમાં હરિત અને પલ્લવિત કરી શકાય છે, પરંતુ તેની સાર્થકતા અને પૂર્ણતા તો વિશ્વપ્રેમના રૂપમાં પરિણત થવા પર જ શક્ય છે.

આજે પ્રેમભાવનાઓ રૂંધાઈ જવાના કારણે આંતરિક ખાલીપણું ઉત્પન્ન થયું છે. સાધનો હોવા છતાં પણ ઘોર દરિદ્ર જેવી દયનીય સ્થિતિમાં પડ્યા રહેવાનું એક જ કારણ છે, કોઈને પોતાનું અને પોતાને કોઈનું ન સમજવાની સંકીર્ણ સ્વાર્થપરતામાં રચ્યા રહેવું. ઇન્દ્રિય-સુખો, તૃષ્ણાઓ, વ્યક્તિગત સંપન્નતાની મહત્ત્વાકાંક્ષાઓમાં ચિંતિત મનુષ્ય-જાળમાં સપડાયેલ હરણની માફક છટપટાતો જ રહેશે. 'પર'ને 'સ્વ'માં અને 'સ્વ'ને 'પર'માં ઓગાળવાની પ્રવૃત્તિને વિકસિત કરીને જ જીવનના ખાલીપણા અને સૂનકારને ભરી શકાય છે, વ્યક્તિ અને સમાજમાં ઉલ્લાસ, ચરિત્ર અને ઉત્કર્ષનો ઉદ્ભવ 'પ્રેમ' પ્રવૃત્તિને વિકસિત કર્યા વગર કોઈ રીતે સંભવી શકશે નહીં.

ૐ

## પ્રેમની ધારા વહે કણ-કણમાં

અન્યને આપણે પ્રેમ કરવો જોઈએ, પરંતુ એ પ્રેમના પરિઘમાંથી પોતાની જાતને અલગ રાખવી ન જોઈએ. અન્યની સેવા-મદદ કરવી જરૂરી છે, પરંતુ તેનાથી પોતાને વંચિત રાખવા ન જોઈએ.

ખરેખર આપણે અન્યને પ્રેમ તો કરીએ છીએ સાથેસાથે પોતાના દુશ્મન પણ થતા જઈએ છીએ. વસ્ત્રોને સ્વચ્છ રાખીએ છીએ, પરંતુ શરીરને રોગોથી ગ્રસિત અને જેવું તેવું રાખીએ છીએ. વસ્ત્ર પણ પોતાનાં

છે, તેની સાર-સંભાળ રાખવી જોઈએ, તે ઢંગવાળાં અને પ્રભાવશાળી હોવાં જોઈએ, પરંતુ સાથેસાથે શરીરનું પણ એટલું જ ધ્યાન રાખવું જોઈએ. વસ્ત્રોસંબંધી સતર્કતા અને સુરુચિને જો શરીર સુધી પણ વિકસિત કરવામાં આવે તો જરૂર આહાર-વિહારની ઉપર ધ્યાન જાત અને કાયા આવી જીર્ણ-શીર્ણ મેલી, કચડાયેલી ન હોત, જેવી અત્યારે થઈ રહી છે.

પુત્ર અને પત્નીને સુખી, સમુન્નત અને સન્માનિત રાખવા માટે જરૂરી સાધન ભેગાં કરવાં ઠીક છે. જેને આપણે પ્રેમ કરીએ તેમની સેવા-સહાયતા પણ કરવી જોઈએ અને તેની સારી સ્થિતિમાં સંતુષ્ટ પણ થવું જોઈએ. આ દૃષ્ટિએ પુત્ર અને પત્ની માટે કરવામાં આવેલ પ્રયત્નોને ઉચિત જ કહેવામાં આવશે, પરંતુ મનરૂપી પુત્ર અને બુદ્ધિરૂપી પત્ની દયનીય સ્થિતિમાં રહે દુઃખ પામે, અપમાનિત, અભાવગ્રસ્ત અને અસંતુષ્ટ રહે, તેમના તરફ ધ્યાન જ ન જાય, આ પ્રકારની ઉપેક્ષાનો સ્વીકાર કઈ રીતે થઈ શકે ?

પુત્રને વંઠેલ થતો રોકીએ છીએ, કુસંગથી બચાવીએ છીએ, સુસંસ્કૃત બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ, પરંતુ શું એ બધા જ પ્રયત્નો આપણે મનને માટે કર્યા છે ખરા ? પુત્ર આ જન્મનો જ સાથી છે, છતાં પણ તેની વફાદારી છે. જ્યારે મન તો જન્મજન્માંતરો સુધી અભિન્ન સાથી, મિત્ર અને પુત્ર છે, તેની ઉદ્ધતાઈ, કુસંગતિ શા માટે સહન કરીએ છીએ, તેને રોકવાનો પ્રયત્ન શા માટે કરવામાં નથી આવતો ?

બુદ્ધિથી વધીને બીજી અર્ધાંગિની કોણ હોઈ શકે ? શરીર ન રહેતાં પત્ની વિખૂટી પડી જાય છે, નિરંતર સાથે રહેનારી અને પોતાની સમગ્ર ચેષ્ટાને એક જ કેન્દ્ર ઉપર નિયમિત કરનારી પત્ની કોની છે ? સ્ત્રીને પોતાનાં બાળકો, શરીર, પરિવાર, ભવિષ્યને પણ જોવાનાં હોય છે સાથેસાથે તે પતિની સુવિધાનું પણ ધ્યાન રાખે છે, પરંતુ બુદ્ધિરૂપી પત્નીની તો સમસ્ત ચેષ્ટાઓ પોતાના માટે જ સમર્પિત છે. તે દરેક જન્મમાં સાથે સતી થાય છે અને સાચા અર્થમાં અર્ધાંગિની બનીને રહે છે. તેને સુયોગ્ય, સુસંસ્કૃત, સન્માર્ગગામિની, સશક્ત અને સાધન-સંપન્ન બનાવવા માટે જે

સ્વાધ્યાય અને સત્સંગ આદિ એકત્ર કરવાની જરૂરિયાત હતી, તે વિદ્યા-વ્યવસ્થા ક્યાં ગઈ ? બુદ્ધિનું પોષણ જે વિદ્યાથી થાય છે તેના માટે આપણો પ્રયત્ન કેટલો ? શરીરની પત્નીને માટે બહુમૂલ્ય ઉપહાર મળે એ ઠીક છે, પરંતુ બુદ્ધિરૂપી અર્ધાંગિનીને રહેવા અને જ્યાં ત્યાં ભટકવા દેવામાં આવે તો તે શોભનીય નથી, પ્રેમથી તે બિચારીને વંચિત શા માટે રાખવી જોઈએ ?

અહંકારની તૃપ્તિને માટે બધો જ સરંજામ ભેગો કરવામાં આવ્યો. ઘણો બધો ઠાઠ-માઠ કરવામાં આવ્યો, પરંતુ આત્મા એક ખૂણામાં પડીને ડૂસકાં ભરતો રહ્યો. તેની ઇચ્છા-જરૂરિયાતને ક્યારેય સાંભળવામાં કે જાણવામાં ન આવી. ગધેડાને શાહીઠાઠથી શણગાર્યો પરંતુ ગાય તરસથી મરી ગઈ. આ પક્ષપાત નહીં તો બીજું શું છે ? આ એકાકી અસંતુલન શા માટે ? લોકમાં યશ-વૈભવ મેળવવાને માટે ભારે દોડ-ધામ કરવામાં આવે છે, પરંતુ પરલોકની વાત ક્યારેય વિચારવામાં પણ નથી આવી. ધર્મશાળા માટે દોલત ન્યોછાવર કરી દીધી, પરંતુ ઘર કહેવાતી તૂટેલી ઝૂંપડીનું છાપરું સુધ્ધાં ન બનાવ્યું. વર્તમાનને જ સામે રાખ્યો. ભવિષ્ય તો આંખોથી ઓઝલ જ રહ્યું. બહાર પ્રેમ વહેંચે અને અંદર નિષ્ઠુર થઈને રહે તો તેવી વાત શું યોગ્ય કહેવાશે ? બહારનાઓની ખુશામત, પોતાનાની ઉપેક્ષા, આ રીતિ-નીતિ કંઈ યોગ્ય તો નથી જ.

ૐ

# દ્વાર પ્રેમનાં ખોલ હૃદયમાં

મહાપ્રભુ ઈસુએ પોતાનાં શિષ્યોને કહ્યું - તમે મને પ્રભુ કહો છો અને મારા માટે બધું જ સમર્પણ કરવા ઇચ્છો છો એ ઠીક છે. બુદ્ધિ વડે જે કાંઈ પણ કરવામાં આવે છે, જે કોઈને માટે પણ કરવામાં આવે છે તે પાછું કરનારાની પાસે જ પહોંચી જાય છે. તમારી આ આકાંક્ષા ખરેખર તો પોતાના પ્રેમ કરવા, શ્રેષ્ઠ માનવા અને આત્માની સામે આત્મસમર્પણ કરવાના રૂપમાં જ વિકસિત થશે. દર્પણમાં સુંદર છબી જોવાની પ્રસન્નતા

ખરેખર તો પોતાની સુસજ્જતાની જ અભિવ્યક્તિ છે. અન્યની સામે પોતાની શ્રેષ્ઠતા પ્રગટ કરવી એના માટે જ સંભવ છે જે અંદરથી શ્રેષ્ઠ છે. પ્રભુના પથ પર ઉપાડવામાં આવેલું દરેક પગલું પોતાની આત્મિક પ્રગતિને માટે કરવામાં આવેલો પ્રયત્ન જ છે, જે કાંઈ અન્યને માટે કહેવામાં આવે છે તે ખરેખર તો પોતાના માટે કરવામાં આવેલું કર્મ માત્ર જ છે. બીજાની સાથે કરવામાં આવતો અન્યાય પોતાની સાથે થતો અન્યાય જ છે. આપણે આપણા સિવાય બીજા કોઈને પણ ઠગી શકતા નથી. બીજાની સાથે અભદ્ર વર્તન કરી પોતાની જાત સામે જ દુષ્ટ દુર્વ્યવહાર કરવામાં આવે છે.

અન્યને પ્રસન્ન કરવા, પોતાને પ્રસન્ન કરવાનો જ ક્રિયા-કલાપ છે. દડાને ઉછાળવાને પોતાની માંસ-પેશીઓને બળવાન બનાવવા સિવાય બીજું શું છે ? બોલને ઉછાળીને આપણે કોઈ ઉપકાર નથી કરતા. આના સિવાય એનું કોઈ નુકસાન તો નથી. જો રમત બંધ કરી દેવામાં આવે તો તે ક્રીડા ઉપકરણોને ક્ષતિ થઈ શકે? આપણે બળવાન થવાના આનંદથી વંચિત રહેવું પડશે.

ઈશ્વર રિસાયેલો નથી કે તેને મનાવવા માટે વિનંતી કરવી પડે. આપણાં કર્મ અને સ્વભાવ રિસાયાં છે. મનાવવા તો તેમને જોઈએ. આપણી જાતને જ, પ્રાર્થના કરીએ કે કપટ વિદ્યા છોડે. મનને મનાવી લીધું, આત્માને જાગૃત કરી લીધો તો સમજવું જોઈએ કે ઈશ્વરની પ્રાર્થના સફળ થઈ ગઈ અને તેની કૃપા મેળવી લીધી.

પડેલાને ઊભા કરવા, પછાતને આગળ વધારવા, ભૂલ્યાને રાહ બતાવવી, અને જે અશાંત થઈ રહ્યા છે, તેમને શાંતિદાયક સ્થાન ઉપર પહોંચાડી દેવા, આ ખરેખર ઈશ્વરની સેવા જ છે. જ્યારે આપણે દુઃખ અને દરિદ્રને જોઈને વ્યથિત થઈએ છીએ અને મલિનતાને સ્વચ્છતામાં બદલવા તરફ વધીએ છીએ, ત્યારે સમજવું જોઈએ કે આ કૃત્ય ઈશ્વરને માટે, તેની પ્રસન્નતાને માટે કરવામાં આવી રહ્યું છે. બીજાની સેવા-સહાયતા એ પોતાની જ સેવા-સહાયતા છે. આત્માને પરમાત્મામાં લીન

કરવા જે વ્યાકુળ થઈ ફરે છે તેની જ પ્રાર્થના સાર્થક છે. જે પોતાને પરમાત્મા જેવો મહાન બનાવવા તડપે છે, જે પ્રભુને જીવનના કણ-કણમાં વ્યાપેલ જોવાને માટે વિહ્વળ છે, જે તેમનો જ થઈને રહેવા ઇચ્છે છે, તેને જ ભક્ત કહેવો જોઈએ. અન્ય તો વિદૂષક છે. ફક્ત લેવાની આશાથી કરવામાં આવેલું ભજન ખરેખર પ્રભુ-પ્રેમનો નિર્મમ ઉપહાસ છે. ભક્તિમાં આત્મસમર્પણ સિવાય બીજું કાંઈ હોઈ જ ન શકે. ત્યાં તો આપવાની વાત જ વિચારાય છે, લેવાની ઇચ્છાની કસોટી જ ક્યાં રહે છે ? ઈશ્વરનો વિશ્વાસ સત્કર્મોની કસોટી પર જ પારખી શકાય છે. જેને ભગવાન ઉપર ભરોસો હોય તેની ગતિવિધિ અને નિર્દેશોમાં ક્યાં તાલ-મેળ હોય છે ? સંપૂર્ણ જીવન ભગવાન ભરોસે જ હોય છે.

આપણે આપણી જાતને પ્રેમ કરીએ જેથી ઈશ્વરને પ્રેમ કરી શકવા યોગ્ય બની શકીએ. આપણે આપણાં કર્તવ્યોનું પાલન કરીએ, જેથી ઈશ્વરની નજીક બેસી શકવાની પાત્રતા પ્રાપ્ત કરી શકીએ. જેણે પોતાના અંતઃકરણને પ્રેમથી ઓતપ્રોત કરી લીધું, તેનાં ચિંતન અને કાર્યશક્તિમાં પ્રેમ નજરે પડે છે. ઈશ્વરનો પ્રેમ ફક્ત તેને જ મળશે, જે દીપકની માફક સળગીને પ્રકાશ ઉત્પન્ન કરવા માટે તૈયાર છે. પ્રભુની જ્યોતિનું અવતરણ તેનામાં જ થશે.

ૐ

## લહેરાય પ્રેમનો સાગર

જેને આપણે પોતાના સમજીએ છીએ તેને પ્રેમ કરીએ છીએ. પોતાનું અસ્તિત્વ જેનામાં મેળવી ન શકીએ તેને પ્રેમ થઈ શકતો નથી. બીજા લોકો કરતાં પોતાના ભાઈ પ્રત્યે પ્રેમ અધિક હોય છે, કેમ કે તે આપણો સહોદર છે, ભાઈથી વધીને અધિક પ્યારો પુત્ર હોય છે, કેમ કે તે પોતાના અંશમાંથી જ ઉત્પન્ન થયો છે. પુત્ર કરતાં અધિક પ્રિય પત્ની હોય છે, કારણ કે તે અર્ધાંગિની છે. પોતાનાપણાનો આ દાયરો જેટલો સઘન થતો જશે તેટલા પ્રમાણમાં આ સંસાર અને તેના નિવાસી પોતાના લાગતા

જશે. કહેવાની જરૂર નથી કે આ આત્મીયતા જ આનંદની નિર્ઝરિણી છે. આપણે નિરંતર આ આનંદની અનુભૂતિ કરવી હશે તો પોતપોતાની જાતને પ્રેમયોગની આરાધનામાં જોડવી પડશે.

પ્રેમ નિર્મળ અને નિર્લોભી હોવો જોઈએ, તો જ તેનો સમુચિત આનંદ મળી શકે છે. લોભના કીચડમાં પાંગરેલા પ્રેમનું નામ તો મોહ છે. અતિશય મોહમાં વ્યક્તિ પરાધીન થઈ જાય છે. જો પ્રેમીપાત્ર એ અનુકૂળતા દર્શાવી તો સુખ, જો તે પ્રતિકૂળ થઈ ગયું કે ઉપેક્ષાભર્યું વર્તવા લાગે તો દુઃખ જે પ્રક્રિયાથી પરાધીન થવું પડતું હોય તે અધ્યાત્મ હોઈ શકતી નથી. પ્રેમ વિશુદ્ધ અધ્યાત્મની ઉપલબ્ધિ છે. તેમાં પ્રેમી સર્વથા સ્વાધીન રહે છે. તે કોઈની પણ અપેક્ષા નથી રાખતો. પ્રિય પાત્રની પણ ઉપેક્ષા નથી કરતો એટલા માટે તે શાશ્વત કહેવાયો છે. લોભયુક્ત મોહ જ્યાં હશે ત્યાં સાથીના દબાણનો અનુભવ કરવો પડશે. તેની મરજી ઉપર ચાલવું પડશે. જો તે અનુચિત હશે તો પણ સંકોચવશ તેને મનાવવાની વિવશતા રહેશે, પરંતુ જો તે નિર્મળ, ઉચ્ચ આદર્શ અને ઉદ્દેશના નિમિત્તે કરવામાં આવ્યો હશે તેમાં પ્રેમને અક્ષુધ્ધ રાખવા છતાં પણ સાથીની વાત માનવાનો ઇન્કાર કરવાની હિંમત રહેશે. પ્રેમનો અર્થ અવાંછનીયતા સામે માથું ઝુકાવી દેવાનો નથી, પરંતુ એ છે કે પ્રિયપાત્રની અનુપયુક્ત ગતિવિધિઓને સુધારી શકાય, મેળ પડતો ન હોય તો પણ સ્વયં તેમાં સહમત સામેલ ન થવાની છૂટ તો રહેવી જ જોઈએ. એવું ન થાય કે ઘનિષ્ઠતાની છૂટમાં લોભામણી પરિસ્થિતિઓ ઉત્પન્ન થાય. જો એવું થાય ત્યારે તો પ્રેમનું મૂળ સ્વરૂપ અને પ્રયોજન જ નાશ પામશે.

જ્યારે નર અને નારીની વચ્ચે પ્રેમનો વ્યવહાર ચાલી રહ્યો હોય ત્યારે એવા જોખમથી સાવધાન રહેવું જોઈએ કે તે જરાસરખું લપસવાનો અવસર આવતાં જ વિકાર ઉત્પન્ન કરી શકે છે અને તેમાં કામની પરિણતિ થઈ શકે છે. આ સંદર્ભમાં કોઈએ પણ પોતાની દૃઢતાની ડિંગ હાંકવી ન જોઈએ. વ્યાસ, વિશ્વામિત્ર, પરાશર, ઇન્દ્ર, ચંદ્રમા વગેરેના અગણિત એવા પ્રસંગ છે જેમાં તપસ્વી, વિદ્વાન, જ્ઞાની અને પૂરેપૂરા ગૃહસ્થ

સુખવાળી વ્યક્તિઓના પગ લપસ્યા છે. મનમાં જેટલું દેવત્વ છે એટલું જ બલ્કે તેનાથી પણ કંઈક અધિક માત્રામાં શેતાન મોજૂદ છે. જ્યાં દેવતા સન્માર્ગ ઉપર અડગ રહેવાનું સાહસ આપે છે, ત્યાં શેતાન પતન તરફ ઘસડવામાં કંઈ પણ કસર બાકી નથી છોડતો. કોણ જાણે કાયમ દેવત્વ જ વિજયી થતું રહેશે કે નહીં. અસુરોનો વિજય અને દેવતાઓના પરાજયના અગણિત કથાનકોના ઇતિહાસ પુરાણોમાં આલેખાયો છે. કોને ખબર આ આસુરી વિજય આપણી ઉપર પણ પ્રત્યક્ષ થઈ ઊઠે. અસ્તુ, જ્યારે નર-નારીની વચ્ચે ઘનિષ્ઠતા વધવા લાગે ત્યારે આ તથ્યને સૌ પ્રથમ આગળ રાખવું જોઈએ અને મર્યાદાઓના બંધનને એટલું કડક કરી લેવું જોઈએ કે પ્રેમને વાસના અને વ્યભિચારની વૃદ્ધિના કલંકથી કલંકિત થવું ન પડે.

મોટાની સાથે શ્રદ્ધા ભક્તિ અને નાનાની સાથે વાત્સલ્ય જાળવી રાખવાથી પ્રેમની ભાવનાત્મક મર્યાદા જળવાઈ રહે છે. નારી જો પોતાની બરોબરની અથવા તો થોડી મોટી હોય તો તેને બહેન, માતાજી જેવા શ્રદ્ધાવાચી શબ્દો સાથે સંબોધન કરવું જોઈએ અને એવા જ ઉચ્ચ ભાવ મનમાં લાવવા જોઈએ. તે જ રીતે જો તે નાની ઉંમરની હોય તો બેટી, બચ્ચી, મુન્ની જેવા શબ્દોમાં વાત્સલ્યની મીઠાશ ભરતા રહી સંબોધન કરવું જોઈએ, અને વયોવૃદ્ધ લોકો બાળકોની સાથે જેવો નિર્મળ, નિશ્ચલ અને સ્નેહ-સૌજન્યનો વ્યવહાર કરતા હોય છે, એવા જ સ્તરે પોતાની મનોભૂમિને ટકાવી રાખવી જોઈએ. આવી જ પ્રક્રિયા નારી તરફથી નરના માટે વર્તાવી જોઈએ. પ્રેમભાવ વધે તેનો વાંધો નથી, પરંતુ એ ધ્યાનમાં રહે કે આ બેધારી તલવાર ઉપયુક્ત પ્રયોજન માટે જ કામમાં લેવામાં આવે. એવું ન થાય કે અર્થનો અનર્થ થવા લાગે અને અમૃતની પરિણતિ વિષના રૂપમાં થઈ જાય.

ભૌતિકતાનો પ્રવાહ આજે દરેક વસ્તુને સ્પર્શવા લાગ્યો છે. તેણે પ્રેમ જેવા વિશુદ્ધ અધ્યાત્મ તત્ત્વને પણ અસ્પૃશ્ય નથી છોડ્યું. આજે પ્રેમ શબ્દનો પ્રચલિત અર્થ યુવા નર-નારીઓની વચ્ચે ચાલતી વાસનાત્મક

ગતિવિધિઓ જ તો છે. ઉપન્યાસ, વાર્તાઓ, ફિલ્મ, ચિત્ર, ગીત વગેરે કલાનાં દરેક અંગ જે રીતે પ્રેમની પરિભાષા કરવા લાગ્યાં છે તે અનુસાર વાસનાત્મક માંસલતાનું પ્રદર્શન, યૌન આકર્ષણ અથવા રૂપ યૌવનતા ઉચ્છૃંખલ ઉમંગોનું નામ જ પ્રેમ છે. આખું યુરોપ આવા જ પ્રેમનું દર્દી છે. લાંબાલચક પ્રેમપત્રોની જે રેલ દોડતી રહે છે, તેનું કેંદ્રબિંદુ વાસના જ હોય છે. તો આ દિવસોમાં આ પ્રકારના ખતરાથી ઘણું જ સાવધાન રહેવું જોઈએ અને એવા પ્રસંગોનો અવરોધ કરવો જોઈએ, જેનાથી પતનના લપસવાનો માર્ગ પ્રશસ્ત થતો હોય. નર નારીની વચ્ચે શાલીનતાની મર્યાદાઓનું કાયમ રહેવું પ્રેમપથમાં અવરોધ નહીં, પરંતુ સહાયક જ માનવું જોઈએ.

વ્યક્તિઓની વચ્ચે ઘનિષ્ઠતા વધવા લાગે ત્યારે તેનો સ્તર ઊંચો રાખવામાં સતર્કતા રાખવી જોઈએ. પ્રેમની સાથે આદરનો ભાવ જોડીને રાખવો જોઈએ. શ્રદ્ધા અને સન્માનને જોડી રાખવાથી અનુચિત વ્યવહારની ઈચ્છા થતી નથી. ઈચ્છા થાય તો શરમ આવે છે કે આવું કરવાથી તે આદરણીય વ્યક્તિના મનમાં પોતાની તુચ્છતાની છાપ પડશે અને તે આપણા વિશે કેવું વિચારવા લાગશે ? આવી મનઃસ્થિતિમાં પ્રેમનો દુરુપયોગ થઈ શકતો નથી જે પૂર્ણ સમાનતાની સ્થિતિમાં સંભવિત છે. મિત્રને પોતાની જ સ્થિતિમાં ગણી અથવા માની લેવામાં આવે છે ત્યારે પોતાની દુર્બળતા આ પ્રગટ કરવા અને અનુચિત લાભ ઉઠાવવામાં સંકોચ ન કરવાની વૃત્તિ ફૂલેફાલે છે. સંકોચ થવો તે શીલની નિશાની છે. પૂર્ણ નિઃસંકોચ આ દૃષ્ટિએ તો સારો છે કે વ્યક્તિ પોતાની મૂંઝવણ દૂર કરે પોતાનું હૈયું હળવું કરવા અને અન્યની સામે પોતાની સ્વાભાવિક સ્થિતિ રાખે. આવું કરવાથી પોતાની પ્રામાણિકતા અને સચ્ચાઈ પ્રગટ થાય છે તથા ભ્રમમાં રહેવાથી સતર્ક થઈ જાયં છે, પરંતુ નુકસાન એ છે કે નિઃસંકોચ જેવી મનઃસ્થિતિમાં વ્યક્તિ પોતાની દુર્બળતાઓને ફૂલવા-ફાલવાની છૂટ આપે છે અને ધનથી માંડીને અન્ય અનુચિત લાભ ઉઠાવવામાં સંકોચ નથી અનુભવતો.

જે વાતને કહેવામાં અને જે કામને કરવામાં સંકોચ કે થડકાટ અનુભવવો જોઈએ તેને કહેવા લાગે છે અને મર્યાદાઓનો બંધ તૂટતાં ફરી અવારનવાર પતન તરફ પગ ઉપાડવા લાગે છે. વ્યક્તિને એવા અવસરો ઓછા મળે છે જયારે નિઃસંકોચપણે સુધાર કે પ્રગતિની દિશામાં સહાયતા મળતી હોય. સામાન્ય રીતે આનું પરિણામ એક બીજાની દુર્બળતાઓનો સમન્વય કરીને ત્રીજી મોટી દુર્બળતાના રૂપમાં પરિણત હોવાનું જ હોય છે. બે–ચાર મળે છે તો સંયુક્ત રૂપથી નવું ષડ્યંત્ર બનાવે છે. બે વ્યભિચારી મળીને પતનની મોટી જાળ રચે છે. શિકારી જયારે પણ મળશે, હત્યાઓનો નવો ક્રમ શરૂ થઈ જશે. મનુષ્યની પતનોન્મુખ પ્રવૃત્તિઓ દબાયેલી કે છુપાયેલી રહે એ જ શ્રેયસ્કર છે. તેની ઉપર શીલ-સંકોચનો પડદો પડેલો રહેવો જ જોઈએ. ગંદા નાળાને ઢાંકેલુ રાખવામાં ન આવે તો તેની દુર્ગંધથી ત્યાંથી પસાર થનારાને અરુચિ તેમજ ઘૃણા જ પ્રાપ્ત થશે. ગુપ્ત અંગોને જેમ ઢાંકેલાં રાખવામાં આવે છે તેમ દુર્બળતાઓ ઉપર પણ આવરણ જ પડ્યું રહે એ ઉચિત છે.

પ્રેમની સાથે વિવેક અને કર્તવ્યનું સંતુલન રાખવું જરૂરી છે. એવું ન થાય કે આ ઉછાળો આંધી-તોફાનની જેમ બધી જ મર્યાદાઓને ઉખાડીને ફેંકી દે. લોખંડના થાંભલા જે તે જગ્યાએ એટલા માટે નાખેલા હોય છે કે તેનું યોગ્ય બેલેન્સ રહે. તે કોઈ પણ બાજુ ઢળતા નથી. બધી જ તરફનાં દબાણો, આકર્ષણોથી રહિત થઈને પોતાના સ્થાન ઉપર ઊભા રહે છે, જો થાંભલો એક બાજુ ઝૂકવા લાગશે તો બધી જ વ્યવસ્થા બગડી જશે. થોડો ઝુકાવ પૃથ્વીના આકર્ષણના કારણે વધારે ઝુકતો જણાશે. અંતમાં તે સ્વયં પડશે અને તેમાં જે વીજળીના તાર આદિ બાંધેલા હતા તેને પણ પોતાની સાથે જ નીચે પાડીને તોડફોડ કરી નાખશે. પ્રેમનું પ્રયોજન શ્રેયપથ ઉપર ચાલવાને માટે અન્ય સાથીની શોધ કરવાનું છે, જેથી લાંબી મંજિલમાં એકાકીપણું થકવવાવાળું તેમજ નીરસ પ્રતીત ન થાય. જેટલા સાથી હોય છે તેટલો જ રસ્તો સારી રીતે કપાય છે, પરંતુ આ સાથી એક દિશામાં ચાલનારા તથા એક પ્રકૃતિના હોવા જોઈએ.

મિત્રતા કરતાં પહેલાં એક પરીક્ષા તો કરવી જ જોઈએ કે સહચરમાં આદર્શવાદિતાના કેટલા ગુણ છે. અવાંછનીય અનૈતિક વ્યક્તિ તો સાધારણ પરિચયમાં જ સાપ, વીંછી જેવા ડંખ મારે છે અને પાગલ કૂતરાની જેમ આક્રમણ કરે છે, પછી જો તે ઘનિષ્ઠ થઈ જાય અને પ્રેમજાળમાં ફસાવી લે ત્યારે તો પછી દરેક પ્રકારે બરબાદી જ સમજી લેવી જોઈએ. આજના ફેશનના યુગમાં શત્રુ જેવું આક્રમણ મિત્ર બનીને જ કરવામાં આવે છે. વિશ્વાસઘાત એક પ્રકારનું ચાતુર્ય સમજવામાં આવે છે. માટે દરેક જણે સાચવી-સાચવીને આ માર્ગ ઉપર ડગ માંડવા જોઈએ અને વ્યક્તિ વ્યક્તિ વચ્ચે ઘનિષ્ઠતા-મિત્રતા સ્થાપિત કરતી વખતે હજાર વાર વિચારી લેવું જોઈએ કે ક્યાંક કોઈના ભાવપૂર્ણ વ્યવહારમાં પ્રેમજાળની દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટના તો ઘટિત થઈ રહી નથી ને ! કોઈ ચરિત્રહીન વ્યક્તિ પ્રેમીનું આવરણ ઓઢીને બહુરૂપી જેવું નાટક તો નથી રમતોને ! આ સંદર્ભમાં જરાસરખી ભૂલ થતાં ભાવુક અને વિશ્વસ્ત વ્યક્તિઓને કોઈ મોટી વિપત્તિમાં ફસાઈ જવાની સંભાવના રહે છે. યાદ રાખવું જોઈએ કે ચરિત્રવાન અને પ્રામાણિક વ્યક્તિ જ સાચા પ્રેમ-પાત્ર સિદ્ધ થઈ શકે છે. એટલા માટે ઘનિષ્ઠતા વધારતાં પહેલાં આ બાબતને પૂર્ણપણે ધ્યાનમાં રાખવી જોઈએ અને પોતાને સીધા ઊભેલા થાંભલાની જેમ સંતુલિત રાખવા જોઈએ, જેથી પ્રેમના નામે અનીતિ પ્રત્યે નમવાનો કે નમાવવાનો અવસર ન આવે.

વ્યક્તિગત પ્રેમની ચર્ચા પ્રસંગોપાત્ત કરવામાં આવી. ખરેખર આ મહાન અભિવ્યક્તિને આદર્શો માટે જ પ્રયુક્ત કરવી જોઈએ. આને જ ઈશ્વરની ભક્તિ કહે છે. ઈશ્વર ભક્તિનો અર્થ છે-આત્માની સમષ્ટિ-વિશ્વાત્માને પ્રેમ આદર્શો અને સિદ્ધાંતો પ્રત્યે નિષ્ઠા. જ્યાં ઉચ્ચ આદર્શ ચરિતાર્થ થઈ રહ્યો હોય ત્યાં જ આપણો પ્રેમ વરસે. દયા, કરુણા અને સેવાનું પાત્ર દરેક દીન-દુઃખી હોઈ શકે છે. પડેલાને ઊભા કરવા અને પછાતને આગળ લાવવાની સેવા પણ પ્રેમનું જ એક સ્વરૂપ છે. સેવા અને સહાયતાની પાછળ પવિત્ર ભાવના છુપાયેલી હોય છે, પરંતુ જો કોઈને

સાથી સહચર બનાવવું હોય અને ઘનિષ્ઠતાનો આનંદ લેવો હોય તો આ સ્તરનો પ્રેમ કાં તો આદર્શો સાથે જોડાયેલો રહેવો જોઈએ અથવા તો પછી કસોટી કરીને આદર્શવાદી ઉત્કૃષ્ટ વ્યક્તિઓમાં આ તત્ત્વનું આરોપણ કરવું જોઈએ.

આંતરિક ઉલ્લાસનો વિકાસ પ્રેમની અભિવ્યંજના ઉપર ટકેલો છે. ખરેખર તો આત્મા જ આનંદનો સ્રોત છે. અને તેને જે કોઈની ઉપર આરોપિત કરવામાં આવે તેને પણ આનંદની અનુભૂતિ થવા લાગે છે. મકાન, મોટર, ઝવેરાત વગેરે જ્યાં સુધી આપણાં છે ત્યાં સુધી અત્યંત પ્રિય લાગે છે અને તેની સુરક્ષા-સાવધાનીનું ધ્યાન કાયમ રાખવું પડે છે. જ્યારે તેને વેચી નાખવામાં આવે તો પછી તેના ખોવાવાનું તૂટવાનું જરા પણ દુઃખ થતું નથી. આ એક પોતાપણાનો જ વિસ્તાર અને સંકોચ છે. પોતાના ખિસ્સાના રૂપિયા ખોવાઈ જાય, ચોરાઈ જાય તો દુઃખ થાય છે અને એ જ રૂપિયા જ્યારે બીજાના હાથમાંથી ચાલ્યા ગયા કે ખોવાઈ ગયા તો જરા પણ દુઃખ નથી થતું, કેમ કે ત્યારે તે આપણા મટી પારકા થઈ ગયા હતા. પોતાના ઘેર છોકરો જન્મે તો આનંદ થાય છે. બીજાને ત્યાં જન્મે તો તે તરફ ધ્યાન પણ નથી જતું. આનાથી સ્પષ્ટ થાય છે કે પુત્ર, રૂપિયા, મોટર, મકાન, ઝવેરાત વગેરે પ્રિય નથી, પ્રિય પોતાપણું છે-આત્મીયતા છે તેને જે કોઈની સાથે જોડી દેવામાં આવે તે પોતાનું લાગે છે અને એ જ પ્રિય જણાય છે. સંસારની સમસ્ત વસ્તુઓને જો આપણી માની લેવામાં આવે તો, દરેકમાં આપણા જ આત્માના સમાવેશનો અનુભવ કરવામાં આવે તો આ સંસારમાં જે કાંઈ પણ છે તે બધું જ પ્રિય લાગવા માંડશે. આત્માનો પ્રકાશ પડતાં જ દરેક કાળી-કુરૂપ વસ્તુઓ પણ સુંદર દેખાવા લાગશે. પોતાની અભિવ્યક્તિઓને, અનુભૂતિઓને પરિષ્કૃત કરવી એ જ પ્રેમ તત્ત્વનું કામ છે. તેનાથી જેનું મન રહિત હશે તેને આ સંસારમાં બધું જ કુરૂપ અને અંધકારમય ભાસશે, પરંતુ પ્રેમનાં જ્યોતિ કિરણો જ્યારે અંતઃકરણમાં પ્રગટ થશે ત્યારે તેને બધે જ આલોક અને ઉલ્લાસ પ્રસરેલો જણાશે.

# પ્રેમ છે મૌન સાધના

ભગવાન બુદ્ધ પોતાના શિષ્યો સમેત પરિવ્રજ્યા પર જઈ રહ્યા હતા રસ્તામાં એક શિષ્યએ પૂછ્યું- "અમે લોકોની સાથે હંમેશાં સદ્‌ભાવપૂર્ણ વ્યવહાર કરીએ છીએ, પરંતુ બદલામાં અમને ઉપેક્ષા જ મળે છે, પ્રભુ ! આનું શું કારણ હોઈ શકે ?"

તથાગતે આનો કોઈ જ ઉત્તર ન આપ્યો, બપોર થઈ ગઈ અને તરસ લાગી. એક કૂવો દેખાયો. ત્યાં ડોલ અને દોરડું પડ્યાં હતાં. પાણી ભરીને ખેંચવામાં આવ્યું, પરંતુ ભરેલી ડોલ ઉપર આવતાં સુધીમાં તો ખાલી થઈ ગઈ, શ્રમ નિરર્થક જતાં ખેંચનારને દુઃખ થયું. સંયોગવશ અને પ્રશ્નકર્તા જ પાણી ખેંચી રહ્યો હતો તેને અહીં પણ અસફળતાજન્ય ખિન્નતા દુઃખ પહોંચાડતી હતી.

ભગવાન બુદ્ધે કહ્યું - "તાત ! આ ડોલમાં કાણું છે, જેથી કૂવો, દોરડું, શ્રમ બધાં જ સાધન હોવા છતાં પણ પાણી કાણાંમાંથી નીકળીને વહી જાય છે અને તૃપ્તિ લાભથી વંચિત રહેવું પડે છે. બસ એવી જ રીતે પ્રતિફળની ઇચ્છારૂપી છિદ્રો રહેવાથી મનુષ્યની સેવા-સાધના અને પ્રેમ-પ્રવૃત્તિ પણ સંતોષદાયક પરિણામ ઉત્પન્ન કરી શકતી નથી."

જોવામાં એ આવે છે કે સેવા-સહાયતા અથવા સદ્‌ભાવનો પ્રયોક્તા શરૂઆતમાં જ પોતાના અનુદાનના લાંબા-પહોળા પ્રતિફળનું સ્વપ્ન જુએ છે અને તેની વાંછના પ્રમાણેની પૂર્તિ ન થતાં ખિન્નતા અને ગુસ્સા ભરી નિરાશા વ્યક્ત કરે છે. આશાને અનુરૂપ અન્યની પ્રશંસા અથવા પ્રતિદાન મળવાની આકાંક્ષા વડે ઉદારતા અથવા આત્મીયતા વર્તવામાં આવે તો તેને કાણાવાળી ડોલની જેવા જ સમજવાં જોઈએ, જેનું અભીષ્ટ પરિણામ મળવું મુશ્કેલ છે. વ્યવહાર અને પ્રેમના અંતરને સમજી લેવું જરૂરી છે. વ્યવહાર પ્રતિદાન ઉપર અવલંબિત રહે છે. તેને વ્યવસાય અથવા આદાન-પ્રદાન કહે છે. સંસારના બધા જ કારોબાર આ આધાર ઉપર ચાલે છે. મજૂર કામ કરે છે. માલિક તેનું પારિશ્રમિક ચૂકવે છે. આજે ઘરે આવેલા

મિત્રને ચા પીવડાવી, કાલે તેના ઘરે જઈશું તો આપણે ચાની અપેક્ષા રાખી શકીએ છીએ, આ વ્યવસાય છે. મધુર વ્યવહાર પણ પ્રતિફળ ઉપર આધારિત હોય છે, કારણ કે (સંસારની) તે રીત આદાન-પ્રદાનના આધાર પર જ ચાલી રહી છે. મૂળ આધારમાં ઊણપ વર્તાતાં જ ઉપેક્ષા કે વિરોધરૂપે પરિસ્થિતિ બદલાઈ જશે.

જેમાં પરિણામ પ્રતિદાનની અપેક્ષા કરવામાં આવી હોય એવા પ્રકારની મધુરતા અથવા ઘનિષ્ઠતાને પ્રેમ કહી શકાતો નથી. વસ્તુઓની માફક વ્યવહારનું પણ આદાન-પ્રદાન થાય છે. વ્યવસાયમાં લાભ અને નુકસાન માટે તૈયાર રહેવું પડે છે. પોતાની સદ્ભાવનાનો એટલી જ સદ્ભાવનાના રૂપમાં પ્રત્યુત્તર મળ્યો તો જમા ખર્ચ સમજવું. વધારે મળે તો નફો. ઓછો મળે તો નુકસાન. ધંધામાં આવું તો ચાલતું જ રહે છે. આમાં દુઃખી થવાની કે ફરિયાદ કરવાની શી જરૂર ?

પ્રેમ આનાથી ઊંચી વસ્તુ છે. તે ન તો કોઈની ઉપર ઉપકાર કરવા માટે કરવામાં આવે છે, ન તો પ્રતિદાનને માટે. પોતાના અંતઃકરણમાં ભરેલા અમૃતના અવરોધાયેલા સ્રોતને ખોલવાને માટે ઓજારોની જરૂર પડે છે. જે વ્યક્તિઓ ઉપર આરોપિત કરીને આપણી પ્રેમપ્રવૃત્તિને વિકસિત કરવામાં આવે છે, તેમને ધન્યવાદ જ આપવા જોઈએ કેમ કે એટલા અંશમાં એટલા સમય સુધી આપણી પ્રેમસાધનાને વિકસિત થવા દેવામાં પોતાનો સહયોગ પ્રદાન કર્યો, પ્રતિદાન એટલું શું ઓછું હતું કે આપણે તેમની પાસેથી વધારે અપેક્ષા કરીએ. કૂવો ખોદવાને માટે ત્રિકમ, પાવડાનો ઉપયોગ કરવામાં આવે છે. પાણી તો કૂવામાંથી કાઢવાનું છે, જો પાવડામાંથી પાણી નીકળતું ન હોય તો એ જડ માધ્યમ ઉપર ગુસ્સો કરવાનો શો અર્થ ? પ્રેમ પોતાના અંતરંગમાંથી પ્રગટે છે અને તેના ઉભારથી આત્મતૃપ્તિ મળે છે. આ દુનિયામાં એવા લોકો ઓછા છે જે ખરેખર પ્રેમનું મૂલ્ય સમજે છે. તેમનાથી પણ ઓછા એ છે જેમનો આંતરિક વિકાસ એ મહાન અનુદાનનું પ્રતિદાન આપી શકવાને યોગ્ય થઈ શક્યું હોય, નહીંતર તો સામાન્યપણે રુક્ષ અને નીરસ લોકો જ સર્વત્ર નજરે પડે છે. લાંબા-લચક

વાયદા કરતા રહેવાની તથા પ્રેમીના અનુદાન વડે લાભ ઉઠાવતા રહેવાની કળાને ચતુર વ્યક્તિ સારી રીતે જાણે છે. તે પ્રકારનાં આશ્વાસનોને સાચાં સમજીને જેમણે પ્રેમ કર્યો તેમને બેવડું નુકસાન થશે. સમય આવતાં ખોટા સિક્કાની જેમ જ્યારે પ્રેમાસ્પદ નિર્લજ્જપણે વર્તશે ત્યારે આપણને ખરાબ લાગશે. બીજું એ ગુસ્સાની પ્રતિક્રિયાથી આપણા વિશ્વાસની ઈંટ હલી જશે અને પ્રેમ-પ્રવૃત્તિની આત્મસાધનાને અસફળતાનું મુખ જોવું પડશે. એટલા માટે વસ્તુસ્થિતિને શરૂઆતમાં જ સમજી લેવી જોઈએ.

મૂર્તિપૂજામાં પાષાણ પ્રતિમા પાસેથી કોઈ પણ પ્રત્યક્ષ લાભ દેખાતો ન હોવા છતાં પણ જે શ્રદ્ધાની સાથે ભક્તિભાવના કરવામાં આવે છે, તેવી જ રીતે મિત્ર કુટુંબીજનોને પણ એ જ સ્તરના માનીને કોઈ ને કોઈ પ્રેમાસ્પદ પસંદ કરવો જોઈએ અને બદલાની અપેક્ષાથી શરૂઆતથી જ દૂર રહેવું જોઈએ. આ રીતે ભલે પછી સીમિત પ્રેમ પ્રદર્શિત થઈ શકે, પરંતુ તે સાચો હશે. ભાવનાના અતિરેકમાં કોઈ સાથે પોતાના જેટલી જ ઘનિષ્ઠતાની આશા રાખીને ચાલવું એવી ભૂલ છે, જેમાં છેલ્લે તો પશ્ચાત્તાપ જ હાથ લાગે છે. કોઈ પહેલવાન પોતાનાં વ્યાયામનાં સાધનો પાસેથી એવી આશા રાખે કે તે પણ બદલામાં તેટલો જ સાથ આપશે તો એ આશા વ્યર્થ છે. સંસારમાં જડતાનું બાહુલ્ય છે. પ્રેમ-પથના પથિકે સમજીને જ ચાલવું જોઈએ નહીં તો તેને દગો થવાની આશંકા રહેશે.

પ્રેમ ખરેખર તો આદર્શ વડે કરવામાં આવે છે. મનુષ્ય તો ફક્ત તેનું માધ્યમ હોઈ શકે છે અને તે બદલી પણ શકાય છે. દુઃખીઓની સહાયતા કરવી, સજ્જનતાને સહયોગ કરવો, કર્તવ્ય માટે કષ્ટ સહેવાં જેવા આદર્શો વડે પ્રેમ કરવો જોઈએ. આને જ ઈશ્વરપ્રેમ અથવા તો ભક્તિસાધના કહે છે. આમાં અસફળતાનું કોઈ કારણ ક્યારેય ઉત્પન્ન થઈ શકતું નથી. કોઈ વૃદ્ધ બીમારને સડક ઉપર અસહાય પડેલો જોયો અને તેની સેવા-સહાયતા ઉદારતાથી કરી. આપણા માટે સંતોષ અને ઉલ્લાસને માટે આટલું કર્તવ્યપાલન જ પર્યાપ્ત છે. લોકમંગળની ચાલી રહેલી પ્રવૃત્તિઓમાં જોડાઈ જઈએ. તેમાં આપણાથી થતો સહયોગ કરી છૂટીએ. આટલું

કરવાથી આપણું અંતઃકરણ પુલકિત થઈ ઊઠશે. જો તે વૃદ્ધ બીમાર પાસેથી બદલો મેળવવાની અથવા લોકસેવામાં યશ મેળવવાની આશા રહેશે તો ત બંને પ્રયોજન ન તો કોઈ સંતોષ પ્રદાન કરશે, ન ઉલ્લાસ. ઊલટું બદલો ન મળવાના કારણે દુનિયાને ભાંડવાની ઇચ્છા પ્રગટશે, જેનાથી આપણું સંતુલન નાશ પામશે. આ નુકસાન તો સેવા ન કરવાના નુકસાન કરતાં પણ મોંઘું સાબિત થશે.

વ્યવહાર-વ્યવસાય અલગ વસ્તુ છે, તેને તેની રીતે માપી-તોલીને વેપારીબુદ્ધિથી કરવા જોઈએ. એવી દોસ્તી વધારી-ઘટાડી, તોડી શકાય છે જ્યારે જેની સાથે જેટલું પ્રયોજન સધાય ત્યારે તેને તેટલી કિંમતની ઘનિષ્ઠતા બતાવી દીધી. આ કળાને ચતુરતા કહેવામાં આવે છે. લોકો આને જરૂરી સમજે છે અને એનો પોતપોતાના દાવ-પેચ અનુસાર પ્રયોગ પણ કરે છે. જેને જરૂર હોય તે તેનો ઉપયોગ કરે. આમાં દિવ્ય પ્રેમને કશી લેવા-દેવા હોતી નથી. રંગ એકસરખો હોવાથી બગલો અને હંસ, કોયલ અને કાગડો એક હોઈ શકતાં નથી. ઉદારતા અને ઘનિષ્ઠતાભર્યો દેખાતો વ્યવહાર તે શ્રેણીમાં નથી આવતો, જેને દિવ્યપ્રેમ કહેવામાં આવે છે, જેના આધારે આત્મવિકાસ થાય છે અને સમાજમાં ઉચ્ચ પરંપરાઓની પ્રતિષ્ઠા થાય છે. આવો પ્રેમ તો નિઃસ્વાર્થ જ હોઈ શકે અને આદર્શો ઉપર આધારિત પણ. તેમાં ન તો અસફળતાને અવકાશ હોય છે, ન તો ફરિયાદનો પ્રશ્ન.

અભિલાષાઓ અને આકર્ષણોથી ગુંથાયેલા છાયા-પ્રેમમાં પ્રેમીની ઇચ્છાપૂર્તિ જરૂરી બની જાય છે, પછી ભલે તે ઉચિત હોય કે અનુચિત તેમાં સાથીનું દબાણ, આગ્રહ અથવા અનુરોધને પોતાની કોમળતા સહજ-પણે સ્વીકારી લે છે અને અનૈતિક આચરણમાં પણ સહયોગી થાય છે. આદર્શ તેમાં અડચણરૂપ થતો નથી. પ્રેમીની ખુશીને માટે એ પણ કરવામાં આવે છે, જેને અંતરાત્મા પ્રત્યક્ષ જ અનુચિત કહે છે. આવો પ્રેમ બંને પક્ષોએ કોઈને પણ માટે હિતકર સાબિત થતો નથી. પ્રેમ-વ્યવહાર ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકા છે. તેમાં અનૌચિત્યનું સંમિશ્રણ થઈ શકતું નથી. જે

કુમાર્ગે ચાલવાને માટે દબાવે છે તે દુષ્ટ અને જે દબાય છે તેને કાયર કહી શકાશે. જ્યાં દુષ્ટતા અને કાયરતા જેવાં અમાનવીય તત્ત્વો ઊભરાઈ રહ્યાં હોય, ત્યાં સાચા પ્રેમનું અસ્તિત્વ ક્યાંથી રહેશે. આવી ભાવુકતા અંતમાં તો મોંઘી જ પડશે અને નુકસાનનો સોદો સાબિત થશે. જ્યારે સાચા પ્રેમમાં આ પ્રકારના અનર્થને કોઈ અવકાશ હોતો નથી.

સાચા પ્રેમની ઘનિષ્ઠતામાં પ્રેમીને ઉચ્ચ આદર્શો તરફ ઘસડીને લઈ જવાની નિષ્ઠા ઓતપ્રોત રહે છે. ઇચ્છાઓની પૂર્તિ નહીં, ઇચ્છાઓનો પરિષ્કાર ઇષ્ટ રહે છે. પ્રેમ ઊભો થાય છે, પડતો નથી. આત્મહત્યા કરતા ભાઈને બળપૂર્વક ઘસડીને તે દુષ્કર્મથી દૂર કરી શકાય છે. ભલે પછી આ પ્રયત્નમાં લડવા-ઝઘડવાની અથવા માર-પીટની નોબત કેમ ન આવે. સામયિક પ્રસન્નતા-અપ્રસન્નતાને ખરા પ્રેમમાં સ્થાન આપવામાં આવતું નથી, પરંતુ દૂરગામી ભવિષ્ય અને આત્યંતિક પરિણામ જોવામાં આવે છે. જે આ પરીક્ષામાંથી પાર ઊતરે છે તે જ સાચો પ્રેમી છે. અત્યંત ભાવુકતાભરી આંધળી ઘનિષ્ઠતાને મોહ જ કહેવામાં આવશે. આ ક્ષેત્રમાં પ્રવેશ કરનારા છેલ્લે તો પ્રેમને ભાંડતા જ જોવા મળ્યા છે.

આત્માની તરસ છિપાવવા માટે, અંતઃકરણને પવિત્ર કરવા માટે, આત્મબળ વધારવા માટે પ્રેમ સાધનાની અનિવાર્ય જરૂરિયાત છે. શુષ્ક, નીરસ, એકાકી, સ્વાર્થી મનુષ્ય કેટલોય વૈભવસંપન્ન કેમ ન હોય, અધ્યાત્મની દૃષ્ટિએ તેને નર-પશુ જ કહેવાશે. જે કોઈનો નથી, જેનું કોઈ નથી એવો મનુષ્ય કોઈ પણ અનર્થ કરી શકે છે. તેને પોતાને પોતાનાથી ડર લાગશે અને પોતાના ક્રોધમાં જીવિત હોવા છતાં પણ મૃતકની માફક શેકાશે. પ્રેમ વિનાનું નીરસ જીવન ઘૃણાસ્પદ છે, તે મનુષ્ય જેવા વિકાસશીલ પ્રાણીને માટે દરેક દૃષ્ટિએ ખરાબ છે. સામાજિક દૃષ્ટિએ વ્યક્તિવાદ દરેક કસોટીએ ખોટો સાબિત થાય છે. જે જેટલો સામાજિક છે, તેટલો જ તે સારો વિશ્વ નાગરિક માનવામાં આવશે. સામૂહિક નિષ્ઠાની ઉદાર આદર્શવાદિતા એવી જ કોમળ સંવેદનાની પરિણતિ છે, જેને પ્રેમભાવનાના નામથી સંબોધિત કરવામાં આવે છે.

મનુષ્યનો આંતરિક તેમજ વાસ્તવિક ઉત્કર્ષ તેની પ્રેમભાવનાની ન્યૂનતા અને અધિકતા વડે જ કરવો જોઈએ. સમાજની પ્રગતિ, સ્થિરતા, શાંતિ, સમૃદ્ધિનો આધાર નાગરિકોની પારસ્પરિક સહાયતા સદ્‌ભાવન વડે જ અંકાવી જોઈએ. પ્રેમ આ ધરતીનું અમૃત છે અને મનુષ્યનો પ્રાણ, એ જેટલો વિકસિત થશે તેટલી જ સુખ-શાંતિની સંભાવના સાકાર થશે.

ૐ

# રાષ્ટ્રપ્રેમી સંત

તેઓ સંત હતા. સમાજસુધારક હતા. ધર્મ, દર્શન, સાહિત્ય અને સંસ્કૃતિના પ્રકાંડ વિદ્વાન હતા. સમાજ અને રાષ્ટ્રની સેવામાં તેમણે આખું જીવન જ અર્પણ કરી દીધું. પોતે ધીમે ધીમે પોતાની જાતને નીચોવી દીધી. તેમની દરેક પળ માનવકલ્યાણના હિતમાં જ વ્યતીત થતી હતી. કદાચ આ જ કારણે તે સમયે એવી કોઈ પણ વ્યક્તિ કે વિદ્વાન એવા ન હતા કે જે તેમનું સન્માન કરતા ન હોય, પરંતુ તેઓ ઘણી સાદગીથી અને ત્યાગી તપસ્વીની જેમ જ રહેતા હતા. રાષ્ટ્રના લોકો તેમને નાગેશ ભટ્ટના નામથી જાણતા હતા.

ક્હેવા માટે તો એ ભોલે શંકરની નગરી વારાણસીમાં રહેતા હતા, પરંતુ સમસ્ત માનવજાતિનું કલ્યાણ, તેમનું ધ્યેય હતું. તેથી તે સૌના વંદનીય હતા, આદરણીય હતા. આખું ભારતવર્ષ આદર સાથે તેમનું નામ લેતું હતું.

એક સમય એવો આવ્યો કે જયારે રાષ્ટ્રમાં ધર્મ, દર્શન, સાહિત્ય અને સંસ્કૃતિનું પતન થવા લાગ્યું, દેશમાં ધર્મના નામે આડંબર ચાલવા લાગ્યો. આ બધું જોઈ નાગેશ ભટ્ટનું સ્વાભિમાની મન દ્રવી ઊઠ્યું. તેમણે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી આર્ષ સાહિત્યની, ધર્મ અને દર્શનની રાષ્ટ્ર અને સંસ્કૃતિની વિકૃતિઓ, અવાંછનીયતાઓને સુધારી નહીં લઉં અને શુદ્ધ અને સાચા દર્શનનું નિર્માણ કરી નહીં લઉં ત્યાં સુધી બીજું કોઈ કામ કરીશ નહીં.

સાંજ સુધીમાં જે કાંઈ મળી જતું તે ખાઈ ને તે દિનભર આર્ષગ્રંથોની શોધ, પઠન, પાઠન, મનન, ચિંતન અને લેખન-સંકલનમાં જ રચ્યાપચ્યા રહેતા. આની વચ્ચે વચ્ચે સમાજ, રાષ્ટ્ર અને ધર્મ સંસ્કૃતિના ઉત્થાનને માટે પણ થોડોક સમય અવશ્ય કાઢતા હતા.પોતાની સંસ્કૃતિને જીવિત કરવાની અદમ્ય ભાવનાને લીધે તેઓ સ્વાસ્થ્ય ઉપર પણ ધ્યાન આપી શક્યા નહીં. તેમનો જે ધર્મ છે, જે પ્રકૃતિ છે તેનાથી તે દૂર રહી પણ કેવી રીતે થઈ શકે ? આમ સમયની સાથે સાથે તેમનું શરીર નિર્બળ તો થયું જ પરંતુ પીઠમાં ખૂંધ પણ નીકળી આવી. મૂર્ખ અજ્ઞાની લોકો હસતા અને કહેતા - આ જુઓ ભગવાનનું કામ. કહેવાય છે કે જે ધર્મની રક્ષા કરે છે, ધર્મ તેની રક્ષા કરે છે. ભગવાનને શું થઈ ગયું કે પોતાના આ પ્રેમીની રક્ષા પણ ન કરી શક્યા ? મૂર્ખ અજ્ઞાની લોકો તો ફક્ત કહેવા ખાતરના જ હોય છે. તેમનું કામ જ બોલવાનું હોય છે. તેઓ ફક્ત બોલી જ શકે છે કરી કંઈ જ શકતા નથી શકતા. તો નાગેશ પણ, તેમની વાતો એક કાનેથી સાંભળી બીજા કાનેથી કાઢી નાંખતા. બોલવાવાળા કોને ખબર કેવું કેવું બોલતા રહેતા, પરંતુ નાગેશ ઉપર તેમની કોઈ વાતની અસર થતી નહોતી. સાધુ સજ્જન આવા જ હોય છે. તેમની આ જ ઓળખ હોય છે કે કોઈ કંઈ પણ કહે તો તેમાંથી જે સારું છે તેને ગ્રહણ કરી લેવાનું અને ખરાબ હોય તેને કાઢી નાખવાનું. જેમ પોયણીનાં પાન ઉપરથી પાણી પડતાવેંત જ દડી જાય છે.

સમય વીતતો ગયો. તેમના ગહન ચિંતન-મનનનો સમય પણ વધતો ગયો. ઘરમાં કોઈ સાધન તો હતાં નહીં, તેથી તેઓ પોતાના ઘરની કાચી દીવાલોને અઢેલીને બેસી જતા હતા. જ્યાં તેઓ કલાકોના કલાકો ચિંતન-મનન, લેખનમાં વીતાવતા હતા. ખૂંધ તો તેમની પીઠમાં પહેલેથી નીકળી આવી હતી, એટલે જેના ટેકાથી તે બેસતા હતા એ દીવાલ ખૂંધમાં વાગતી, કષ્ટ આપવા લાગી. નાગેશ ભટ્ટને જ્યારે ખૂંધનું દુઃખ અસહ્ય થઈ ગયું ત્યારે તેમણે તે દીવાલમાં બાકોરું પડાવી લીધું. બાકોરું એટલું મોટું હતું કે જ્યારે તે દીવાલને અઢેલીને બેસતા તો ખૂંધ તેમાં

સમાઈ જતી અને તેમને કોઈ પ્રકારનું દુઃખ થતું નહીં.

આ પ્રકારની પોતાની ત્યાગ અને તપશ્ચર્યાભર્યા જીવનની વચ્ચે ભટ્ટની સાધના પણ નિરંતર ચાલતી રહી. સ્વાર્થી વિદ્વાનો દ્વારા લખવામાં આવેલ મિથ્યા વિચારો, શ્લોકોને પોતાના સાહિત્યમાંથી તેઓ એવી રીતે વીણી વીણીને કાઢતા રહ્યા, જેમ ખેડૂત ખેતરમાંથી ઝાડીઝાંખરાંને કાઢે છે. તેમની પંડિતાઈ તો પહેલાં જ સિદ્ધ થઈ ચૂકી હતી, તેથી તેમની યોગ્યતાની સામે કોઈ પણ પ્રતિક્રિયાવાદી ટકી શકતો ન હતો. એક દિવસ અચાનક મહારાજ પેશવા બાજીરાવે આ બધું સાંભળ્યું તો સ્તબ્ધ થઈ ગયા. સાચેસાચ આવો પણ પંડિત અને લગનશાળી તપસ્વી હજુ પણ આ દેશમાં હોઈ શકે છે તે બાબતે તેમને વિશ્વાસ થતો જ નહતો. તેમણે આવા મહાન સાધકના અને સંસ્કૃતિનિષ્ઠ દેવપુરુષનાં દર્શન અને સહાયતા કરવાનો નિશ્ચય કર્યો. પેશવા બાજીરાવ સ્વયં મહારાષ્ટ્રથી વારાણસી ચાલીને પહોંચ્યા. ખરેખર જેવું સાંભળ્યું હતું, તેવું જ જોયું. નાગેશ ભટ્ટનું શરીર કાળનો કોળિયો થઈ રહ્યું હતું, પરંતુ એતો મસ્ત બની પુસ્તકોના ઢગલા જમા કરી પોતાની સાધનામાં લાગી પડ્યા હતા, જાણે સંસાર તેમના માટે કોઈ સ્મશાન જેવો હોય, જયાં ન તો કશું દર્શનીય હોય છે, ન સંગ્રહણીય. સંસારમાં કંઈક ભૌતિક સુખ પણ હોય છે, તેની તેમને ખબર ન હોતી.

પેશવાએ તેમને જોયા તો આંખો ભરાઈ આવી. પોતાના દુર્ભાગ્ય ઉપર તેમને ઘણો પશ્ચાત્તાપ થયો. આવા મહાપુરુષને બહુ પહેલાં સહયોગ આપવા જેવો હતો. સંભવ છે ત્યારે તે અત્યારના કરતાં હજારગણું અધિક કામ કરી શક્યા હોત.

બાજીરાવે આગળ વધી તેમને પ્રણામ કર્યા અને ઘણા આદર સાથે કહ્યું - "આચાર્ય શ્રેષ્ઠ ! આજ્ઞા આપો તો હું તમારી કંઈક મદદ કરી શકું, એ મારું મોટું સૌભાગ્યં હશે."

ધ્યાનભંગ થતાં નાગેશે માથું ઊંચું કરીને જોયું અને પેશવા બાજીરાવને ઘણા જ સાહજિકભાવથી હસીને કહ્યું "હા મહારાજ ! આત્માના અસ્તિત્વને પ્રમાણિત કરવા માટે એક સૂત્ર મુશ્કેલીથી હાથ આવ્યું છે,

પરંતુ તેનું સ્પષ્ટીકરણ થતું નથી. આપ એમાં મારી સહાયતા કરશો તો આપની મોટી કૃપા થશે." આર્થિક સહાયતા કરવા આવેલ મહારાજ પેશવા આ સાંભળી સ્તબ્ધ થઈ ગયા, બોલ્યા - "આપની સાધના અદ્વિતીય છે અને જેની આવી સાધના હોય છે, તેમની સફળતાને કોઈ રોકી શકતું નથી." ભટ્ટ બોલ્યા - "મહારાજ ! એ તો સત્ય જ છે, એમાં બેમત નથી. સહાયતા ફક્ત શરીરની થઈ શકે છે. આત્માની નહીં માટે રાજન ! તમે તકલીફ ન લો, અમને કોઈ સહાયતા નથી જોઈતી અમને ફક્ત એટલી જ જગ્યા જોઈએ, જેમાં હું રહું છું. બસ, બીજું કશું જ નથી જોઈતું." પેશવા કશો જ ઉત્તર આપી ન શક્યા તેઓ ચાલી નીકળ્યા.

• • •

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.